યુનિયન પ્રેસ-મુંબઈ.
ઇ.સ.૧૮૯૨.

નર્મકવિતા.

ખંડ ૧—ઈશ્વર સંબંધી.
ખંડ ૨—નીતિ સં[…]ધી.

કિંમત રૂ૧॥.

નર્મકવિતા.

ગ્રંથ ૧.

ખંડ ૧.—ઇશ્વરસંબંધી.
ખંડ ૨.—નીતિસંબંધી.

(દોહરો.)

નીતિધર્મનાં જ્ઞાનથી, સુખ અહિં તહિં બહુ થાય;
સર્વ વિઘ્ન આઘાં ખસે, મનમળ નિકળીજાય. ૧.

નર્મદાશંકર લાલશંકરે

છપાવ્યો.

મુંબઈ.—યુનિયન પ્રેસ.
જુલાઈ, સને ૧૮૬૨.

કિંમત રૂ. ૨॥.

અનુક્રમણિકા.

ખંડ ૧.

અનુક્રમણિકા.

ખંડ ૨.

નર્મકવિતા.

ખંડ ૧.

ઈશ્વર સંબંધી.

ઈશ્વર કોણ?

(દોહરા.)

તે ઈશ્વર તે દેવ જે, સરજાવે સંસાર;
જે રચનામાં નહિં મણા, તે રચના કરનાર. ૧
ઘાટ ઘડ્યા અદ્ભુત સહૂ, પણ કરનારો એક;
એજ ખુબી જગદીશની, મોટો જેનો ટેક. ૨
ઘાટ ઘડ્યા પણ ઘાટમાં, પોતે ના દેખાય;
વ્યાપક તે સઘળે રહી, અંતરજામી થાય. ૩
નિરાધાર પોતે છતે, સહુને તે આધાર;
ઇચ્છા આકર્ષણ વડે, કર્યું સર્વ તૈયાર. ૪
ન્યારી ન્યારી શક્તિયો, ન્યારા ન્યારા ગુણ;
દેવ દેવિના નામથી, રૂપ રૂપની ખૂણ. ૫
રૂપ કવીની કલ્પના, નહિં સાચો વીચાર;
નિરાકાર જે સર્વદા, તે ના લે અવતાર. ૬

અદ્‌ભુત શક્તિ જ તેહની, આહા શૂં વર્ણાય ?!
તર્ક સિંધુ તીરે જતાં, ધસી પડી ડૂબાય. ૭
જય જય જય જગદીશ જય, જય અવ્યય અવિનાશ;
જય વિશ્વંભર નાથ જય, જય ચિદ્‌ઘન આકાશ. ૮

ઈશ્વરપ્રાર્થના.

જેની શકતીથી થયાં, ભૂ જળ ગિરિ આકાશ;
જસ જેના બહુ બહુ વળી, વંદૂં તે **અવિનાશ.** ૧
સૂર્ય શશિ ગ્રહની ગતિ, રાત્ર દિવસ ઋતુ સાર;
ધાતૂ ઝાડ જનાવરો, સહુને તુજ આધાર. ૨
તજવીજો સંસારમાં, કીધી શી ભગવંત !;
ચતૂરાઈ પરમાર્થમાં, હાપણમાં તું અનંત. ૩
તુજ નીતીનાં રાજમાં, પાળ મને **પરમેશ;**
સદ્‌ગુણમાં હરઘડિ રમૂં, એજ કરવ ઉદ્દેશ. ૪
અપરાધી પાપી ઘણો, કરૂં હૂં નિર્લજ કામ;
તે સહુથી ઊગાર તૂં, કરગરિ કહું **સતનામ.** ૫

ઈશ્વર સઘળું જોયછે.

સર્વ શક્તિ ધરિ તેં **હરી,** તીક્ષ્ણ આંખથી જોય;
બને વાત બહુ ખૂણમાં, દીલ ગુફામાં હોય. ૧
જેને જાણૂં ગુપ્ત હૂં, તેનો નહિં તું અજાણ;
છાનાં કામ નિહાળતો, જબરો જગનો ભાણ. ૨

જે જે પાપ કરૂં સહૂ, ભણું હૂં ભૂંડાં વેણ;
તેને રે નોંધી કરી, કરે તું કરડાં નેણ. ૩
મુઆ પછી ઇનસાફમાં, વંચાએ સહુ જેહ;
જમે ઉધારો અહિં કર્યા, પુણ્ય પાપના તેહ. ૪
ઓ બાપ કર માફ તૂં, બેશરમાં મુજ કામ;
શૂં મ્હોડૂં લઇ આવું હૂં, પગ પાસે શુભનામ. ૫
પાપ કરૂં હૂં નહિં કદી, એ મારો ઠેરાવ;
કાંકે પ્રભુ પળપળતણો, જોએ ગુપ્ત બનાવ. ૬

(મિશ્ર.)

ઈશ્વરની મોહોટાઈ.

જેણે આ દુનિયાં રચી, તે ન્હાનો કયમ હોય?;
અગણિત ગુણ છે તેહના, રહેમથકી બહુ જોય. ૧
કુદરતિ સાદો ઘાટ કો, ઘડવા ભીડે હામ?;
મથિ મથિ તજવિજ કરિ મરે, પણ ન સરે કંઈ કામ. ૨
પવન પાણિ ધરતી વળી, આતશ ને અસમાન;
કુદરત એ રંગે ભરી, ઘણું ઘણું તેનૂં માન. ૩
આફત જો આવે ઘણી, ઉપાય ના દેખાય;
તે વેળા સંભારતાં, ઝટ તે મદદે થાય. ૪
ઉથાપવે ને થાપવે, તે સરખો નહિ કોઇ;
ઘડી ઘડીની છાનિ તે, જાણી લે સહુ જોઈ. ૫
પાપીને શિક્ષા કરે, ભકતને રાખે પાસ;
કીડી ને કુંજર તણી, સહુની પૂરે આસ. ૬

નમૂં નમૂં તે દેવને, આવો મોટો જેહ;
નીતી પાળી રોજ હૂં, રાજી રાખૂં તેહ. ૭

ઇશ્વરપ્રાર્થના.

ઝાઝા જસ પરમાર્થમાં, દીનબંધુ જગરાય;
દયા તણા દરિયાવ તું, હોલવ મારી લ્હાય. ૧
આ ભવસાગરમાં તરૂં, બળતો બળતો રોજ;
ખળખળતાં પાણીવિષે, ડુબિ જઈ નથિ મરતો જ. ૨
અંધારૂં બીહામણૂં, નહીં કોઈની ઊંફ;
તોપણ રે સહવાસથી, સુખ માન્યૂં મેં ઊંચ. ૩
દૈવજોગથી તો ઉગ્યો, પ્રેમચંદ્ર સુખકાર;
થયો નહીં રળિયાત હૂં, જાણ્યો માયાકાર. ૪
ધીમે ધીમે ચાંદની, આવી મારી પાસ;
જ્ઞાન છતે મેં ભોગવી, બાંધી સુખની આશ. ૫
તેને મન હૂં બહુ વસ્યો, મારે મન વસિ તેહ;
થોડા દિન મેં રંગમાં, કાડ્યા બાંધી સ્નેહ. ૬
એ દિવસોમાં પણ વળી, બહૂ રુદન થતું જાણ;
પણ પાસેની ઊંફથી, કંઈ ન જણાએ માન. ૭
છૂટ્યો બહુ વંટોળિયો, ચડિ આવ્યૂં આકાશ;
ગઈ ચાંદની સેજમાં, પાછો થયો નિરાશ. ૮
થોડિવાર જાણ્યૂં નહીં, શૂં થઈ ગયું આ ઠાર;
ધીરજથીજ વિચારતાં, સમજ્યો સઘળો ઠાઠ. ૯

સમજૂં પણ દુખ પામુછૂં, અહિંથી તહિં હૂં જાઉં;
અકળાણિ કુટાઉં ને, સિઝાઈ રાતો થાઉં.　૧૦
થાકે ઝોકૂં આવતૂં, પણ નહિ મંન નિરાંત;
છોળ પછાડે દૂર લૈ, અંધારૂં દિન રાત.　૧૧
દુઃખ મનેછે એહવૂં, કેતાં ગળું ગુંગળાય;
વીતે તેવૂં તેટલૂં, કદી નાજ વરણાય.　૧૨
મને વીતતૂં જોય તૂં, કયમ તુજથી જોવાય;
નિર્દય કાંરે થાયછે, દયાળુ તો કહેવાય.　૧૩
પણ નથિ નિર્દય હૂં ચુક્યો, સાચો ન્યાઈ છેજ;
વાંકથકી હૂં ભોગવૂં, શિક્ષા મોટી છેક.　૧૪
ભોગવ્યું મેં બહુરે હવે, બાપા દીલ વિચાર;
બ્હાર કાડ દુખમાંથકી, એજ માગું દિલદાર.　૧૫

મૂર્તિ વિષે.

ઉપજવૂં રેવૂં જવૂં, એ દુનિયાના નીમ;
જે શાકતી પરમેશ્વરી, જેની નહિં કંઈ સીમ.　૧
જગ કર્ત્તા નિર્ગુણ છતે, કવિયે ત્રણ ગુણ દીધ;
બ્રહ્મા વિષ્ણુ મહેશ તે, નામ સગુણ એ સિદ્ધ.　૨
મૂરખ માને મૂરતી, જેને નહિં આધાર;
કવિ કલ્પિત સહુ વાત તે, નહિં કંઈ વિશ્વાધાર.　૩
નિર્જિવને જિવ આપતા, વાત ઠસવવાકાજ;
પણ તેમાં નહિં સત્ય કૈં, નિરંકુશ કવિકાજ.　૪

જ્ઞાન ઈશ્વરી ઠાંસવા, ધર્મ નીતિની વાત;
કવિયે કીધી જુક્તિ પણ, બગડ્યો ભોળો સાથ. ૫
આજ કાલ પ્રતિમાથકી, અનાચાર જે થાય;
તેથી તો તોબા ખરે, સકળ સુકૃત ધોવાય. ૬
વગોવાય બહુ ભક્તિ ને, અનીતીજ ફેલાય;
તજિદો તે સહુ માનવી, હરિ વળિ રાજી થાય. ૭
જગ લીલા ગાઓ બહૂ, નીતીને સજિ લો જ;
માનસિકજ પૂજા કરો, નિરાકારની રોજ. ૮

ઈશ્વરપ્રાર્થના.

પ્રભુ પ્રેરણા દોરવે, ભવે મનુજને જાણ;
હોકા વાયૂમાપથી, દરિયો એડે વ્હાણ.
જેને જ્યમ નિર્માણ કિધ, ત્યમ તેને દેખાય;
મરડિ મચેડી વાળતે, નહીં સુધારો થાય.
પ્રભુ જાણી મારી દયા, પ્રેર બુદ્ધિ શુભ કાજ;
પ્રભુ છે મારી દુર્દશા, પ્રેર સૂચના આજ.
તૂંજથકી સહુ થાયછે, હમે નિમિત કુણ માત્ર;
ગર્વથકી અપયશ મળે, વળી દુઃખ દિન રાત્ર.

ઈશ્વર તથા મોત વિષે વિચાર.

(ચોપાઈ.)

ધરતી દરિયા ને આકાશ, તે તારી કીર્ત્તિ પ્રકાશ;
જહાં દેખૂં ત્હાં ભારી કામ, નહિંરે ફોકટ કંઈ પણ ઠામ. ૧

જસ છે મોટા તારા બાપ, પ્રભુ મુજને તૂં ભક્તિ જ આપ;
નીતિસંગ સદાએ થાપ, અહિંના સંકટ સર્વે કાપ. ૨
જે જે કીધા તેં રે નીમ, જેની નહિં વળિ કાંઈ સીમ;
તે સહુ ડહાપણના ભંડાર, ઉપયોગી મોટા આધાર. ૩
તારી આજ્ઞા સાચી વળી, પવિત્ર ને ઇનસાફી ભલી;
દીલ ઉલટથી પાળૂં સદા, પડે ભીડ પછી નહિં કદા. ૪
મોહજાળમાં રોજે ફસૂં, પણ તારી કિરપાથી ખસૂં;
મરણ દંડ તે સારો કીધ, જે ભોથી મેં શિક્ષા લીધ. ૫
મરણ ઝડપસે કો દી ખરૂં, તે ભોથી કેમે નીસરૂં;
નીતિભજનની સંગે રહૂં, તો તે ભો નડશે નહિં લહૂં. ૬
માણસ મરિ બે વાટે થાય, કાં નર્કે કાં સ્વર્ગે જાય;
પણ હું નહિં કંઈ નર્કે ન્હાઉં, પુણ્ય કરી સ્વર્ગે સોહાઉં. ૭
માટે પ્રભુ જાચુંછૂં તને, સતમારગ દરસાવે મને;
આ જિવ જસ ગુણ તારા ગાય, તો તૂં મુક્તિ જ દે જગરાય. ૮
(મિશ્ર.)

મૂળાક્ષરને શિક્ષા.

૧. એ આ અચ્યુતને આરાધ, જેના જસ ગુણ છે જ અગાધ;
અક્ષય કીર્તિ જ તેની એક, બીજાની ઝટ જાયે છેક;
કર્મ કરંતાં નાવે બાધ, એ આ અચ્યુતને આરાધ.
૨. કક્કા કર કંસારિનિ સેવ, છાંડી દઇ ખોટો અહમેવ;
દોષ વિનાનો તેને જાણ, ગુણ સાગર નાગર નિરવાણ;
તજી કરી સહુ નરસી ટેવ, કક્કા કર કંસારિનિ સેવ.

૩. ખખ્ખા ખગપતિપતિને ખોળ, અવર ન આવે તેને તોલ;
દેવ દૈત્યના દર્પો હર્યા, ભક્ત જંન સુખિયારા કર્યા;
પાપ ધુએ તે નામનિ છોળ, ખખ્ખા ખગપતિપતિને ખોળ.
૪. ગગ્ગા ગાની ગુરૂ ગોવિંદ, તાપ હરે ભવના વ્રજચંદ;
રાસ રમ્યો ગોપીની સંગ, તોપણ નહિં નીતીનો ભંગ;
સહુ જનના સુખનો તે કંદ, ગગ્ગા ગાની ગુરૂ ગોવિંદ.
૫. ઘઘ્ઘા ઘટઘટમાં ઘનશ્યામ, જાણી લે તે અંતરજામ;
મોહ મદે મા ભૂલિશ લેશ, તેથી તો વાગે બહુ ઠેસ;
ભય રાખીને કરજે કામ, ઘઘ્ઘા ઘટઘટમાં ઘનશ્યામ.
૬. ચચ્ચા ચતુર્ભુજે ચિત રાખ, માયામાંથી કાડી નાખ;
અહિંતું સંચૂં અહિયા રેહ, પુણ્યવિના શૂં સાથે કેહ;
કાયા તેપણ થાશે ખાખ, ચચ્ચા ચતુર્ભુજે ચિત રાખ.
૭. છછ્છા છેલછબીલા લાલ, જોયાં કર ના ડંસે કાળ;
નવરસને સરજાવ્યા સાર, જેમાં મોટો છે શૃંગાર;
અમરત પાએ રૂપ રસાળ, છછ્છા છેલ છબીલો લાલ.
૮. જજ્જા જગજીવનને જાણ, તન મન ધન અરપી પરમાણ;
ખરો ભરોંસો તેનો માન, સંકટમાં સંભાળે જાન;
સાચે ભાવે નીતી નાણ, જજ્જા જગ જીવનને જાણ.
૯. ઝઝ્ઝા ઝગમગજ્યોતિજ ભાળ, મનકોડે કરિ ઝાક ઝમાળ;
સંશય કચરો દૂરજ થાય, જ્ઞાન ખાણ તે ઝટ ખોદાય;
સેલી થઇ જાએ જંજાળ, ઝઝ્ઝા ઝગમગ જ્યોતિજ ભાળ.
૧૦. ટટ્ટા ટેકે ટેડો હરી, ન્હાળી લે નહિં નરતન ફરી;
કજીઆ ટંટા ટાળી કરી, નીતી ટેકે ધરજે ખરી;
સમરણ કરતાં મારે અરી, ટટ્ટા ટેકે ટેડો હરી.

૧. ઠઠ્ઠા ઠાકુરજી આધાર, જેણે પેર્યા યરા ફુલં હાર
કનકતણા સંગી છે સહૂ, નથિ સંગી પ્યારી પણ વહૂ;
ઠાઠમાઠ ઠઠ્ઠે નહિં સાર, ઠઠ્ઠા ઠાકુરજી આધાર.
૧૨. ડડ્ડા ડાકુરનો શ્રી ભૂપ, મનમાં રાખી રેજે ચૂપ;
વલવલતો ના થઈ લગાર, ધરજે અંગે નીતી ભાર;
પાર પાડશે પ્રભૂ અનૂપ, ડડ્ડા ડાકુરનો શ્રીભૂપ.
૧૩. ઢઢ્ઢા ઢોરચરાવનહાર, ઢૂંઢીલે તે ઠારોઠાર;
ઢોર રૂપ મનઈંદ્રી જાણ, કૃષ્ણ કરે આકર્ષણ માન;
સેજ ચલાવે તે સંસાર, ઢઢ્ઢા ઢોર ચરાવન હાર.
૧૪. તત્તા ત્રીકમ સર્વોત્તંમ, તેનિ કૃપાથી હણજે તંમ;
ભજવાની ત્રેવડમાં રેહ, અળસાઈસ મા કરી તરેહ;
મન માન્યૂં લેવાને નંમ, તત્તા ત્રીકમ સર્વોતંમ.
૧૫. થથ્થા થંભ જગતનો આદ, યાદ કરંતાં પડે સવાદ;
થાપણ ભકતી ને દાનની, તેજમાત્ર અહિં તહિં કામની;
મદી પુરુષના તોડે નાદ, થથ્થા યંભ જગતનો આદ.
૧૬. દદ્દા દામોદર છે દક્ષ, તેપર આલ તું પૂરો લક્ષ;
દીન હીનને દેજે દાન, સાન રાખજે નહિં કંઇ કાન;
ખરી વાતનો કરજે પક્ષ, દદ્દા દામોદર છે દક્ષ.
૧૭. ધધ્ધા ધરણીધર ભજ વીર, ભવરણમાં રાખી મન ધીર;
સરે ધિરજથી સઘળૂં કામ, પણ કર મેનત આઠેજામ;
સદા આંખમાં રાખી હીર, ધધ્ધા ધરણી ધર ભજવીર.
૧૮. નન્ના નારાયણથી રાચ, નરહરિ કોની ના લે લાંચ;
રખે માનતા માને કદી, એમ કરેથિ વળે નવ દી;
જોબનમાં મા થન થન નાચ, નન્ના નારાયણથી રાચ.

૧૯. પપ્પા પ્રેમાનંદસું પ્રીત, કરવાસારૂ ખાજી ઝીંત;
લપટાયો બીજીમાં ગયો, તો તો દુખિયો પૂરો થયો;
બંધાશેજ ફસાતાં નીત, પપ્પા પ્રેમાનંદસું પ્રીત.

૨૦. ફફફા ફણિપરનાચ્યો જેહ, કૃષ્ણ ધ્યાન તું ધરતો રેહ;
પરમાર્થે તે કાળો થયો, તોપણ ના કંટાળી ગયો;
આપે તે પરમાર્થે દેહ, ફફફા ફણિપર નાચ્યો જેહ.

૨૧. બબ્બા બાળકૃષ્ણ પરતાપ, જોતો જા કાડ્યા પરિતાપ;
ન્હાને મોટાં કીધાં કામ, વીર પુરૂષ તે શિખ દે આમ;
સમાવિદે સંધા સંતાપ, બબ્બા બાળકૃષ્ણ પરતાપ.

૨૨. ભક્ષા ભૂધર ભાવે ભજી, પછી છોડ મૃત્યૂ કાળજી;
યમના દંડતણી નહિં બીક, પાપ રિસે તૂં આઘૂં ઝીંક;
લાભો લે જે નીતી સજી, ભક્ષા ભૂધર ભાવે ભજી.

૨૩. મમ્મા મુરલીધર મોહંન, સમજ તુને આપેછે અંન;
પારખતાં શીખાડે વળી, વસ્તૂ સુંદર સાચી ભલી;
કુરિ માયા શોભાવે વંન, મમ્મા મુરલીધર મોહંન.

૨૪. યય્યા યજ્ઞપુરૂષ યશવંત, ઘડિભર ભણ તું રાખી ખંત;
મનમાસ્યાં કર પશ્ચાત્તાપ, એ યજ્ઞે બળશે સહુ પાપ;
સાહ્ય કરે આવે જો અંત, યય્યા યજ્ઞ પુરૂષ યશવંત.

૨૫. રરરા રામતણો વિશ્વાસ, રાખ નહીં પરની કો આશ;
સ્વારથિયા જન કરે નિરાસ, માટે કોનો ના થા દાસ;
સાચવટે છોડાવે પાશ, રરરા રામ તણો વિશ્વાસ.

૨૬. લક્ષા લક્ષ્મીપતિજ અનાદ, સાચામાં શો વાદ વિવાદ;
મતવાદોને પડતા મેલ, વેદ વાટ છે સહુથી સેલ;
વરસાવે મંગળ વરસાદ, લક્ષા લક્ષ્મીપતિજ અનાદ.

૨૭. વવ્વા વેદે વિષ્ણુજ ગાય, મુક્તિ પદે સુખસાતા થાય;
વેદ મહીમા અપરમપાર, જ્ઞાનતણો સાચો પરકાર;
ધ્યાયે બ્રહ્માદિકજ સદાય, વવ્વા વેદે વિષ્ણુ જ ગાય.
૨૮. શશ્શા શંખાસુરસંહાર, કીધો તેને તું સંભાર;
શકુન સર્વ પ્રેમીને હોય, ડાહ્યો સંધે ઈશ્વર જોય;
ઊતાર્યો ભૂમીનો ભાર, શશ્શા શંખાસુરસંહાર.
૨૯. ષષ્ષા ષડ્રીંદ્રનૂં નામ, એજ આવશે સંધે કામ;
નામ વડે મૂર્તીને માન, નામ વડે સાધૂ સનમાન;
૨૮ ૨૮ મૂકીદઈ દમામ, ષષ્ષા ષડ્રીંદ્રનૂં નામ.
૩૦. સસ્સા સારંગપાણિ સાધ, કો વાતે પડશે નહિં બાધ;
કામળિ ઓઢે જ સામળિઓ, પણ વરદેવે ઘણો બળિઓ;
મૂકી દઈ તું બાધાબાધ, સસ્સા સારંગપાણિ સાધ.
૩૧. હહ્હા હરિહર હૃદયે ધરે, હેતુ જન્મનો વ્હેલો સરે;
પાપતણી પીડા પરહરે, મંન કામના પૂરણ કરે;
નર્મ ગીત ગા રસના ખરે, હહ્હા હરિહર હૃદયે ધરે.

ઈશ્વરપ્રાર્થના.

(ત્રિભંગી વૃત્ત.)

હરિ ઠામે ઠામે, કામે કામે, આઠે જામે, જોઉંછૂં
ઘટ ઘટ જોઈ સંપે, બહુ બહુ ઝંપે, હરખે કંપે રોઉંછૂં
નહિં કુસંપ લેશે, કહિં પણ પેશે, નાસ્તિકવેશે, ખોઉંછૂં
પણ પુણ્ય પ્રતાપે, સુબુદ્ધિ આપે, સુ ભક્તિ જાપે સોઉંછૂં—૧

તનમને ભરાતા, વિકાર માતા, કુસંપ થાતા, હરજે તૂં
સહુનો વરદાતા, કર સુખસાતા, નિરોગિ રાતા, હર જે તૂં
ના જાતા પાપે, થઇએ આપે, નરતન આપે, કરજે તૂં
સંતોષે રેતા, જ્ઞાન જ ખાતા, જસગુણ ગાતા, કરજે તૂં–૨
હરિ શરણે તારે, આવ્યો તારે, ભૂલ્યો જારે, સંસારે
ભવપાર ઉતારે, મુકે ઉતારે, વળેજ વ્હારે, સંભારે
હૂં માગૂં લાડે, વિઘ્ન નસાડે, જુક્તિ સુઝાડે, સુખ સારે
યશ કર્મ દેખાડે, સંપ જગાડે, બહુજ રમાડે, સહુ સારે—૩
જય જય જગદેવા, અનુપમ એવા, વાણી લેવા, કરૂં સેવા
હરિરંગફલ જેવા, અંમૃત મેવા, અવર ન તેવા, રસ દેવા
દે બ્રહ્મ તું આદી, રૂડિ પ્રસાદી, નિર્મલ સાદી, આબાદી
ન કરે એકાદી, વાદવિવાદી, વ્હેમનિ બાદી, મતિ માંદી–૪

ઈશ્વરપ્રાર્થના.

(ઝુલના વૃત્ત.)

રે બ્રહ્મ દેવ તુજ, દયા સહુ દેખિ મુજ,
જિવ વિચારે બહૂ ખૂબિ જારે—
શૂં કરે કલ્પના, જગત લીલા તણી;
જાયછે હારિ થઈ ધૂંમ ભારે;
આશ્ચર્ય સ્તુતી, ભક્તિની રેલની,
તુરંગી તાણમાં જાય વેતો—
શા શા શબ્દથી, પામરો ગાઉ હું,

ઊપકારો કસ્યા તેં હવે તો;
તાહરા પાડ બહુ, જાણું હૂં મંનમાં,
તેટલા ના શકૂં કાડિ બાર—
અંતરે સાક્ષિ તૂં, છાનિ જે મૂજ મન,
જાણિતો છે સહૂ સર્વ વાર.　૧.
જ્યારથી ગર્ભમાં પ્રગટ હૂં ને વળી,
ધાવતો માતણી ધાઇ સાઈ—
તજવિજો ત્યારથી, માહરા અર્થની,
કીધિ તેં સારિ દેવા ભલાઈ;
સ્વલ્પ વીચાર નહિં ગીતરૂપે થયા,
બાલકી તોતલી વાણિ જારે—
દીન થઇ જે કંઈ, માગતો રોઇને,
કાન તારી દયા દેતિ તારે;
જાણતો હૂં નહીં, સૂખ કાંથી મળ્યાં,
વય બહૂ ન્હાનું અજ્ઞાન વાળૂં—
અનંતાં સૂખડાં, પાંમતો હૂં પ્રભૂ,
તારિ સંભાળથી રે કૃપાળૂ,　૨.
જુઠિ જુવાનીતણા, સરકણા રાહપર,
બેફિકર દોડતો આંહિં તાંહીં—
અદૃષ્ય હાથ તુજ, ઝાલિ આણે મને,
કરી સંભાળ માણસાઇ માંહી;
અણચિંતવ્યાં સહૂ, સંકટો ને દુખો,
મોતના ભય ધરે નીજ કબ્જે—
અનીતી કેરિ છે, ખુશનુમા જાળ પણ,

ભિતર ભયંકાર અધિક આઠ અબજે;
સર્વ એ વેદના, બહુ બહૂ પીડતી,
અનુભવ્ય વણ નહીં જાય માની—
તે સહૂથી લિધો, તેં ઉપાડી અધર,
ઉગાર્યો નિષ્કલંક હીણ પ્રાણી. ૩.
મંદવાડથી રહ્યાં, હાડ ને ચામ ને,
ચાડિયા રૂપ હૂં દીસતોરે—
તનદુરસ્તી વળી બક્ષિ તેં વાર બહુ,
મૂખપર નૂર ને તેજિ જોરે;
પાપ ને શોકમાં ડૂબતો ને થતાં,
પેટમાં ગૂંછળાં ભારિ જોરે—
કૃપા ભાવે કરી, માફિ તૂં આપતો,
સુખ દિલાસા અને ધૈર્ય તારે;
ઘણી સંસારની સૂખની વસ્તુઓ,
સખી હાથેથકી લાહિ તેંરે—
તે સહૂ ભોગવીજ સંતોષેકરી,
જિંદગી પૂરિ મેં કીધિછેરે. ૪.
ધીરુ હૂં ધર્મને, સદ્ગુણી રહી,
યોગણૂં પામવા સ્વર્ગ જાંહે—
અહિં નથી મિત્રરે કો, સિવાએ સંત,
લખાવે જ્ઞાન જે મૂજ માંહે;
વિશ્વાસ ને દયા, અનુભવે જે પુરા.
નીતિ વસ્ત્રો સજી બ્રહ્મ તૂને—
ગાયછે સાધુઓ, દેવ દરસાવ જે,

દોરવે તાહરી પાસ હૂંને;
બ્રહ્મ રે બ્રહ્મ રે, બ્રહ્મ રે તાત તું,
માત તૂં ભ્રાત તૂં તૂં અમાયા—
સાથ રહિ દુઃખમાં, મોતની વેળમાં,
જીવને તૂં દિજે મુક્તિ રાયા. ૫.

(મિશ્ર.)

ઈશ્વરપ્રાર્થના.

શો જુલમ આવડો, થાયછે મૂજપર,
સત્યથી ચાલતાં, રોજ રોજ—
નીતિનો ટેક હૂં, રાખિ રોજે રહૂં,
તોય વેઠૂં બહૂ, દુઃખ બોજ;
વર્ષ બહુ વહિ ગયાં, એમનાં એમ ને,
આધિનો જોશ તેં, ના ઘટાડ્યો—
મૃત્યુને મોકલી, દેવ તેં માહરા,
મંનના રોગને ના મટાડ્યો;
સૂખની આશથી, ઠામ ઠામે ફર્યો,
સૂખડૂં સાચું મેં નાજ દીઠૂં—
હાલ મારા બુરા, કેફિ જેવા થયા,
જગતને જાણું હૂં મોટું પીઠૂં—૧
વ્હાલિડાં તે થયાં, વેરિ કટ્ટાં અને,
ચાકરી કીધિ તે ના વિચારે—
બીન કારણ મને, છોડિ દે સર્વ તે,
રંક સામૂં જુએ ના લગારે;

ઢંગ એ જગતનો, જોઇને થાઉછૂં,
બાવરો ગાંડિયો જીવ બાળૂં—
છાતિ મૂઝાય ને, લંમણા સૂજતાં,
આંસુડાં વેહતાં કેમ ખાળૂં;
હાય ઓ સેજમાં, એકલો થઇ રહ્યો,
ધારતો નહિં કદી, સ્વપ્ન માંહે;
એક પાસથી નહિં, ચાર મેરે થકી,
અંગમાં ઉઠતી ભારિ લાહે—૨
નીતિથી ચાલતો, રોજ રીબાય ને,
દુર્ગુણી તે સદા સૂખ માણે—
જૂજ કો સદ્‌ગુણી, સૂખિયા હોય ને,
જૂજ કો દુર્ગુણી દૂખ નાણે;
સદ્‌ગુણી જો ભુડૂં, આચરે રીસમાં,
ઊલટા થાય હેરાન ભારે—
પાર કોઈ પડે, પણ ઘણા જૂજ જન,
રોજ જોવૂં બને એમ મારે;
નિશ્ચયો જેવું કંઈ, જગતમાં નહિં કહિં,
રાખિ ધોરણ કિયૂં ચાલવૂં રે—
જઈ સડી શોકથી, થઇ અવાચક રહી,
ટક ટકજ સંધુ નિહાળવૂં રે—૩
કામ કાજો કરૂં, પણ નહીં હોંસથી,
તન મને હૂં થયો, થંડ ગાર—
કોઇ વાતે મને, ના રહ્યો ઓરતો,
ઝટ તૂં લેઈને પાડ પાર;

જીવવાનું નથી, ચાહતો લેશ ને,
જગતનો ઢંગ જોવો ન ચાહું—
પ્રાર્થના માહરી, એટલી માનિલે,
મોતને આપ કે સૂખિ થાઉં;
હું નથી માગતો આંહિનૂં સૂખડૂં,
એ ન મ્હારે કદી જોઇએરે;
જો પ્હરે હોય તો સાચું સૂખ આપજે,
પરંતૂ હાલ તો મૃત્યુ દેરે—૪

ઇશ્વરપ્રાર્થના.

(બેત.)

તું આલંમ ખાવંદ પરવરદિગાર્,
અજબ તારિ કુદરત કુલે અખતિયાર્, ૧
ખુબીઓ ખુદાની શું ગાંઊં ન પાર્,
પરાણે પુછંતા હું ખાઊંજ હાર્. ૨
જગાએ જગાએ જસોની વખાર્,
ગુણોથી ભરેલીજ આનંદકાર્. ૩
દુનીયાં ધણીનો કરે કારબાર્,
તું કામે છતેછે ખરો દીલદાર્. ૪
અહીં કોઈ સાચૂં ન સાચો તું યાર્,
તું સંકટ સમે થાયછે સાહુકાર્. ૫

બદી તો ફસાવી મરાવેછ માર,
બચી જાઉછૂં હું જપે નામ સાર. ૬
અરજ મારિ એવી ખરી દિલ વિચાર,
બદીમાં ફસંતો તું રોજે ઉગાર. ૭

ઈશ્વરપ્રાર્થના.

અહૂરમજદ અહૂરમજદ અહૂરમજદ ધણી,
શું ગાઊં સરેહ હું તું સાહેબતણી. ૧
અહીંયાં તરેહવાર ચીજો જણાય,
ઇનસાનનાં સૂખસારૂ ગણાય. અહુ૦ ૨
ખરાં મૂખકેરો વધારોજ થાય,
અહૂરમજદ ફરમાન નીતે મનાય. અહુ૦ ૩
ખુદા ખૂબિ ખુબ તૂજ જરતોસ્ત ગાય.
જેની દુવાએજ નેકી ભણાય. અહુ૦ ૪
અસલ બહૂ ખુદાની પરસ્તિસ કરાય,
પુતળાં સતારા ને ભૂવા પજાય. અહુ૦ ૫
કરી ખૂબ અમપર તેં જરતોસ્ત સાહ્ય,
દિનને સુધારી ધણી તે સુહાય. અહુ૦ ૬
ખરા એક ખુદાની પરસ્તિસ ચહાય,
લોકો કદી નાજ વ્હેમે મરાય. અહુ૦ ૭
ન સેતાન જોરે બદીમાં ફસાય,
ન આફત વેળા ઉંડે દીલ લાહ્ય. અહુ૦ ૮
કરેલાં ધણાં તૂજ ના ના વળાય,
કરૂં અર્જ દુખમાં મદદ કર તું રાય. અહુ૦ ૯

(ભાષાંતર.)

ઇશ્વરપ્રાર્થના.

(ગીતિ વૃત્ત.)

સુખકર્તા દુખહર્તા, દેવ અનુગ્રહ દયાનિધિ તું કરને
રે પ્રભુ અશરણ શરણ, લાંબો કરની ક્ષમા કરી કરને. ૧
ખાઇ ખતા હૂં ભારી, હારી આવ્યો છઊં શરણ તારે
કીધિ દયા તેં સારી, મારી નાખ્યાજ મોહ માતા રે. ૨
વિદ્યા ધન યશસારૂ, રઝળી સૂંઘ્યો પ્રવાસ ફુલ ગોટો
નાસુર રોગે માંદો, તેથી બળિ મેં ધર્યોજ લંગોટો. ૩
હજિ મદ અદકો ધરતાં, લંગોટો પણ બળી જતે મરણે
પણ હરિ બુદ્ધિ સુઝાડી, પશ્ચાતાપે થયો દાસ શરણે. ૪
આપદવસ્થાકાજે, રાત્ર દિવસ હૂં શ્રમે ભરૂં લોટા
પણ ભરૂં આખર લોટા, તારે પાડે સહૂજ તાળોટા. ૫
આ સંસારી રણમાં, માણસનૂં કંઈ નહીં ચલણ લેશે
ઈશ્વિર શક્તિ અગાધ, રેસ રેસ સહુ નિરખ કરી લેશે. ૬
હૂં જાણૂં વણ ઈશ્વર, સાધ્ય કરૂં સહુજ વિશ્વના ભોગ
પણ ફાવૂં નહિં તેમાં, થઇ રહું ઉલટો કરમ તણો ભોગ. ૭
ઇંદ્રી જોર હરીને, હરિ પદ લેવા ધરૂં બહૂ જોગ
પ્હાણે પ્રીતિ ન હોયે, કમલવદનને દર્ઊજ શિવજોગ. ૮
મન વાંછિત ફલ લેવા, તન મન ધનથી કરૂંજ અભ્યાસ
પણ પાછો ઠેકાણે, આવી રહું હૂં નિરાશ આયાસ. ૯
તૂં જાણે મન મારૂં, અંતરજામી જગકર સહુ કાળ
દીન દયાળૂ દાતા, દે વર કે ના પિડે મને કાળ. ૧૦

હરિ હૂં હિણ ચંડાળ, ડાળ નથી ધરિ હરી કને જાવૂં
આળ ભર્યો ભવજાળે, ઝાળે ખાખજ કયમે હું રીજાવૂં. ૧૧
રંકભણી જો દાતા, સુભક્તિ દે પ્રભુ જગપતિ ગોપાળ
કરુણાવૃષ્ટિથકીરે, થંડક કરિ તૂં સદા કને પાળ. ૧૨
ભક્ત કવીશ્વર સાધૂ, મોટા મોટા સહુજન ભવ ઉતરે
તે તુજ અનુગ્રહોછે, જેથી પથ્થર સમુદ્રમાંહ્ય તરે. ૧૩
હૂં મૂર્ખો હૂં લુચ્ચો, થઇ અપરાધી ખમૂં ઘણો તોટો
થયું થયું કર હરિ કરુણા, પશ્ચાતાપે ધરયોછ મુજ તોટો. ૧૪
ભટ્ટ સુભટ જગકર્તા, ભવ ખટપટથી બળી રહી રાખ
ટેલ ભણે નર્મદભટ, કટ કટ માની કને તું ઝટ રાખ. ૧૫

બ્રહ્મભજનરંગ.

સર્વથકી રસ મધુર, બ્રહ્મ ભજન તે સદાજ સુખકાર;
તન મન ઝટ વીંધાએ, શીત સુધાનદિ વહે શરિર સાર. ૧
ઘડિભર રાત્રદિવસ પણ, ભાવે ભણિ સુણિ હરીકથા જેણે;
જયજય અહિં તહિં કીધો, દેહનું સાર્થક કરી લિધૂં તેણે. ૨
ગુણ ધન સુરંગનો તો, કહ્યો ન જાયે લહૂંછું મનમાંહ્ય;
તે છે અમળ અલૌકિક, તરત હુલાઈ સમેજ ભવલાહ્ય. ૩
આધિ વ્યાધિ ઉપાધી, ત્રંણે તજવે પ્રભૂતણી નીતિ;
પરમાનંદી બ્રહ્મ, ગુણ શૂં બોલૂં અગાધ ગાઈ ગીતિ. ૪

ખરો ભરોંસો ઈશ્વરનો.

(ભુજંગી વૃત્ત.)

રળીઆમણો છે પ્રભાતી પ્રકારા,
સુરંગી બહૂ સાંજ આકારા ભારા;
ટકે તે ન માયામઝા ઝાઝિ વાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૧.
વળી વ્હાણ વિશ્વાસથી સિંધુ એડે,
કદી તે કરી હાણ પાતાળ તેડે;
ઠગે તે ઠરે જૂઠ નક્ષત્ર સાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૨.
બહૂ વૃક્ષ મોટાં દગો દે અજાણે,
દઈ માગ તે વીજને હેઠ આણે;
ભરોંસે રહ્યો ખાય તે મૃત્યુમાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૩.
અહીં સર્વ તો આપના સ્વાર્થ સાધે,
રૂડું ભૂંડું ના જોઈ તે કર્મ બાંધે;
કરે વ્હાલમાં વ્હેલ તે વેરખાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૪.
ઘણા રોગ સાલે શરીરે મને રે,
ઘણા વૈદ ઈષ્ટો પુડી દે ઘનેરે;
રૂઝે ઘા નહીં હૂં બનૂં હીલિ ગાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૫.

ખરે છે બધાં માનવી કામ જુઠ્ઠાં,
નહીં દિવ્ય રોજે વળી છેજ બુઠ્ઠાં;
પરીવાર લક્ષ્મી સહૂ દુઃખકાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૬.
સહૂ સાર ને સાચમાં તારું નામ,
સહૂ રંગમાં નિત્ય તે તારું કામ;
ચળે ના છળે લેશ કો દી વિચાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૭.
અહીંની ઉમેદો દમે રોજરોજ,
તહીંની ઉમેદો રમે મોજ મોજ;
ઉતારે તું માથેથિ સંસાર ભાર,
પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૮.

(મિશ્ર.)

ઇશ્વરપ્રાર્થના.

અહો વિશ્વના દેવ આનંદ કારી,
કરી તાહરી સેવ તે લાભકારી,
ખરે રાખિયે જાચના રોજ જારી,
સરે કાજ જો હોય તે રૂડું ભારી ૧
હમે રાંક છૈયે વિના તું ન ચાલે,
વિના તૂં હરી હાથ તે કોણ ઝાલે,
બહૂ ઇછિયે તે વળી કોણ આલે,
વિના તૂં બહૂ વિઘ્ન કો મોટ ખાળે ૨

સુધારો વધારો બહૂ હાલ થાએ,
સદા રેહ તે જારિ ના હારિ ખાએ,
પ્રભૂ પ્રેર એવી મતી સર્વનામાં
કરીએજ ઉદ્યોગને ઘેર ધામા ૩
પ્રભૂ દે મતી લોકને મોકલે કે,
નિશાળે સહૂ પુત્રિના બાપ છે તે,
થશે એમ ને બાલકી શીખશે તો
નકી દેશનો વેમ જાશેજ વ્હેતો ૪

ઈશ્વરપ્રાર્થના.

(માલિનિ વૃત્ત.)

નવલ લલિત લીલા થાપિ ને તૂં ઉથાપે,
સતત સત સુનીમો લાભ દેતા બતાવે;
ભુવનપતિ તપાસી પાસ તૂં પાસ લેને,
પલિત પતિત પાપી દીનને માફિ દેને.* ૧
અવતરિ નર નારી ના ભજૂં જો ખિલાડી,
ધિક જિવતર મારૂં ધિઃક હું તો અનાડી;
સરવ પિડ હરીને સૂખને આપતો છે,
અમળ સરસ રંગી રંગિનો રંગિ તે છે. ૨
જગતપતિ મુગાંને તૂં કરે બોલતાં ઓ,
જગતપતિ લુલાંને તૂં કરે ચાલતાં ઓ;

---

* એ પેહેલી કડી માંહેના સઘળા અક્ષર હોઠથી તથા દાંતથી અને હોઠદાંતથી બોલાયછે.

જગતપતિ કરેછે બ્હેરને સૂણતાં ઓ,
જગતપતિ કરેછે અંધને દેખતાં ઓ. ૩.
જગતપતિ દયાથી દુઃખિ તે સૂખિ થાએ,
જગતપતિ દયાથી પાપિ તે મુક્ત થાએ;
જગતપતિ દયાથી દૈતના દેવ થાએ,
જગતપતિ દયાથી દેવના દેવ થાએ. ૪.
કરગરિ તુજપાસે જાચું છૂં ઓ હરીરે,
કર કર શુભ લાંબો રંકને દે ભરીરે;
સુમતિ સરસ પંથે પ્રેર તૂં ખોજ ખોજે,
કરવ કરવ કામો નીતિનાં રોજરોજે. ૫.

ઈશ્વરપ્રાર્થના.

(લલિત વૃત્ત)

જગત જીવના જીવ જાળવ,
કપટ કામમાં ડૂબતો લવ;
લવલવૂં છું હૂં છાકિને બહૂ,
મુકવ પાપથી રે હરી સહૂ. ૧.
(જેમ) પવન વીજથી ગાજિ તે લિયે,
ઘન ઘણો ઘુમે મધ્ય રાત્રિયે;
ઉથલ પાથલો જોરથી કરે,
સરવ દીલને બ્હીકથી ભરે. ૨.
પણ પછી સમી શાંત થાયછે,
કિરણ ચંદ્રના ખીલિ રેહછે,

રસિક તે સમે આસમાન છે,
વિવિધ રંગથી મૂખ્યકાર છે. ૩
(તેમ) ભવવિષે બહૂ ધામધૂમેરે,
છળ અનીતિના તો જુલૂમેરે,
ષડરિપૂતણૂં જોર ભારિરે,
ગરબડો સહૂ જૂઠ જારિરે. ૪.
દુખ ઘણૂં અહીં સૂખ નામનૂં,
અપયશો અને મૃત્યુ મારનૂં;
ધન સગૂં નહીં કોઇ કામનૂં,
હરિવિના સહૂ અંધકારનૂં. ૫.
પણ સુરંગમાં વીરલો રમે,
લત લગાડતાં લાહ્ય તે સમે;
અમળ શીત છે સૂખ નિત્યરે,
ભજું ભજૂં તજી જે અનિત્યરે. ૬.
ધિરજ શાંતતા સ્વસ્થતા બહૂ,
ફિકર લેશ તો ના કંઈ લહૂ;
વિઘન ન્હાશિ તે જાયછે મથી,
પ્રભુ ગુણો તણી શી કહૂં કથી. ૭,
સરવ દેશનાં શૂભ કામમાં,
પ્રભુ તું સંપના રાખ્ય ધામમાં;
સુમતિ આપ તૂં દેશ લાભમાં,
જય સહૂ વસે બ્રહ્મ નામમાં. ૮.

ઈશ્વર પ્રાર્થના.

અખિલ વિશ્વમાં કૃત્ય તાહરાં,
સુગુણ રૂપથી શોભિતાં ખરાં;
અઘનિકંદના ધર્મકંદના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૧.
ઝગમગે બહૂ જ્યોતિ આદિરે,
સરસ તેજિ તો શાંત સાદિરે;
રૂપ અચિંત્ય ને પૂજ્ય ભક્તના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૨.
ઘટઘટે કિધી તેં ઘણી લિલા,
ઘણિજ દીપતી સંધિ સૂરિલા;
અમળ નંગ તૂં વિશ્વવંદના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૩.
સઘળિ સૃષ્ટિમાં હે વિશંભરા,
તુજ જયો સહૂ તે ખરેખરા;
કુમત પૂજવે તારિ છે મના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૪.
બહુજ સેલથી પાપિને પિલ્યા,
ઉલટભેર તેં ભક્તને ઝિલ્યા;
રખવ તૂં હરી સાચિ ભાવના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૫.
જગ પ્રપંચમાં પાપ મેં કિધાં,
ગરિબ જંનને દાન ના દિધાં;

નથિ ભણ્યો કંઈ નીમ નીતિના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૬.
વિષય રંગમાં ભારિરે રમ્યો,
અતિસ અંગમાં લોભ હૂં જમ્યો;
છું અપરાધિ હે દેવ દેવના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૭.
ભય અનેક ને સંકટો સહૂ,
પ્રભુ તું તેથકી રક્ષજે બહૂ;
અમર રાય જે જે નિરંજના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૮.
ત્રિવિધ તાપ તો તંનમાં તપે,
જિવ ન તૂજને મંનમાં જપે;
દુર કરાવની ચિત્ત વેદના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૯.
શરિર મંનની માંદગી બને,
ભજનનો દિલાસો ખરે છને;
હર દયાળુ હો પાપ પાપિના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૧૦.
હરખ શોકના મોહમાં ફસ્યો,
તજિ અનિત્ય મેં નિત્ય ના ધસ્યો;
અચળ નિર્ગુણા નેતિ વેદના
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૧૧.
નિયમ તાહરા પ્રૌઢ સર્વદા,
ઘટિત જંનને રક્ષતો સદા;

મદિ પુરૂષને તો કરે ફના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૧૨.
અવતર્યો છઉં ઊંચિ જાતિમાં,
સમજિને રહૂં ધર્મ નીતિમાં;
મધુર સ્વાદ છે ભક્તિપાનના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૧૩.
નિજ શરીર ને નારિ છોકરાં,
ધન ધરો સહૂ છે નથી ખરાં;
અજસું પ્રેમ તો નિત્યરંજના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૧૪.
તિરથ જાન્હવી નર્મદા જશે,
મનથિ શુદ્ધ તો પાપિ ના થશે;
હુકમ માનુ હૂં નીતિમાનના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૧૫.
ગુરૂ ઘણા દિસે હીણ ધર્મના,
બહુજ થાયછે બંધિ કર્મના;
સદગુરૂ મને તારિ સૂચના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૧૬.
મુરખ માનવી વ્હેમને પુજે,
સત સુપંથ ના તેમને સુઝે;
સુમતિ આપ તું વાલિ રંકના,
અનુપ દેવ રે તું કૃપાઘના. ૧૭.
નથિજ ચિત્તડૂં મારૂં દાબમાં,
નથિજ બેસતૂં દ્વૈત ભાવમાં;

મનડું ગાયછે ગૂણ એકના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૧૮.
નિરખું જો કળા પૂર્ણ ચંદ્રની,
ભવતણી સમે ઉણતા ઘણી;
શરણ હૂં તને વિશ્વપાલના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૧૯.
ઘણું કહૂં શું હૂં ઊંધિ બુદ્ધિનો,
પ્રભુ તું તો ધણી રિદ્ધિ સિદ્ધિનો;
ભજુ હું ભાવથી કાપિ કામના,
અનુપ દેવ રે તૂં કૃપાઘના. ૨૦.
હરઘડી નમી વીનવૂં તને,
દિનદયાળ તૂં તારની મને;
અંતરજામિ હો ઈશ ભક્તિના,
અનુપ દેવ રે તૂં કૃપાઘ્રના. ૨૧.

ઇશ્વરની સ્તુતી.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત.)

આકાશે સહુ શોભતાં નિરખતાં, નક્ષત્ર ગંભીર તે
સર્વે સંપથકી રહી જગ જગે, કામો કરેછે રતે;
પામે પામર અંગમાં હરઘડી, ઉલ્હાસ ગર્વો ખરે
આહા બ્રહ્મ પરોપકાર કરતો, હંમેશ મોટો ખરે. ૧

તેની તેજ દશા વળી નવ રહે, સંસારમાં કોઈની
થાએ રૂપ કરૂપની છળતિ છે, માયાતણી મોહિની;
એ નીમો પ્રભુ તાહરા નહિં મણા, આપેજ શીખામણ
ડાહ્યો માણસ તો કસાઇ તજિદે, પાખંડ ભૂંડાંપણ. ૨
પસ્તાતા બહુ પાપિઓ કરગરી, તું પાસ માફી લિયે
દુઃખી જે સુખિ થાય તે ભજનની, જો તૂજ કાફી પિયે;
માટે માનવિ નીતિને સમજિ જો, કાપટ્ય છોડી દિયે
સત્યમેં બહુ ભોગવી સુખ સહૂ, મૂએ જશે મુક્તિયે. ૩
આવો બ્રહ્મ દયાનિધી અનુપ જે, તે કોણ વીસારશે
રૂડાં કાર્ય થતે સમે લવ નહીં, તેના વના ચાલશે;
સર્વે વિઘ્ન નસાડતો જગપતિ, પ્રેમેજ સંભારવો
આરંભેલું પુરૂં થયે યરાથકી, જે બ્રહ્મ પોકારવો. ૪

ઇશ્વરપ્રાર્થના.

(પ્રમાણિકા વૃત્ત.)

સમર્થ વિશ્વ નાથરે,
સહૂનિ દોરિ હાથરે;
તું થાપવે ઉથાપવે,
તું આપવે અપાવવે. ૧
દયાળુ દેવ દીનના,
તું સામું જોય હીનના;

ભુલી પડી ખરેખરી,
હું તો રહી ન પાંસરી. ૨
ઘણાં કિધાંછ પાપરે,
હવે કરૂં શું બાપરે ;
નથી ઉપાય સૂઝતો,
નથીજ ઘાવ રૂઝતો. ૩
ઘણીજ દુઃખમાં છઊં,
નસંગિ કોઇ તો રહ્યૂં ;
ખરે હું આવિ હારિરે,
કહીં ન લેશ ફાવિરે. ૪
હવે હું માફ માગુંછૂં,
કૃપા હું તારિ ચાહુંછૂં ;
પિડાથકી મુકાવજે,
અનાથ જાણિ પાળજે. ૫

ઇશ્વરપ્રાર્થના.

(મોદક વૃત્ત)

દીન દયાળુ દયા કર હૂં પર,
પાપ બહૂ કરવે છઉં તત્પર
લાલચમાં લલચાઇ ખરેખર,
ઠોકર માર ખમી ખપુછૂં ખર. ૧

હારિ રહી પસતાઇ રડૂં છઉં,
આકુળવ્યાકુળ રોજ ભમૂ છઉં;
અંતવિના ટટળીજ મરૂં છઉં,
દેવ ખરે બહુ દુઃખ સહૂં છઉં. ૨
માર ઉગાર અરે શરણે છઉં,
પાળ ન પાળ ગળે વળગી છઉં;
દુષ્ટ દરિદ્રિ ગળેપડુ હૂં છઉં,
ઓથવિના વહિજાઉં હિણી છઉં. ૩
ધાર્યું હશે કંઇ તે કરિદે ઝટ,
પામર રંકનિ જોઈશ મા હઠ;
સર્વ જગેથકિ થાય મને છટ,
સામું તું જો હરિ રાખિ રૂડો વટ. ૪

જીવનેશિક્ષા

(મલ્લિકા વૃત્ત.)

રાખિ ચાનકો અતીશ,
જીવ જો ભજે તું ઈશ;
કામ જો કરે યથાર્થ,
થાય દેહ આ કૃતાર્થ. ૧
લાલચે ફસી જવાય,
છૂટકો પછી ન થાય;

સાવચેતિ રાખિ રેહ,
કોઇથી ન ખાય છેહ.   ૨
સત્ય પાળવે તું હોંસ,
રાખજે તજીજ રોસ
કામનો સમાવિ જોરા,
થા પછી તું નીરદોષ.   ૩
માનવાથિ થોડિ શીખ,
કામ તારૂં થાય ઠીક
રાખતાં પ્રભૂનિ બીક,
સૂખ રેહછે નજીક.   ૪

સહુનો સાચો ધણી ઈશ્વર.

(તોટક વૃત્ત.)

ખુબ આતસ ખાક હવા હું ભણૂં
વળિ આબ અનાસર ચાર ગણૂં
બિજિ જે ચિજ એથિ થઈજ ઘણી
સહુનો સત આહુરમજદ ધણી—૧
અમશાસ્પન સર્વ બન્યા તુંથકી
નદિ પ્હાડ સરોવર સિંધુ નકી
ખુબિ ભારિ દિસે સુરચાંદતણી
સહુનો સત આહુરમજદ ધણી—૨

હસતી નિસતી સહુ એજ જુએ
હસતાં રડતાં તું જિવે જ મુએ
દર ચાતુરિ ત્હારિ ન જાય ગણી
સહુનો સત આહુરમજદ ધણી—૩
રચના બધિ ખાકિ મિનોઇ વળી
રસ રંગથિ એકસું એક મળી
મુજ આંખ રખાવ નિતે તું ભણી
સહુનો સત આહુરમજદ ધણી—૪
જગનો નિમ સુંદર જોઉં ખરે
ખુદ એક ખુદા વિદવાન ઠરે
કરૂં બંદગિ રે બદિ કહાડ ખણી
સહુનો સત આહુરમજદ ધણી—૫
ઇનસાનતણા દિલના ઉભરા
બતલાવિ દિએ તુજ ગૂણ ખરા
જિવ પાપ વચે તું દે ભીંત ચણી
સહુનો સત આહુરમજદ ધણી—૬
ન ખુદા વણ સાચું અહીં કંઇરે
ન ખુદા વણ શાણું અહીં કંઇરે
બહુ છૂંદ કહૂં બદકારિ ફણી
સહુનો સત આહુરમજદ ધણી—૭
ન ખુદા વણ પ્હેલું ખરે કંઇરે
ન ખુદા વણ મોટું ખરે કંઇરે
બહુ મ્હેર કરે પુજવાથિ મણી
સહુનો સત આહુરમજદ ધણી—૮

ગણપતિસ્તોત્ર.

ગણનાયક લાયક દેવ ઘણો
વરદાયક ઘાતક દોષતણો
સહુ દાનવ દેવ સુસેવ કરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૧
ગિરિજાસુતને સ્મરતા સુત ને
સનકાદિક ભક્ત કવીશ મને
ગિરિરાજ સસાજ દિયે જસરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૨
સહુ વિઘ્ન સમૂળ નસાડિદિયે
બહુ પ્હેલ પુજાઈ તું માન લિયે
તવ મંગળમૂરતિ નામ ખરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૩
રૂડિ રિદ્ધિ સુસિદ્ધિ ગૃહીણિ ઘણી
સહુ લાભ સુલક્ષ અહીરામણી
પરિવાર રૂડોજ અનૂપમરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૪
તુછ મૂષક વાહન વ્હાલું બહૂ
કરિ દાખવતો તું પ્રભાવ સહૂ
હિણ પાર પડે તવ નામ સ્મરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૫
તવ લાંબું સુઊદર દાખવતું
ગુણ શાંતિ ખમા કરુણાકરતૂં

યશ કીર્ત્તિ ઘણી સચરાચરરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૬
ગણરાય વિના કુણ સાહ્ય કરે
ગણનાથ વિના કુણ હાથ ધરે
ગણપત્ત વિના કુણ પત્ત ભરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૭
ગણબંધુ વિના જુઠું સંધું અને
ગણસેન વિના નહીં ચેન મને
ગણવીત વિના નહિં વીત ઠરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૮
ગજહેતુ વિના ક્યમ હેતુ સરે
ગજકેતુ વિના ક્યમ સેતુ તરે
ગજદંત વિના ક્યમ ખંત ખરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૯
ભટ નર્મદ મંગળ નામ જપે
સત ભાવિકને નહિ બીજું ખપે
યમ નામ તણે રટણેજ ડરે
તું ગણેશ વિના કુણ પીડ હરે ૧૦

ઈશ્વરશક્તિની સ્તુતી

(મત્તમયૂરવૃત્ત.)

જે જે અંબા શક્તિ તું સાચી જગમાતા
સંહારી રે દુષ્ટ હરામી મદમાતા

મિથ્યા પીડે વેરિ કરીને બહુ જાદૂ
તેથી માતા રક્ષ તું મારૂં તન માદૂં. ૧.
સર્વે જાદૂ જૂઠૂં જ છે આગળ માતા
દૈત્યો પામ્યા મૃત્યુ જ ગોતાં બહુ ખાતા
અંબા અંબા સાહ્યજ ઊણૂં નહિં મારે
પાપો મારાં ભારિ નિવારી હિણ તારે. ૨.
કાળી ચંડી બહુચર અંબા બહુનામા
શક્તી રૂપે વ્યાપિ રહી તૂં સહુનામાં
પાપીઓને કારણ કીધો દશ લીલા
શા રે તારો આગળ જાદૂગર બીલા. ૩.
વ્હારે અંબા ધાસ્તિ ન ધારૂં હઈડામાં
શત્રૂથી શૂં બીહું નથી હૂં વગડામાં
સાચે ભાવે જો ભજું દેવી ત્રિપુરારી
કો દી નાવે સંકટ ખાત્રી થઈ મારી. ૪

ઈશ્વરપ્રાર્થના.

(ઇંદ્રવજ્રા વૃત્ત.)

બાહ્યાંતરે ઘાટ વિચિત્ર ચિત્ર
નાના પ્રકારે વળિ શત્રુ મિત્ર
સૌન્દર્ય લીલા રસિલી પવિત્ર
ગાણૌં શું હૂંરે સવિતાચરિત્ર. ૧
સાંજે સવારે રમણીય માયા
દેરો વિદેરો ખિલિ વિશ્વરાયા

અજ્ઞાનરૂપી તમનાશકર્ત્તા
કલ્યાણકારી મતિ દે તું કર્ત્તા. ૨
વ્હેમોતણાં આસુરિ રાજ જાએ
વીચારકેરાં સુરિ રાજ થાએ
એસારુ વંદૂ પ્રભુ વિશ્વનાથ
મોટો યશસ્વી સત તૂજ હાથ. ૩
વીના બળે હૂં ભિડું હામ મોટી
તારે બળે છૂં ધરું હાથ સોટી
કાર્યે સુબુદ્ધી વર જે તું દેવ
માની લઈ પામર અલ્પ સેવ. ૪

ઇશ્વરપ્રાર્થના.

(અભંગ.)

ત્રણ તાપ સપડાવે
મને કેમ ના તેડાવે. ૧
અરે દુઃખે કાં રડાવે
ચારે મેરે બીવડાવે. ૨
નર્ક વીખ ખવડાવે
દુષ્ટ સાથે કાં લડાવે. ૩
અનીતોથી અભડાવે
હડ હડ અથડાવે. ૪
ફૂળે લાજ લગડાવે
ભક્તીને કાં બગડાવે. ૫

ભક્ત નાક તૂં વઢાવે
કાં ન રાહ દેખડાવે. ૬
મને દાસ કેવડાવે
તો તો હવે ઊઠડાવે. ૭
નર્મદાને તૂં લડાવે
લઈ છાતી સાથે ડાબે. ૮

નાસ્તિકપણું મુકવા વિષે.

(ગરબી.)

વિશ્વ સકળ છે આધિન હરિને, મૂરખ મન ઝટ માનરે; નાસ્તિક બુદ્ધી ટાળી દઈને, હરી જસ ગુણ ભર કાન. સમજ મન મારા તું. ૧. પ્રગટ જગત સ્વેચ્છાએ કરી-ને, બાંધ્યા નીમ બહુ સારારે, શાણપણૂં ને શીખ બતાવે, કામો લાગે પ્યારાં. સમજ૦ ૨. જનમ મરણ ને સુખ દુખ ન્નાનો, શા કારણ ઉપજાવેરે; કસવા ભક્તી માનવની સહુ, એ અનુમાન કરાવે. સમજ૦ ૩. રચના જોઇ સંસારતણી બહુ, નાસ્તિક કોણ ઉચારેરે; નથી કરતા કો જગનો મૂળે, ધરમ નીતી નહિં સારે. સમજ૦ ૪. તલ તલ અંતરે ખણુ ખણુ કાળે, દિસે ચમતકાર તોરીરે. લિલા જગતની ભારી ગાયે, નરમદ હૂં હૂં છોડી. સમજ૦ ૫.

ઈશ્વરભક્તિ.

(ગરબી.)

હરિ એક ચીત ભાવે ભજવો બેન, ભૂધર ભક્તી ભૂખ્યોછે. ૧. હરિ ભજવો તો નિષ્કામે બેન, ભૂધર. ૨. હરિ સંકટ કટક ના આણે બેન, ભૂધર. ૩. હરિ અદૃષ્ય રહી સાહ્ય કરશે બેન, ભૂધર. ૪. હરિ દરશનનો નહિં લોભી બેન, ભૂધર. ૫. હરિ ધ્યાન વિષે તમે જોશો બેન, ભૂધર. ૬. હરિ ભૂંડાં ગીતે રૂઠે બેન, ભૂધર. ૭. હરિ સમભાવે જન જોયે બેન, ભૂધર. ૮. હરિ દુરજનને તો દંડે બેન, ભૂધર. ૯. હરિ ઠાઠમાઠથિ ન રાજી બેન, ભૂધર. ૧૦ હરિ કુબ્જાને ઓધારી બેન, ભૂધર. ૧૧. હરિ અંતરની સહુ જાણે બેન, ભૂધર. ૧૨. હરિ નીતિ વિવેકે રેજો બેન, ભૂધર. ૧૩. હરિ કિરપાને સંપાદો બેન, ભૂધર. ૧૪. હરિ નિર્ગુણ ભક્તિયે મુક્તી બેન, ભૂધર. ૧૫. હરિ એક વાર જેહરિ બોલો બેન, ભૂધર. ૧૬.

ઈશ્વરની માયા અપરંપાર છે.

(ગરબી.)

સુણ સાહેલી, ઇશ્વર કેરી માયા અપરમ પાર જો; ગુણ શૂ ગાઉં, બ્રહ્મા વિષ્ણૂ સહુએ ખાધી હાર જો. ટેક. જગ જગ રચના રૂડી દીસે, નાસ્તિક જોઈ રૂએ ચીસે, પછી સમજી મંન કરે ઇશો. સુણ સા૦ ૧. સહુ જન

સુખ પુઠે ધાએછે,પણ તે તો બહુ બહુ વાહેછે, હરિ રાચેથી સુખ થયેછે. સુણ સા૦ ૨. કોઇ હસતૂં ને કોઇ રડતૂં છે, કોઇં ભણતૂં ને કોઈ ભૂલતૂં છે, કોઈ આવતૂં ને કોઈ જાતૂં છે. સુણ સા૦ ૩. કોઈ જોતૂં ને કોઇ અંધૂ છે, કોઈ ભોળૂં ને કોઈ ખંધૂં છે, કોઈ થોડૂં ને કોઈ સંધૂ છે. સુણ સા૦ ૪. કોઈ તપસી ને કોઈ પાપી છે, કોઈ સાચી ને કોઈ જૂઠી છે, કોઇ બાળકિ ને કોઈ ઘરડી છે. સુણ સા૦ ૫. કોઈ મોળૂં ને કોઈ ખારૂં છે, કોઇ ગોરૂં ને કોઈ કાળૂં છે, કોઈનરસૂં ને કોઈ સારૂં છે. સુણ સા૦ ૬. સાર અસાર ભેળાં વેર્યાં, મોહ જાળવિષે બારે ઘેર્યાં, ભવ ભીતીમાં પ્રભુ ઉછેર્યાં. સુણ સા૦ ૭. હરિ ભજ તૂં પૂરણ પ્રીતે, કે બુદ્ધિ દે રૂડી રીતે, પછિ સાર જુએ સાચો નીતે. સુણ સા૦ ૮.

ભોળી ભક્તિ તજવા વિષે.

(ગરબી.)

આવો સખિયો, હરિ નીતિ ગાઇયે, કામ તો રોજનું જારીરે; ફરી ફરી ટાણૂં, આવે નહીં કંઈ, ખૂબ સમજજો ધારીરે. ટેક. વૈષ્ણવ મતમાં, દશમ લીલાનું, માહતમ મોટૂં ભારીરે; રાધા કૃષ્ણ તે, માયા ઈશ્વર, મૂરખ લહે નર નારીરે. આવો સ૦ ૧. એટલેથી તે, આટપતાં નહિ, માત પિતા રતિ ગાએરે; ભૂંડાં ગીતો, ગાયાથી કંઈ, મુક્તિ કદાપિ ન થાએરે. આવો સ૦ ૨. અદબ તજીને, શુદ્ધિ

ખોઈને, કાં ભક્તીને વગોવોરે; કદાપિ ગાયાં, તેવૂં કરીને, કાં નીતી વણસાડોરે. આવો સ૦ ૩. ગુરૂ ગોસાંઈ, નહિં કંઈ ઇશ્વર, સમજો મંન વિવેકેરે; ગુરૂ જારી તે, નહીં કાનુડો, અધમ પાપિ જે એકેરે. આવો સ૦ ૪ નિર્ગુણ હરીના, અકલ ચરિત્રો, નીતિ વિવેકે ગાવાં રે; તેથી જસ ને, અહિં ને તહિં બહુ, શ્રમ ભાવે વળિ જોવા રે. આવો સ૦ ૫. તજી કામના, ભજવો હરીને, કૃષ્ણ ન જારી જાણો રે; પંચ તત્વનાં, જ્ઞાનથકી સહુ, બ્રહ્મ કામ વખાણોરે. આવો સ૦ ૬.

ઈશ્વરનો ઉપકાર માનવા વિષે.

(ગરબી.)

ચલો ચિંતન કરિયે આજ, વિશ્વેશ્વરતણું રે
રાખીછે એણે લાજ, હતું સંકટ ઘણું રે—ચલો૦ ૧
વળિ ઘણા જણે તે પાસ, બહુ બહુ બળિયે રે
નાખ્યો તો ભૂંડો પાશ, છુંદવા તળિયે રે—ચલો૦ ૨
ન એ વ્હારે આવ્યો હોત, આફત પડતેરે
સુધારો ખૂણે રોત, રોગે સડતે રે—ચલો૦ ૩
ન એ વ્હારે આવ્યો હોત, રિપુ દુખ દેતેરે
સુધારો ખોઈ પોત, ખૂણે રેહેતે રે—ચલો૦ ૪
પણ સત્યવાત શુભકાજ, હરિને ગમતાં રે
તેથી તેણે તો લાજ, રાખી રમતાં રે—ચલો૦ ૫

દુરામનને શિક્ષા કીધ, હાક વગાડી રે
લુચ્ચાઇ ચાંપી દીધ, પડદો ફાડી રે—ચલો૦ ૬
હવે જ્ઞાતિતણો તો દોર, તૂટયો ઝાઝોરે
કોઈ નહિં કરશે શોર, આપણિ સાંમોરે—ચલો૦ ૭
હવે સમજી જ્ઞાતી જંન, ડગલૂં ભરશે રે
ફંદો બીહીને મંન, કદિ ના કરશેરે—ચલો૦ ૮
નથિ ફુલાઈ જવાનૂં કામ, ભાઈઓ કમજોરે
અભિમાન મુકાવે રામ, સહુનૂં સમજોરે—ચલો૦ ૯
સહુ સોંપી તેને હાથ, સત્યને કાજેરે
કરિયે મેહેનત દિન રાત, તો સહુ છાજેરે—ચલો૦ ૧૦
માટે બોલો જેજેકાર, હરીનો આજેરે
અજ્ઞાન ખસે ઝટ બ્હાર, સુધારો ગાજેરે—ચલો૦ ૧૧

સાચું સમરણ તે ઇશ્વરનું.-સોળતિથિ.

(ઘોળ.)

સમરણ સાચૂંરે બ્રહ્મનું; આવે અવર નહિં સંગ, છાંડિ કુછંદી છાકને; સજીલે નીતીને અંગ, સમરણ૦ ટેક. પડવો મોતનો માર તે; વિષયી તજવેછે તાણ; કરે જન ગરવી ગંભીરરે; પ્રભુ નીમ ડાહ્યો તૂં જાણ, સમરણ૦ ૧. બીજ ભગતીનું જીવડા; નરતન ખેતરમાં સાર, રોપ સુકાળે વેલરે; પામીશ પાક અપાર, સમરણ. ૨ ત્રીજ નમી પાપ તું બાળજે; બ્રહ્મે રાખીનેં ભાવ, ભવબંધ-

નથી છૂટી ને; સુખડાં અનંતાં લાવ, સમરણ. ૩ ચોથ આવક હોરી રાખવી; આપદવસ્થાનેકાજ, જોર જુવાની ના રોજનાં; નિમસર ખરચે તૂં આજ, સમરણ. ૪. પાંચમનિશાની સંગતી; કદિ ન શોધીશરે પીડ, જારી જુગારી જુઠ ચોર ને; ઋણી લાવેછે ભીડ, સમરણ. ૫. છઠ તુછ કરવે સૂજાણને; જિવ તૂં ધારિશ નહિં ઊર, સાહસ તે સહુ સામટાં; કરશે વીરો પણ દૂર. સમરણ ૬. સાતમણીથી શોભતો; વિરલો સંસારે કોય, વપુ વિત વિદ્યા સ્ત્રી સૂત ને; નીતી ધરમો જે જોય. સમરણ ૭. આઠમઠમાઠ તુજ જોબને; નહિ રેહ ઝાઝીરે વાર, ભાળી ભાવીને આજથી; કર તૂં રૂડા દેદાર. સમરણ. ૮. નામ હરિનું સંભારતાં; વિઘ્નો સરવે રેહ દૂર, લેહજ લાગે રે બ્રહ્મમાં; સુખ રંગ જામે ભરપૂર, સમરણ. ૯. દશમસ્તકનો રાવણો; મદથી માતો બહુરાય, અંતે ઝડપાયો કાળથી; બચશે આપણિ કયમ કાય, સમરણ ૧૦ અગિઆરસરૂપે રૂદ્રછે; બહુ બહુ રૂપે બહુ દેવ, અદભૂત લીલા છે બ્રહ્મની; કરિયે તેની સહુ સેવ, સમરણ. ૧૧. બારસદા રેહ ઊઘડાં; બ્રહ્મ મંદિરનાં સાર, પાપંધકારે ન દેખિયે, જ્ઞાને લાગેરે ભાળ, સમરણ. ૧૨. તેરસ મીઠો ભકતી તણો; ઝારી નાખે સહુ પાપ, કરિ નિરમળ દરસાવશે; બહુ બ્રહ્મ દયાળૂ બાપ, સમરણ. ૧૩. ચૌદસકળ વિદ્યા ભણી; સારાસાર નહિ લેહ, ઇંદ્રી જીંતી ન જાણી તો; પાપી હીણો છે

તેહ, સમરણ. ૧૪. પૂનમરણાંતે તારશે; સ્વર્ગે જાશે લઈ ર્‍હેલ, નીતી ધરમનાં પાળવાં; ભવભાર કરે સહુ સેલ, સમરણ. ૧૫. અમસરવે પાપી છીયે; પ્રભુ દે નીતીની ખાપ, પુણ્ય કરી મળ ધોઈશું; દે દે ભકતીરે બાપ, સમરણ. ૧૬. અમાસ અંધારી જાણીને; નરસી લેહે બહુ લોક, ભજ નરમદ તું બ્રહ્મને; સમજી વહેમોને ફોક. સમરણ સાચું૦ ૧૭.

ઈશ્વરની સ્તુતી કરવા વિષે.

ભાવે સમરો શ્રી દેવને ; સંકટ તેથી સહુ જાય,
ભણિયે નીતી જો કામમાં ; મંગળ મંગળ બહુ થાય—ભાવે૦ ૧
ચાંદો સૂરજ જે શોભતા ; સઘળાં નક્ષત્રો સાર,
જસ દરસાવે દેવના ; શકતીકેરો નહિ પાર—ભાવે૦ ૨
ઝાડ જનાવર ને માનવી ; રૂપરૂપકેરા ભંડાર,
ગુણ ગુણના પણ છે ખરા ; સહુને તેનો આધાર—ભાવે૦ ૩
રચના ધરતી નીચે ઘણી ; સોના રૂપાની ખાણ,
હરિની માયામાં નહિ મણા ; શાં શાં ગાઇયે વખાણ—ભાવે૦ ૪
હરિ દરીયો દયાતણો ; ધુધવે નીતી બહુ ધાર,
શોભા શી રળિઆમણી ; વાદળ રંગો અપાર—ભાવે૦ ૫
ભરિયે હઇયે સદગૂણને ; ઝરિયે અનીતી તાપ,
ફરિયે હરિયે સુખ ચેનમાં ; સરિયે ભગતીએ આપ—ભાવે૦ ૬
ફૂલાઇયે સુખમાં નહીં ; દુખમાં કરિયે જો રીસ,
ધરમ કરમ ભૂલીજીએ ; પછિ પડે પાડવી ચીસ—ભાવે૦ ૭

હરિ સમરણ સહુથી ખરૂં ; દુખમાં થાએ વિશ્રામ,
માટે ભજજો બેનીઓ; હરિ હરિ આઠેરે જામ—ભાવે૦૮

ભક્તિ નીતિ રાખવા વિશે.

(ઘોળ.)

સખી ભાવે ભૂધરને ભજીયે, અંગે નીતી ઘરેણાં સજીયે. ૧
ફળને કારણ ભગતી ન કરવી, હર કો કારણ નીતિ દીલ ભરવી. ૨
મ્હોડે માંડો લીલાજળલોટી, સાચી સંગત વણ વાત ખોટી. ૩
ગુણો ગોવીંદના ખૂબ ગજવો, દિલથી લોભને ચૌંપે તજવો. ૪
હરિને ભજવો સ્વાભાવિક ધરમે, કો દી બાંધ્યા જવૂં નહીં કરમે. ૫
હરિનું નામ મહીમા મોટો, છળ ને કપટનો ધંધો ખોટો. ૬
ગુણની ખાણને નીતે ખોદો, કરવો ઘર બ્હાર સાચો સોદો. ૭
સખી ભૂધર ભગતિનો ભૂખ્યો, નીતી ધી વીના આદમી લૂખો. ૮
હરિના કામને રોજ વખાણો, નીતે નીતીને પાળી જાણો. ૯

ઇશ્વરપ્રાર્થના.

(પ્રભાતિયું.)

બ્રહ્મ તૂં બ્રહ્મ તૂં, આપ ભકતી મુને, માગું હૂં દીલમાં પ્રેમ આણી; અનુભવ જ્ઞાનથી, લહુંછું ખોટૂં સહૂ, ધર્મ-નીતી નિયમ સાચ્ય જાણી. બ્રહ્મ૦ ૧. પળ પછી જીવની,

વૃત્તિ કેવી થશે, તેતણૂં સાણું નહિં લેશ લાવે; તે છતાં હૂં હિણો, વિષયમાં ગરકિને, વીસરૂં ગૂણ ગાવા અગાવે. બ્રહ્મ૦ ૨ કો ચઢે ઊતરે, કો ધની નિરધની, છે કોઈ હાસ ને હાય બોલે; એ નિયમ તાહરો, ડાહ્યો દીસે બહૂ, આણે વંઠેલને ભક્તિ ઓળે. બ્રહ્મ૦ ૩. ઘટઘટાનેક તે, આપની આંખમાં, બહુ બહુ બ્રહ્મના ગૂણ ઘોળે; અક્કેકી ચાતુરી, જાણવાજોગ પણ, જ્ઞાનવણ નર્મ તે કેમ ખોળે. બ્રહ્મ૦ ૪. પર્વતે ઊગતૂં, ફૂલ બાધૂર છે, વાયુ વંટોળસૂં જુદ્ધ માંડે; ભક્તના ઊરમાં, બ્રહ્મરંગ ફૂલ તે, ભવતણા વાયુને શાંત પાડે. બ્રહ્મ૦ ૫ આરબી આફ્રિકી, રેત તાતી મધે, ઊંટ ધીરૂં જ્યમે માર્ગ માપે; ભક્તજન તે રિતે, ભવ પિડા ઝાળમાં, ધર્મ ધીરજ ધરી મોહ કાપે. બ્રહ્મ૦ ૬. રેહિ સંસારમાં પાળિ નીતી સહૂ, મંત ભજવે હરિ સ્થીર રાખે; વિઘ્ન સહુ દૂર કરી, હર્ષ હૈડે ભરી, જીવ તે શિવ થશે નર્મ ભાખે, બ્રહ્મ૦ ૭

જીવને શિક્ષા.

જાગની જીવડા, ગાનિ તૂં ગીતડાં, બ્રહ્મકેરાં હવે વાણું વાસે; રાગ પરભાતપર રાખ્ય અનુરાગ બહુ, સફળ આનંદમાં દીન જાસે. ટેક. કૂકડે કૂક કો, કૂકડાં બોલતાં, ચકલીયો ચકચકચ કાક કા કા; મધુરી મેનામુખે હરિગુણો સૂણતાં, પાધરા થાય ગ્રહ હોય વાંકા. ૧. ઘંટિના ઘોરમાં, મેળવી સૂરને, સ્ત્રી વળી ઘરડીઓ ગીત ગાયે; જેથી સહુ

બાળકો, સ્ત્રી પુરૂષો નવાં, લેર આનંદમાં ઊંઘિ જાએ. ૨. તરૂણ મહિયારિયો, મારીને કાછડા, નેતરૂં તાણિને મહી વલોવે; ઘંમ ઘંમ ઘમક ઘમક, ઘમ્ ઘમ્ ઘમ્ નાદ તે, રંગ પરભાતમાં ખૂબ સોવે. ૩. દેવને આરતી, થાયછે ઊઠતાં, ઘંટ ઘણણણણ ઘડિ ટંટ વાજે; દેવ આરાધના, ઘોષ વિદ્યાતણા, થાય તેથી બહુ વાયુ ગાજે. ૪. જોત જાંખી થઈ, કુમુદની કળી થઈ, કમળ તો ખીલવા માંડશે જો; ભક્ત સહુ દર્શણે, દોડતાં જાય ને, સકળજન હાટ નિજ માંડશેજો. ૫. અરૂણ ઊદે થશે, ધુમર પિગળી જશે, જગત પેરે સુનેરીજ વસ્ત્રો; ચળકતાં ઝળકતાં, ઓપતાં શોભતાં, ધાતુઓ તે બહુ કાચ શસ્ત્રો. ૬. નદિ કુવા વાવથી, સ્નાન કરી આવતી, જળભરી સુંદરી શીર બેડાં; ચંડ મુખચંદ્રનાં પ્રેમદરશાનથકી, ખરે બપોરે થશે લાભ તેડાં. ૭. ચાલતી લટકતી, જોતિ તો ચમકતી, ઝબકતી વીજસમ અરૂણ તેજે; મિશે મિશે અટકતી, પાગને ઠમકતી, ટબકતી પ્રેમની મટુકી સેજે. ૮. નાહિને દેવને, ભાવથી સેવિને, નીતીથી રેહવા માંગી લેશે; નર્મદા બ્રહ્મ તે, ભાંજી સહુ ભ્રંમને, રસિક થાવા બહુ જ્ઞાન દેશે. ૯.

સાચું એક ઈશ્વરનું નામ.

(પ્રભાતિયું.)

સાચૂં એક બ્રહ્મ નામ, અવર સહૂ કાચૂં; ગુણ ગાવા ભક્તિ સજી, નિરભે થઈ નાચૂં. સાચૂં૦ ૧. કોઈ કોઇનૂં નથીજ, સાનૂં સગૂં સાચૂં; અટપટિ ખટપટ દેખિ, કેમે કરી

રાચ્યૂં. સા૦ ૨. ઠામ ઠામ છે બિગાડ, વિષયીરસ કાલૂ; જૂઠાણૂં કપટ ભાળિ, કેમ મનકું વાળૂં. સા૦ ૩.. એકુલ-પેટ શેઠ લોક, ભરે નીજ ડાચ્યૂં; દીનહીન પાળ પ્રભૂ, એ-ટલું હૂં જાચ્યૂં. સા૦ ૪. ઘટે ઘટે માયા મચી, કીયે ખુણે લાધૂં; નિત્ય સાર દેખું હું જો, સેવૂં સંત સાધૂ. સા૦ ૫. ધ્રુજી મીરાં તુક કબીર, રોહિદાસ દાદૂ; પ્રભૂલીલાદયા ગાય, નૃસિંહ પ્રલ્હાદૂ. સા૦ ૬. કરે દયા દયાળજી તો, ભક્તિ બીજ પામૂં; સીધ પંથે વેહેલ વળૂં, મુક્તિ ધામ સામૂં. સા૦ ૭. જીવવૂં છે ચાર દીન, પાપ નહીં બાંધૂં; બ્રહ્મ નીતિ નર્મપ્રીતિ, પ્રેમે સિવિ સાંધૂં. સા૦ ૮.

ઇશ્વરપ્રાર્થના.

(૫૬.)

પરબ્રહ્મ તૂં અંતરજામીરે. ટેક. છાની ઘણી મારે મંન તે તૂં સમજેરે; દરસાવજે આપી બુદ્ધ, મારી ખામીરે. પરબ્રહ્મ૦ ૧. જીણાં ન દેખાતા જીવ, તૂં સંભાળેરે; ચંતા સંસારનિ કેમ, ધરૂં હૂં કામીરે. પર૦ ૨. લાલચ્ય ફાંદા પાપ, આંહી પીડેરે; રોપનિ સર્વનિમાંહી, ભક્તી નામીરે. પર૦ ૩.

જીવને શિક્ષા.

(૫૬.)

દાના દીલ જોઈ લે હો; નારાયણ નીતીને હો; ગાની ગાનીરે ગોવિંદજી પ્રેમથી હો. ટેક. જગે જગે જસ ગુણ

બતાવે, રાય રંકમાં સંપ સરાવે, પ્રભુ નીમ નાણને તું. નારા૦ દાના૦, ગાની૦ ૧ મૂરખ જનને ખૂબ નચાવે, ભકતોને બહુ ગ્નાન લખાવે, જો ગુણખાણને તૂં. નારા૦ દાના૦, ગાની૦ ૨. અનેક ગુણ ને નામ કહાવે, શકતી પાર ન પામર પાવે, જિવડા જાણને તું. નારા૦, દાના૦, ગાની૦ ૩

ઈશ્વરપ્રાર્થના.

(૫૬.)

પામરને મુકતી દીજેરે, બ્રહ્મ સનાતન. ટેક. નહિં નહિં કંઈ નીતી માની, જારી તો થઈ જુવાની, જૂઠી મ્હેં કીધી વાણી રે. બ્રહ્મ૦ ૧. હરખ શોક માયા, પીડેછે મારી કાયા, અોધાર જગરાયારે. બ્રહ્મ૦ ૨. જે જે પાપો નામે, ધાબ્યો મ્હેં કર કામે, રાખ્યૂં ન ધીર રામેરે. બ્રહ્મ૦ ૩. કાયા છે ભરી નર્કે, મંન તો પાપે ગર્કે, પુણ્યે ન જીવ સર્કેરે. બ્રહ્મ૦ ૪. હું તો છઉં હીણ પાપી, માફી તું બધી આપી, રાખજે જમણો થાપીરે. બ્રહ્મ૦ ૫.

જીવનેશિક્ષા.

(૫૬.)

અગ્નાની ભૂંડા, બ્રહ્મ ભજંન નવ કીધું. ટેક. સંધિ ખોઈ તેં સ્વર્ગે જવાની, નુકસાન હોરી લીધૂંરે. અગ્ના-

ની૦. ૧. ક્ષણભંગુર આ દેહ ધરીને, કરેછે મારૂં તારૂં; તરુણપણાના મદમાં બહુ, જુવતીસૂં એલ્યૂં જારૂંરે. અજ્ઞાની૦. ૨. આ ભવનું મરણાંતે કાંઈ, સાથ ન આવે તારૂં; જે કાયાએ આ રૂપે તું, તે પણ સાથ ન વારૂ રે. અજ્ઞાની૦. ૩. લઈ જવાનું અહિંથી તારે, પાપ પુણ્ય વળાવૂં; એક લૂટી દમરો પ્રાણી, સુખધામ બીજાથી જાવૂંરે. અજ્ઞાની૦ ૪.

જીવનેશિક્ષા.

ધરમે અંધા, સાચ્ચ મારગ નવ જોએ. ટેક. ધોરી રાહે જાવું છોડિ દઈ, ગલિકુંચિયે વટ ખોયેરે. ધરમે. ૧. મલીનતાથી થતા રોગને, હણવા નાહે ધોએ; એ આચારને ધર્મજ જાણે, મૂઢ કપટિ દિલ દોએરે. ધરમે. ૨. પુજા દેવની પિત્તૃની વળિ આદિક કરમે મોએ; પેટ પાળિ ધરિ કરે ધામધુમ, તેથી ન ધરમી હોએરે. ધરમે. ૩. લોક ભુરકવા બાવો થાએ, તપ જપ માંડે કોએ; ભક્તિ કરંતાં પાપ બેવડું, હોરી આખર રોએરે. ધરમે. ૪. કો બટૂક ભેરવ કાળી સાધે, પીર વીર ભુત ધાએ; મારણ જારણ ઉચાટન વિદ્યા, વેમે ગોતાં ખાએરે. ધરમે. ૫. મંત્ર જંત્રથી સિદ્ધ કેહેવાઈ, ભલો ભલો પૂજાએ; અંતરમાં ઠગવાની વાતે, ખરે તે નર્કે જાએરે. ધરમે. ૬. નીતિસ્નાનથી શુદ્ધ મંનથી, ગાયૂં બ્રહ્મ જનોએ; ધ્યાન મારગે ખરા ભાવથી, લિધિ મુક્તી ભક્તો-

એરે. ધરમે. ૭. ધરી ધ્યાન તૂં રહિત કામના, સહિત ભાવ હરિ ગાએ, કહે બુદ્ધિ સજિ નીતિ વીભુતિ, સત મુકતી તો થાએરે. ધરમે. ૮.

જીવને શિક્ષા.

(૫૬.)

જિવ તૂં મૂરખ સમજેરે, કહુછું ઘેલા ફરી ફરી; પારધી તને તાકેરે, સાવધ થાની વેલો વળી—ટેક. હમીઆણી હુંપદાની કીધી એકઠી બહુ સંસાર; ગલા સંચા સિંચિ ભસ્યા ભુંડા ઘણા પાપથી પેટાર, જમ દેખાડી દેખાડીરે છૂંદે તને મારી મારી. જિવતૂં૦ ૧. પુછયું નહીં તેં કયમ હું ધરી આવ્યો અહીં અવતાર; ન નાખ્યો પાયો પુણ્યતણો અહિં તહિં બાંધવા ઘરબાર, ન જાણ એલ મિથ્યારે જબાબ દેવા ભારી ડરી. જિવ તૂં. ૩. ન હઠાવ્યા અસત્ય કામ એ પાપી નાયકો લેશ; ન જાણ્યા તેં ધર્મ અવશ્યે આપ કુટુંબ નાત દેશ, ધાભરો તું થઈનેરે કુટીશ છાતી છેવાઇ મરી. જિવ તૂં૦ ૩. સદ શિક્ષા તપખિરને આંજી ઉરાડી દે તૂં ઊંઘ; ભકતીરૂપી દિવ્ય કમળ જે બ્રહ્મને વ્હાલું તે સૂંઘ, પવિત્ર મન થારેરે, સર્વના પાપ હરે હરી. ૪.

ઇશ્વરપ્રાર્થના.

પરબ્રહ્મ જગ કર્ત્તારે, સ્મરોની ભાઇ હર ઘડી; જાણો અવર મિથ્યારે, હરકતો અહીં આવી નડી.—ટેક. રવિ ચંદ્ર તારા ગ્રહો સમુદ્ર અવનિ ને આકાશ; ઝાડ પર્વત નદી સરોવર એ સહુ તારી કૃતીના પ્રકાશ, નાસ્તિક બુદ્ધિ પાપીરે તત્ક્ષણે તે છાંડે રડી. પરબ્ર૦ ૧. નાનાવિધના જિવજંતૂ ને પશુ પક્ષી મનુષ્ય જાત; નાનાવીધે કરે સંસારમાં હાય કલોલ અહોરાત, એ ભેદ તૂંજ જાણેરે ઋષિ યોગીયો મરે લડી. પરબ્ર૦ ૨. કામ ક્રોધ મદ મોહથી વીંટી કસે બહુ જનદેહ; નીતી સદાચરણે ચાલતા એવા ભક્તો નહિ ભેહ, તૂં દયાનો સિંધૂરે સારૂ થાયે વેળા અડી. પરબ્ર૦ ૩. ન લુબ્ધાઇ પ્રપંચમાં ન પીધું દુર્વિકાર રૂપી ઝેર; પામે તે ભજિ નિરંજનને અહિં તહીં લીલા લેહેર, ઓળખ સારી તારીરે નર્મદા લહે બુટ્ટી જડી. પરબ્ર૦ ૪.

જીવને શિક્ષા.

(૫૬.)

એક બ્રહ્મનેં મૂકી દઇનેં ભ્રમ કાં ભજિયે બેના; બ્રહ્મ ધામના રંગજ ન્યારા પાપ અરણ્યે શેના. ટેક. સગાં સંબંધી સ્નેહી સાથે, ફોકટ કટકટ કરવી; કાળ ઘસારે મારે તારે, નાકલિસોટી ભરવી હો. એક બ્ર૦ ૧. કામ ક્રોધ ને બીજા અવગુણ, તે કચરામાં ચરવું; અંદરથી તે કચરી નાખે, તારે

શું રહ્યું તરવું હો. એક બ્ર૦ ૨. પાખંડી મત વિધવિધ અહીં સહુ, ખટખટ ખટકે ખારી; ધાતુ માટિ ને માનવ મૂર્તિ, હરઘડી દમતાં ભારી હો. એક બ્ર૦ ૩. ભુવનપતી છે અચિંત્યરૂપો, ઝગ ઝગ જ્યોતિ સારી; બ્રહ્મનામ ને નીતીના જય, બહુ બહુ પાપનિવારી—હો. એક બ્ર૦ ૪.

જીવને શિક્ષા.

ચિદાનંદના ધ્યાનવિના કયમ આનંદી થવું ખોજે; સત્ય પ્રેમરસ જો ન પિઉં તો રોજ રિબાઉં સોજે. ટેક. ગઈ રાતની ઘણી ઝંખના તેથી ઊઠી વ્હેલો; ખટપટ ખટલાતણો ખાટલો, શિર લઈ ભમુ હૂં ઘેલો હો. ચિ૦ ૧. સાઠ ઘડીમાં અડધિ ઘડી પણ, ઠરી ઠામ ન હૂં બેસૂં; સ્વાર્થ સાધવા મારૂં ઉછાળા, કહું પરમારથ તે શું હો. ચિ૦ ૨. આ ખરૂં કે તે ખરૂં કહી, વ્હેમી કંઈ ના ઝાલૂં; અતો ભ્રષ્ટ ને તતો ભ્રષ્ટ થઇ, મ્હસ કીચડમાં મ્હાલૂં હો. ચિ૦ ૩. બ્રહ્મ નીતિનો માર્ગ સુધો તે, જોઉં નહીં હૂં અંધો; ક્ષમા કરી અજ મુક રાહપર, નર્મદ જીવડો ખંધો હો. ચિ૦ ૪.

જીવને શિક્ષા.

(૫૬.)

જીવ શિવ કેમ થાએ કેમ થાએ, તુજ અંતરમળ ન ધુવાય, તુંથિ બાહ્યે ભેખ ન તજાય, જીવ૦—ટેક. નીજ ધર્મનો

મર્મ ન જાણ્યો, પરધર્મી રીત જોઈ; કરી કલ્પના નીજ વખોડી, પરધર્મે રહ્યો મોહી. જીવ૦ ૧. રહ્યો મોહી પણ નાજ સ્વીકારે, સ્વારથિયો ઠરી રેશે; લોક મારથી ડરે ઘણો પણ, દીલથકી નહીં લેશે. જીવ૦ ૨. થોડી વારતો ભણેલ તેથી, ખુબ પસ્તાવો કરશે; પછી હૈડાંપર રાખિ હાથને, ઈશ્વરથી નહિં ડરશે. જીવ૦ ૩. બાહારથકી તો આસ્થિક થાએ, અંદર નાસ્તિક હોએ; અજ્ઞાનીને કરે આંધળા, પણ ઈશ્વર તો જોએ. જી૦ ૪. દેવ અને નીતીની વાતો, લૌકિકસારૂ ભાખે; શત્રુમિત્રને સમાન માની, ગળાં જ કાપી નાખે. જી૦ ૫. કેહેવાનું કરવાનું જુદું, ગજદાંતોના ધર્મો; પંથ નામ એ મોટિ સૂંડમાં, છૂપાવે નિજ કર્મો. જીવ૦ ૬. ન્યાતિભેદ તો નાજ પાળવો, એમ ખરૂં પોકારે; કહ્યા પ્રમાણે જાહેરમાં તો, નાજ કરે કો વારે. જી૦ ૭. વિપ્ર શુદ્ર ને યવન મળી સહુ, છૂપા છૂપા ખાએ; પરમાટી મધુ ભાત ભાતના, અંગ ઉમંગે ન્હાએ. જી૦ ૮. વળિ બીકણ થઈ ઓસડ નામે, વર્ગ વિરુધ બહુ પીએ; કાયર તે શુરને શિખ દેછે, છેકજ દૂર ન જઈએ. જી૦ ૯. લુચ્ચાઈ નહીં જેવી તેવી, પાપ નહીં એ ન્હાનું; રૂડું ભાવિક અજ્ઞાની મન, માઠું પંડિત બ્હાનું. જી૦ ૧૦. સત કારણને માટે શૂરાં થયેથિ સ્વર્ગ પમાએ; દિલમાનું હિમતે કરંતાં, જીવ ધર્મી કેવાએ. જીવ૦ ૧૧. સાધુ સંત ને પંડિત જ્ઞાની, ઊંચ નીંચ નવ માને; કર્મ પરત્વે જાતી થઇછે, ગીતા વેદ પ્રમાણે. જીવ૦ ૧૨. જે જે સાધૂ થયા જગતમાં, તે જગથી નહીં બીતા; ગૃહસ્થ છતે સાધૂ થઈ રેવૂં, મુખ્ય

ધર્મ કેહ ગીતા. જીવ૦ ૧૩. ખરો ધર્મ તો એજ સહૂનો એક બ્રહ્મને ગાવું; ભિતર બાર નીતીને પાળી, મુકતી ધામે જાવું. જી૦ ૧૪. ડરી હરીથી ડરી ન જગથી, બુદ્ધી કેહ તે કરવું; સંધા સંકટ સંશય સમવી, નર્મદ શિવ થઈ ઠરવું; જીવ શિવ એમ થાએ એમ થાએ. ૧૫.

ઈશ્વરપ્રાર્થના.

(૫૬.)

જગતના નાથા પરબ્રહ્મ દેવા, ભકતીના ભૂખ્યા કરૂં તુજ સેવા. જ૦ ૧. સમજુ દેહ ધારી પ્રભુ ભજું ન ભારી, ધિક ધિક જીવડા કઠણ તુજ વારી. જગ૦ ૨. ભજનતણું વ્હાલૂં કલ્પવૃક્ષ ઝાલૂં, કામદુહા લહી તુજસૂં હૂં મ્હાલૂં. જગ૦ ૩. હરીનામ જાણૂં કવચ, અભે આણૂં, નર્મદા કેહછે અવર સહુ સાણૂં. જગ૦ ૪.

જીવનેશિક્ષા.

(૫૬.)

જીવ સુધારસ બ્રહ્મપ્યાલો પીલે. પ્રભુ તારો કારક કેવાએ; તારો પાળક કેવાએ; તારો મારક કેવાએ રસિક રંગ ખીલે ખીલે; જીવ સુધા૦ ટેક. ન કાંઇ કૃત્યમાંહિ ખામિ વિશ્વરામ; સકળ ચાતુરી ભરપુર નામ કામ; જગજગરચના સુંદર વામ શ્યામ; તેનો તૂલના, તેજ

રૂપ, તેજરૂપ, તે અરૂપ, ત્રિગુણરૂપ, યશ અનૂપ, ભુવન ભૂપ, અમૃતકૂપ, સુકૃતધૂપ, પાપીલૂપ, ગુણ અખીલે ખીલે. જિવ ૧. નર દેહ રાખિ તું તો શુકર શ્વાન થાએ; તજી ખીક બધી પાપ પૂઠે ધાએ; સુકૃત અંમૃત છોડી દુષ્કૃત રાકૃત ખાએ; ઉત્તમ જન્મનો, હેતુ જાણ, આણી ભાન, તજ અભિમાન, ધરને સાન, કરને દાન, કથા ગાન, નીતિધ્યાન, ભક્તીમાન, બ્રહ્મજ્ઞાન, શિખ મદી લે દીલે. જીવ૦ ૨. કપટ જૂઠ વેહેમ વેરથિ ભરપૂરો; માયા રૂપી નદીનીરનો વિષપૂરો; મહારૌરવે જિવ જાય પાપિ પૂરો; વેદ નેતિ કહે, ઓમકાર, દિલ વિચાર, વાર વાર, તજી ખાર, ખાઈ હાર, રાખી ભાર, સહુ નરનાર, શક્તીસાર નીતી સજી લે જી લે. જિવ૦ ૩. ન આવે સંગ સુએ કોઈ જીવ જાણ; નહીં કામદામધામની એંધાણ; કરતાં પાપ ડરી પુણ્યને બહુ નાણ; ભુંડા નર્મદા, આઠે જામ, તું ઠરી ઠામ, રાખી રામ, સજી સામ, ભીડી હામ, સહુ નિષ્કામ, સરસજ કામ, મુક્તી ધામ, નિત્યજ નામ, બ્રહ્મ ભજી લે જી લે. જિવ૦ ૪.

ખરી ભક્તીનું ફળ.

(૫૬.)

ખરી ભક્તિ તો સાયુજ્યમુક્તિ આપે; બીજાં સાધન છે બહૂએ, કરવે કષ્ટ વિરસ સહુ તે, (પણ) રસમય કરી ચિત્તડૂં એ સંકટ સરવ કાપે કાપે—ખરી૦ ટેક. આ જ-

ન્માંત સ્થિતિ અનંત બ્હાર થાએ; આ જન્માંત સ્થિતિ અનંત માંહ્ય થાએ; તે સહુ જન્મિ સુખ દુખ ભોગવિ મરિ જાએ;—ચોરાસી લાખથી શૂં ના વધતા, ફેરા થતા, જીવને છતા, જાણ્યાં છતાં, ખાવી ખતા, ખોવી મતા, આનંદ લતા, બોધ વીના પાપે પાપે—ખરી૦ ૧. શૂં ના મંતના વીકાર અનેક હોએ; શૂં ના દેવ દાનવ મનુશ શુકર હોએ; શૂં ના રોગ ને નિરૂરોગ દુખ સુખ જોએ;—શેનું સૂખડું તે, છે દુખ જોગ, જાગ્યા ભોગ, હરિ વિયોગ, આણે રોગ, તજવે ભોગ, કરવે શોગ, સુકૃત ફોગ, બચે કોગ, જ્ઞાને જોગ, ધીરજ ઊર થાપે થાપે—ખરી૦ ૨. હીણા જીવનો ન નીમ નીત રેહે; હીણી ઇંદ્રીઓ બગાડે સંધુ દેહે; જેની ના કહેલી તેજ પાછું લેએ; ભૂલે જીવડો, ન ધરે ટેક, વહે છેક, કરમ નેક, જે અનેક, નહીં એક, કરે ભેક, રીબાએ તે તાપે તાપે—ખરી૦ ૩. ભય ને દુઃખ ઘણાં જીવને સપડાવે; અથડાવી ટટેળાવી ખૂબ ડાબે; છતે એમ ચીડાઈ ગાભરો ન થાએ, સત્ય રાખતાંજ, હશે ભાવ, થશે લાવ, જસે તાવ, રૂઝે ઘાવ, તરે નાવ, આ દરિઆવ, પોચે ધામ ક્ષેમ આપે આપે—ખરી૦ ૪.

જીવને શિક્ષા.

(૫૬.)

હરિ સમરન કરના બે જલદીસેં મરજાના. ટેક.
પ્રપંચ મોહકી જાલ પસારી, અંદર નહિં લપટાના;
પતંગ રંગ સબ બસ્તૂ ન્હાંકી, વામે નહિં ભુલખાના. હરિ૦ ૧.

તેરા મેરા માલ ખજના, સબી કુટુંબ પરિવારા;
દેખ દેખતેં બેહ જાયગા, તુંહી પાપ ભરમાયા. હરિ૦ ૨.
સાચ જૂઠ સબ દીલ પિછાની, સાચ સોબતસેં ફિરના;
બ્હોત આફતસેં બ્હોત દુખાવે, જૂઠેસેં નહિં ડિરના. હરિ૦૩
જગકારન જો સાહિબ સબકા, ઉસકા નામ પુકારી;
દેશીકૂં સત રાહ દિખાના, અભીમાન દુર ડારી. હરિ.૦ ૪.

જીવને શિક્ષા.

(૫૬.)

ગાની જીવ વિશ્વનાથ ઠાઠ પરહરી; ઠાઠ પરહરીરે ભુંડા, ઠાઠ પરહરીરે ભુંડા, ઠાઠ પરહરીરે, ગાની૦ ટેક. કલ્પનાથકી બનેલ દેવલાં પુજે, નમણુ સ્પર્શપ્રાશને ન ઘા કદી રૂજે, કોટિ સાધને અજાગલ લેશ ના દુજે, ઠાઠમાઠ પૂજવાથી પૂજ્ય ના સુજે, ઓળખ આપરૂપને તૂં, સત્યને ધરીરે. ગા૦ ૧. ચટ સ્વરૂપ પિતૃ પોષે પિંડદાનથી, ગતિયે પોંચશે તે માન સત્ય ના કથી, કરે ઉપવાસ મંત્રોપાસના મથી, ખેંચે દોરડાં બહૂ ને તીર્થ સ્નાનથી, સરે અર્થ એક નહીં અલ્યા કહૂં ખરી રે. ગા૦ ૨. યંત્ર તંત્ર જુક્તિ છે બિજા ન વેમ કંઈ, ભૂત પ્રેતના વિકાર કલ્પના સહી, સર્વ*શાસ્ત્ર ને પુરાણ દેવકૃત નહીં, કાવ્ય અલંકારથી ગયૂં સહૂ વહી,

---

* વેદ અનાદિછે એ વાત ખરી. શાસ્ત્ર ઇશ્વરે બનાવ્યાં નથી પણ મોટા વિદ્વાન ઋષીઓએ દેશકાળ સ્થિતિ જોઇને બનાવ્યાં છે.

સત્ય સાર માત્ર લઇ ગોષ્ટ કર પરી રે. ગા૦ ૩. કર્મ માર્ગ એ નહીં પણ **નીતી એજ** કર્મ, પૂજવા પાખંડ એ નહિં શુદ્ધ સત્ય ધર્મ, બ્રહ્મ કામ જ્ઞાન લહી સમજિ દેહ મર્મ, પામતિ સાયુજયમુક્તિ બ્રહ્મ નિત્ય નર્મ, જેની આશા સર્વને રે નીતીએ કરી રે. ગા૦ ૪.

જીવને શિક્ષા.

(૫૬.)

મૂઢ બ્રહ્મભજન નવ કીધૂં, કો દી નીતીનું કામ નવ ચીંધ્યૂં રે. મૂઢ૦ ટેક ૧. ભકતીના રસનૂં પ્યાલ્યું ન પીધું, નિત કંચનનું નામ લીધું રે. મૂઢ૦ ૨. દૈવીશિક્ષાથી મન ન બીધૂં, કર્યું કામિનિનૂં મનન સીધૂં રે. મૂઢ૦ ૩. હજી ચિત ચેતી સ્મર ચિદાનંદને, નર્મદાએ સુબોધ દાન દીધૂં રે. મૂઢ૦ ૪.

જીવને શિક્ષા.

પીની પીની પ્રેમાનંદ પ્યાલો, મટી જાશે કળંતો ભાલો રે. પીની૦ ટેક. ૧. અહિંયાં બન્યો જે આવડો ઘેલો, તે તું ડાહ્યો થઈશ કહું વ્હેલો રે. પીની૦ ૨. કડવો તે લાગશે ખરો તે પેહેલો, પછી માગીશ કહાં છે પેલો રે. પીની૦ ૩. પીધા પછી તો મુકવો ન સ્હેલો, કરે શુદ્ધ રસિક નહિં મેલો રે. પીની૦ ૪. નર્મદ કહે હૂં લવું ન ઠાલો, ખરે પ્યાલે લાગે મને વ્હાલો રે. પીની૦ ૫.

ઇશ્વરપ્રાર્થના

(પદ.)

કોની આગળ કહીયે—પ્રભૂ પીડ કોની આગળ કહીયે. ટેક.
મેહેનત કરતાં ધન ન મળે કંઇ, પેટકું ડાબી રહીયે-પ્રભૂ પી૦૧
સાચવતાં વળી તન બગડે ને, બહુ બહુ રોગી બનીયે-પ્રભૂપીડ૦૨
વિદ્યા બુદ્ધીએ મન છે તાજું પણ, ઉલટા મૂરખ ઠરીયે-પ્રભૂપી૦૩
દુખભુલાવવા સુજન મળે પણ, નવછાજે કેમસહીયે-પ્રભૂ પી૦૪
બધી રીતથી હારિ રહ્યાં તુજ, નામે સુખડૂં લહીયે-પ્રભૂ પીડ૦૫

ઇશ્વરસ્તુતિ.

(પદ.)

ઘટ ઘટમાં તૂં રામ. ટેક. રામ ઉપજાવે, રામ બચાવે, મારે તેપણ રામ-રામરામરે ઘટ ઘટ૦ ૧. રામ સુમતિ દે, રામ કિરતી દે, દે મુક્તી પણ રામ-રામરામરે ઘટઘટ૦ ૨. રામ ભિતરમાં, રામ બહિરમાં, સહુનો સાક્ષી રામ-રામરામરે ઘટઘટ૦ ૩.

જીવને શિક્ષા.

(પદ—રાગ કાફી.)

બ્રહ્મકોં, ભજ લે રે પ્રીય પ્રાન. ટેક. ખટપટ સગરી દૂરહી કીજે, ઝટપટ જાના જાન. બ્રહ્મ૦ ૧. રટરટ કીની લટપટ અટપટ, ખટખટ અંતે માન. બ્રહ્મ૦ ૨.

પટપટ પ્રાન રૂ સટસટ સંગી, ટકટક દગ અજાન. બ્રહ્મ૦ ૩. કટકટ નર્મદકી હૈ સાચી, ઝટઝટ ધરીજે કાન. બ્રહ્મ૦ ૪.

ઈશ્વરપ્રાર્થના.

(પદ—રાગકાફી)

પ્રભુ ભવ પાર ઉતાર રે કીધાં ખરે પાપ અપાર મેં. ટેક. ત્રિવિધ તાપથી બળી હું રહ્યોછૂં, કદિ ન ધર્યો નીતિ સારરે. કીધાં ખરે૦—પ્રભુ૦. ૧. ધન જોબન પર બની મદમાતો, ન કર્યો દૂર વિચારરે. કીધાં૦—પ્રભુ૦. ૨. જોતાં જોતાં સહુ પરવારચૂં, ધન સુત યૂવા નારરે. કીધાં૦—પ્રભુ૦. ૩. હવે અકળાએ લવ ન સરે કંઈ, સ્થીર થઈ હરીને ધારરે. કીધાં૦—પ્રભુ૦. ૪. શોચે ઉપાયો આવે અપાયો, ફોગટ હાહોકાર રે. કીધાં૦-પ્રભુ૦ ૫. નર્મદ ભૂંડા કર વિશ્વાસ, આશા પૂરે નિરાકારરે. કીધાં૦-પ્રભુ૦ ૬.

ઈશ્વરપ્રાર્થના.

કર કરૂણા જગપાળરે આલ પ્રભૂ સારી તું સાહ્યતા. ટેક. ચૌદભુવનનો અંતરજામી, સ્વામી શ્રી તું કૃપાળ રે આલ૦ કર. ૧. મોહિની લીલા પ્રેમને પાતી, ગાતી મધુર સતાળ રે આલ૦ કર૦ ૨ અકળ કળા સહૂ અંહિ દરસાવી, આવી શી શિ રસાળ રે આ૦ કર૦ ૩. સનમારગમાં સંતતિ તારી, સારી રહે વણ

આળ રે આલ૦ કર. ૪. તનમનધનથી ભરપૂર થઇયે, રહિયે ભગત બહુ કાળ રે. આલ૦ કર૦ ૫. શુભ દેશ કામમાં પ્રેર મતી બહૂ, સહૂ થઇયે બહુ ન્યાલરે આલ૦ કર૦ ૬. એટલો વર દે હરિવર ચડપે, ઝડપે ભવની ઝાળ રે આલ૦ કર. ૭.

ઇશ્વરપ્રાર્થના.

(પદ—રાગ સોરઠ.)

રે જગનાથા, કાજ તું સાર. ટેક. લાલનપાલન સહુનું કરતો, દેવ દયાળૂ મોટો. રે જગનાથ૦ ૧ લીલા લાડી અદ્‌ભુત પ્રેમી, ઘડવામાં નહિં ખોટો. રે જગનાથા૦ ૨ સુનીતિ વાધે વિશ્વ વિષે બહુ, તુજ ઉદ્દેશ ન છોટો. રે જગનાથા૦ ૩. દેશ હિત કરવે સાહ્ય થજે તૂં, કાંઈ ન ખાઇયે તોટો. રે જગનાથ૦ ૪ સ્ત્રીશિક્ષાનું તરૂ મૂળ ઉંડૂં, આ ઠામે ખુબ ચોંટો. રે જગનાથા૦ ૫. એવું હમે સહૂ જાચીયે છેએ, પાડિયે વિઘ્નના કોટો. રે જગનાથા૦ ૬.

ઈશ્વરપ્રાર્થના.

(પદ—રાગ ધનાસરી.)

આદત માઠી તે આટી કરી હરી, શુભ વહિવાટ બતાવ તૂંરે;
તારી સહાએ જગતને ઝીતૂં, પાખંડમાં પૂરોજ હૂંરે ૧.
સોમ સ્વભાવ રખાવ રોજે હરી, ટેકમાં મૂને ટકાવ તૂંરે-

તારી કૃપાએ ભાવ પુછે કોઈ, અવિવેકમાં પૂરોજ હૂંરે ૨.
મંગળ થાય સેવંતા સદા હરી, પૂજન ભયથી બચાવતૂંરે;
તારી નજરથી જીવ સંતોખે, લોભમાં તો પૂરોજ હૂંરે ૩.
બુદ્ધ તું તીક્ષણ બક્ષિને શ્રીહરી, સારાસાર સમજાવ તૂંરે;
તારી રોશનીથી દુનીયાને દેખૂં, અજ્ઞાનમાં પૂરોજ હૂંરે ૪.
ગુરૂઓએ સર્વસ લઈને હરી હરી, શીખવ્યું છે કરતાં વતૂં રે;
તારી ઈચ્છાએ સદગુરૂ પામૂં, મૂર્ખાઈમાં પૂરોજ હૂંરે ૫.
શૂક્ર માનુછું જગકર શ્રીહરી, સમરણ સૂખડૂં આપતૂંરે;
તારી તજવીજે શી શી ગણૂં હૂં, કૃતઘ્નતામાં પૂરોજ હૂંરે ૬.
શનિશ્વર કરીને નીતિ પળવ હરી, મુકતીપદ દરસાવ તૂંરે;
તારી ઉંર્ફે હૂં નર્મદ જીવૂં, ભવભય મૂઓ પૂરોજ હૂંરે ૭.

ઈશ્વરનીસ્તુતી.

મચ્છ રૂપે થઈ વેદને લાવ્યા, શંખાસુર મારી કરીરે;
જ્ઞાન ક્ષય અટકાવી વધારચૂં, નમું નમું હૂં તે શ્રી હરીરે—૧.
કુચ્છ રૂપે તમે સિંધુ વલોવ્યો, ચૌદ રત્ન કાડ્યાં પીઠ ધરીરે;
વિષ* આપ્યું દૈતને દેવને અંમૃત, નમું નમું હૂં તે શ્રી હરીરે.
વરાહ થઈ પાછી પૃથ્વીને આણી, હિરણ્યાક્ષે જે હૂતી હરીરે;
દુષ્ટ દળીને ધર્મ વધાર્યો, નમું નમું હૂં તે શ્રી હરીરે—૩.
નૃસિંહ થઈ માર્યો હિરણ્યકશીપૂને, પ્રલ્હાદ રક્ષા કરી ખરીરે;
ત્રિભુવનનાથ અનાથનો બંધુ, નમું નમું હૂં તે શ્રી હરીરે—૪.

---

*સુરા એટલે દારૂ દૈતને આપ્યો પણ સુરાનામાં વિષનો ગુણ રહેલોછે માટે સુરાને વિષ (ઝેર) કલ્પ્યુંછે.

વામન થઈ બળીનો છળ કીધો, ત્રણ ડગલાં મોટાં ભરીરે;
ભકતીને અર્થે દાસ થયા તેના, નમું નમું હૂં તે શ્રી હરીરે—૫.
પરશુરામે કરી પૃથ્વી નક્ષત્રી, એકવીસ વાર ફરી ફરીરે;
સહસ્રાર્જુન મદાંધને માર્યો, નમું નમું હૂં તે શ્રી હરીરે—૬.
રામે વિદાર્યો દશ મુખ રાવણ, અસહ્ય જે શીલનો અરીરે;
અદ્‌ભુત કાર્ય કર્યાં તે પ્રસંગે, નમુંનમું હૂં તે શ્રી હરીરે—૭.
કૃષ્ણે પછાડયો કંસ મામાને, વીચારી સગપણ ના જરીરે;
શૃંગાર લીલા રમીને રમાડી, નમું નમું હૂં તે શ્રી હરીરે—૮.
બૌદ્ધ જુએ ખળ પાપ કરે જે, દેવથિ લેશ નહીં ડરીરે;
મહી મમતીને ચુપ થઇ ચડાવે, નમું નમું હૂં તે શ્રી હરીરે—૯.
કલ્કી અશેષ સંસાર સંહારે, મ્લેચ્છ મરે સહુ થરથરીરે;
ધર્મનું સ્થાપન કરે ફરી પાછૂં, નમું નમું હૂં તે શ્રી હરીરે-૧૦.
નીતિ સહિત ભકત રેવા સદાએ, નર્મદ જાચુંછૂં કરગરીરે;
દશ અવતારી લીલા કરી ભારી, નમું નમું હૂં તે શ્રી હરીરે-૧૧.

જીવનેશિક્ષા.

(પદ—રાગ કલ્યાણ.)

રટ તું શ્રીહરિ રસના: રસાળું એ, જો ન રટે, ભસના તુજ નામ ખરૂં. રટ૦ ટેક. ધરી આ નરતનૂ, ભકતી રસ, જો ન પીધો, જીવ્યું વૃથા. રટ૦ ૧. સાચે તે અનુપમ, મિષ્ટ લ્હેરી, બીજા જુઠા, કટુ ઝેરી. રટ૦ ૨. અશકય કેહવાને, નર્મદા હૂં, અનુભવે, તે તો જાણે. રટ૦ ૩.

જીવને શિક્ષા.

(પદ—રાગ કલ્યાણ.)

ઓ પડી સાંજ: ફૂલ ચટ ચૂંટી ચલો, ઓ પડી૦ ટેક.
ભવ વાડીમાં સુકરૂત ફૂલો, વીણે સરે સહુ કાજ. ફૂ૦ ૧
મોહ મોયામાં વિસરી ગયાં તે, કહ્યૂંતૂં જે ગઈ આજ. ફૂ૦ ૨
રખડી રખડી બિજાં ફૂલ વીણ્યાં, પણ તે વીના નથિ લાજ. ફૂ૦ ૩
ઝટ નરમદા તે ફૂલ વીણો, જેથી રીઝે જગરાજ. ફૂ૦ ૪

જીવને શિક્ષા.

(ટપ્પો—રાગ કલ્યાણ.)

બેહેરા સિખામણ સુણવા સહુજન, મા થાઓ બેહેરા—માથાઓ બેહેરારી, માથાઓ બેહેરારી, માથાઓ બેહેરા બેહેરા બેહેરા—બેહેરા સિખા૦ ટેક. નીત નીતિવસ્રો પેહેરી, ગાઓ હરી રંગે, જેથી ટળતા આફત ફેરારે—બેહેરા સિખા૦ ૧.

ઈશ્વરનો ઉપકાર.

(પદ—રાગ કલ્યાણ.)

જો જો વીજના ચમકારા ગાજે આ શો મેહૂલો આ આવ્યો, જો જો૦ ટેક. સૂકું હતૂં બહૂ આજ લગી તો, જીવડો અતી તરસાવ્યો. જો જો૦ ૧. મેર કરી ખરી મેઘરાજાએ, જીવાડ્યાં અંનજલ લાવ્યો. જો જો૦ ૨. નર્મ કહે પ્રભૂ ધન્ય ઓચીંતો, ગ્નાન મારગ દરસાવ્યો. જો જો૦ ૩.

નાસ્તિકપણું મુક્યું તે વિષે.

(૫૬—રાગ સોરઠ.)

રોતો તવ શરણે આવિયોરે. ટેક. નાસ્તિક હૂરે રહ્યો, પાપમાં પૂરો વહ્યો; પીડાબલાએ આવિયોરે. રોતો૰ ૧. બહૂ જગાએ ફર્યો, કહીંએ હું ના ઠર્યો; ઘણૂં મથે ના ફાવિયોરે. રોતો૰ ૨. નર્મદ હારી ગયો, નમ્ર તો ભારી થયો; બ્રહ્મ નીતીયો ભાવિયોરે. રોતો૰ ૩.

ઈશ્વરસાથે પ્રેમ બાંધ્યા તે વિષે.

(ઠુમરી—રાગ ભૈરવી.)

મૈયા પ્રેમ મેં પોનો રે, જીયરો બહોત રસમગ્ન કીનો; મૈયા૰ ટેક. અદભુત સકતી સબ ઘટઘટમેં, રસ તો દેવે ગ્યાની. મૈયાં૰ ૧.

જીવને શિક્ષા.

(ખ્યાલ—રાગ કાલિંગડો.)

બ્રહ્મ ભજીલે રે નીતિ સંગાત લે. ટેક. જીંદેગીકી બત્તી અબ તો આચુકી સમજી લે લે, નીતિ સંગાત લે બ્રહ્મ. ૧.

ઇશ્વરપ્રાર્થના.

(ખ્યાલ—રાગ કાલિંગડો.)

અંબે મોરી માત, અંબે મોરી માત રે. અંબે મોરી૦ ધરોજી લૂલી મોરી બઇયાં, અંબે મો. ટેક. દુસ્મન તો ભારી ભારી સતાવત મુજે, બંદગી કરૂં કૈસી જી જાતહો અંબે મોરી માત. ૧.

જીવને શિક્ષા.

(દાદરો—રાગ ખમાચી.)

અરે તમે કાં ના રટોજી રામનામ. ટેક. એના વના માનો સરવસ મીથ્યા, એજ આવશે કામ. હો તમે કાં ના રટોજી રામનામ ૧.

જીવને શિક્ષા.

(પદ—રાગ કલ્યાણ.)

સાચે રાહે જા, હરી ગૂણ ગા ગા, દુખો જાશે, સુખો થાશે, વ્હેલૂં વ્હેલું માની લઇને—સાચે૦ ટેક. ગલીકૂંચી ઘણી અંહીંયાં, ખડીયાં ને કાંટા; નીતીને પણે તૂં જઈ પોંચે ઉતારે રે—સાચે રાહે૦ ૧.

સાચી પ્રીતિ-ઇશ્વરની.

(ઠુમરી—રાગ ઝીંજોટી.)

પ્રીતી હરીકેરી સાચ, માયાવે મૂર્ખાં માનવીરે-પ્રીતી૦ ટેક. અહીંની તો પ્રીતી બહુ દુખ દેછે; થોડી ટકેછે તે કાચ. માયા—પ્રીતી૦ ૧.

બ્રહ્મદર્શન.

(પદ—રાગ ઝીંજોટી.)

મેં તો બ્રહ્મ જોયુંરે, જ્ઞાન પ્રકાશે-મેંતો બ્ર૦ ટેક. જ્ઞાનપ્રકાશે માયાશીતકેરૂં, ભૂંડું કળતર મોટું ખોયુંરે—જ્ઞાન૦ મેંતો૦ ૧. જ્ઞાનપ્રકાશે નીતીનદીમાંહે, દીલ પાપી પુરૂં ધોયુંરે—જ્ઞાન. મેંતો૦ ૨. જ્ઞાનપ્રકાશે નર્મદા અભેદે, નૂરમાં નૂર મેં તો પ્રોયુંરે—જ્ઞાન૦ મેંતો૦ ૩.

ઈશ્વરપ્રાર્થના.

(પદ—રાગ ભૂપ કલ્યાણ.)

હું હારિ હવે રે; ન બાકી કંઈ, થાકી પડી માગી તેલેરે-ટેક ॥ બહુ લાલચે ફસાઇ, ગઈ તનં મને ઘસાઈ, નહીં સાચ વસ્તુ સાહી—હું હારિ૦ ૧. બધી પાસથી ઘડાઇ, હીણી

નહીં કરૂં ચઢાઈ, કરી નાખીજ તેં ડાહી—હું હારી૦ ૨. નહીં કને કોઈ આસ, થયો સૂનોજ અવાસ, અરી ડોકાવે ચોપાસ—હું હારી૦ ૩. (માટે પ્રભુ) લઈ રાખ તારી પાસ, નથી બીજી કાંઈ આસ, છઊં છેકજ નીરાસ–હું હારી૦૪ સુણી નર્મદા અરજ, કહાડ સામટો મરજ, પડી તારી બહુ ગરજ—હું હારી૦ ૫.

ઈશ્વરને ઓળખ્યાપછીનું આત્મસ્વરૂપ.

(હોરી—રાગ કાફી.)

આકાશમાં ચંદની છટકી, હૂં તો ચકોરપડે ઝટ અટકી આકા૦ ટેક. વાદળું નામે નજરે પડે નહીં, નજરે પડે પ્રેમ મટકી. હૂં તો૦ આકા૦ ૧. અધ્ધર પણ ધીરે રસ પીને, આનંદથી રહી લટકી. હૂં તો૦ આકા૦ ૨. મંનમાં નર્મદ જ્ઞાનથકી રે, ત્રિપુટી ગઈ સટ સટકી. હૂં તો૦ આકા૦ ૩.

ઈશ્વરને ઓળખ્યા પછીનો આનંદ.

(હોરી—રાગ કાફી.)

જ્ઞાન પોકળિમાં પ્રેમ હોજે, રંગે તરતો રહૂં રોજ રોજે. ટેક. ઘટઘટ લીલા લીલી સૂકી તે, જૂદી જણાય ન ખોજે; પ્રીત વિજોગી ને સંજોગી, જોગી ભોગી એક જોજે. જ્ઞાન૦ રંગે૦ ૧. બેન બઈરી દીકરી માતા, પુત્ર પિતા ભાઈયો જે;

સ્નેહીનાં અહિંનાં ન્યારાં હેતો, ત્હાંતો અભિન્નજ મોજે. ત્રા૦ રં૦ ૨. રસમય બ્રહ્મસું લગન લગાડી, બનું રસમગ્ન અખો જે; તે હૂં નર્મદ કદિ ન પિડાઉં, દુખદ અનીતીને સોજે. ત્રા૦ રં૦ ૩.

જીવને શિક્ષા.

(હોરી—રાગ સોરઠ.)

જવાની જીરા હો રહી, અબ તું બુઢાપન મેંરી—ટેક. ઈશ્કે મિઝાજી તુને બહોત કીની, ઈશ્કે હકીકી તું કર લેરી; અબ તું ઈશ્કે હકીકી તું કર લેંરી. જવાની. ૧.

ઈશ્વરની અદ્‌ભુત કૃતિ વિષે—પાતાળ.

અદ્‌ભૂત કૃત્ય પાતાળે, સંતોષે હર્ષ ભાળે, સૃષ્ટીક્રમ કાળ કાળે, કીધાં જે દેવ દયાળે, મૂએલાંને પણ પાળે, આવે નહીં ખૂબી ખ્યાલે ખ્યાલે—ખ્યાલે, બહુ બહુ ઢાળે, બહુ બહુ તાળે, બહુ બહુ ચાળે, મમતે ઠાલે, શું ગાઉં ફાળે—ભિન્ન ભિન્ન બહુ, પ્રવાહિ નક્કર, અધવચરા વળિ, ધાતુ થોક તે, થરે રૂપે સહુ, જેની સંખ્યા, ચાળિસ ઊપર, જે, નામાં કો, સરખા ગૂણો, જણાય તેથી, ગણાય દશ તળ, જે સૌ છે, એક મેક પર, અમુક ક્રમે ને, વિસ્તારે પણ, અમુક જગામાં, આડિ હારમાં, અગ્નિ પાણિથી, બન્યા થરો

તે, રેતિ માટિના, અનેક જાતી, છારૂ કાંકરી, ચૂના પથ્થર, રેતી પથ્થર, સ્લેટી પથ્થર, ઘંટી પથ્થર, પથ્થર ચૂરો, સ્લેટી ચૂનો, પહાડી ચૂનો, ચાક સફેતો, ચકમક સાથે, ચકમક વીના, અબરખનાં પડ, કોયલાનાં પડ, ઈત્યાદી સહુ, સુથાર કડિયા, કુંભાર ખેડુત, લુહાર વગેરે, કારિગરોને ઉપયોગી બહુ; માણસ જાતી, બિજાં જનાવર, હમણાં દીસે, તે પૃથ્વી પર, નહીં પ્રથમથી, તેમજ પૃથ્વી, નહીં ઉજડ પણ, જુદાં પ્રાણિ ને વનસ્પતીથી, અનુક્રમે તે, વસેલિ હૂતી, એમ માનવા ઘણાં કારણો, જૂગ જૂગના, જે જે પ્રાણી, જે જે ઉદ્‌ભિજ, ભૂચર જલચર, દાટેલાં સહુ, પથ્થર રૂપે આખાં મજબુત, પડે દૃષ્ટિયે, તે સઘળાં કો, કોઈ વાતથી, હમણાંનાંને, નથીજ મળતાં, અસ્થિ શૃંગ વળિ, ખાંગડ કોડાં, શંખ ચક્ર ને, સીપ જાત તો, તરે તરેની, ચિત્ર વિચિત્રજ, રમ્ય ભયાનક, કો કો પડમાં, આ સૃષ્ટીમાં, ઘણીજ સુંદર, ધાતુખાણમાં, હીરા માણક, સોનૂં રૂપૂં, તાંબૂં લ્હોડૂં, ઉપયોગી ને, શોભિત્તી ચિજ, દિસે અતીસેં; ફેરફાર સહુ, થયા સૃષ્ટીના, શામાટે ને, શી શી રીતે, તેનો જ્ઞાતા, નહીં માનવી, મથી મથીને, કરે કલ્પના, તોપણ હારે, એવિ ગહન ગતિ, અતિ પ્રભૂની, નાયક મોટો, રંગભૂમિમાં, નાટક ખેલે, વેશો અદ્‌ભુત, ભજાવિ ભારિ, પરબ્રહ્મ ને, દયાનિધી તે, આ સૃષ્ટીમાં, સઘળાં કરતાં, માણસને બહુ, વ્હાલું કરીને, અહિંને તહિંનાં, સુખનાં સાધન આલે આલે, આવે નહીં ખૂબી ખ્યાલે ખ્યાલે ૧.

ઈશ્વરની અદ્‌ભુત કૃતિ વિષે—પૃથ્વી.

અદ્‌ભૂત કૃત્ય આલોકે, સઘળે છે થોકે થોકે, ગુણ રૂપે રંગે નોકે, નહિં ખૂબી વનાનું કોકે, સર્વસ રસમય જ અશોકે, જોતાં જોતાં દીલ ચોંકે ચોંકે; ચોંકે, રસલીન ઝોકે, પણ પછી ઓકે, સ્તુતિ સંતોષે, યશ બહુ ગોષે, ભૂલે જોષે—પ્રથ્વી નામનો, નક્કર ગોળો, અધર રહેલો, આસમાનમાં, પૃષ્ઠ ભાગ તે, ચારે મેરે, વાતાવરણે, વીટલાયલો, જમીન જ-ળેથી, દીસે ભરેલો, જળવિશેષતો, મહાસાગરો, સાગર ને વળી, ઊપસાગરો, જલસંયોગી, અખાત ખાડી, નદી સરોવર, વળી ધોધવા, કેટલાંકને, ભરતી ઓટ છે, પ્રવાહ અંતર, નરમ તુફાની, દીશા દીશાના, વાયૂએકરી, અસર થાયછે, જેને યોગે, મોડાં વેહેલાં, ચાલે વહાણો, એક જગેથી, બીજી જગોએ, બંદર શોભા, દીવા દાંડી, પુસ્તા કિલ્લા, ગોદી ઘાટો, દરીયા વચ્ચે, જમીન તેતો, દ્વીપ નામથી, ઓળખાયછે, કો કો ઠામે, જનાવરોએ, પરવાળાંના, કરેલ પાહાડો, લાંબા પોહોળા, બેટરૂપ વળી, બીજા ખડગો, જનાવરો ને, મચ્છ માછલી, વનસ્પતીગો, દરીયામાં ને, કાંઠે કાંઠે, જાત જાતની, જણાય ભારી,—જમીન વિશેષે, મહાદ્વીપ બે, ખંડ ચાર વળી, ખંડ ખંડમાં, ઘણા ઘણાછે, નાના મોટા, દેશો પ્રાંતો, શેહેરો કસ્બા, ગામ ગામડાં, રસાળ ઉજ્જડ, જમીન કિત્તા, મેદાનો તે, લીલાં સૂકાં, અઘોર રાનો, બીણ ટેકરી, પ્હાડો મોહોટા, કો કો બળતા, જાત જાતનાં, પશૂ પક્ષીઓ, અનેક કીડા, ઝાડપાન ને, ધાતુ સર્વ ને, માણસ જાતી, લ્હેરે લ્હેરેની, રૂપરંગ

ને, પેરવેશમાં, વળી બોલચે, રીત ભાતમાં, કામકાજમાં, તેમજ બુદ્ધિ, નીતિ ધર્મમાં, વિદ્યામાં ને, સ્વભાવમાં પણ, એમ છતે તે, ઘણીક વાતે, સરખાં દીસે, એજ ખુબી છે, કરનારાની, આ સૃષ્ટીમાં, ઈશ્વર કૃત ને મનુષ્ય કૃત સહુ, અદ્‌ભુત કાંમો, પડે દૃષ્ટિએ, તે સઘળાંઓ, બાળકથી તે, ઘરડાંઓની, સ્ત્રી પુરૂષની, આંખે આણે, ઝળઝળીયાં બહુ, સૂખ દુઃખનાં, વારેઘડીએ, ઈશ્વર કેરાં સ્તવન કરવવા, જીવતે બહુ બહુ ટોકે ટોકે, જોતાં જોતાં દિલ ચોંકે ચોંકે—૧.

ઈશ્વરની અદ્‌ભુત કૃતિ વિષે—આકાશ.

અદ્‌ભૂત કૃત્ય આકાશે, વ્હાણૂં ને સાંજ પ્રકાશે, બહુ વર્ષ થયાં ને થાશે, દેખાયૂં ને દેખાશે, તોપણ પ્રાણી હરખાશે, શૂં ભક્ત કવી યશ ગાશે ગાશે; ગાશે, હારીજાશે, મમત ભરાશે, ઠોકર ખાશે, એમ અવિનાશે, રચ્યું ચોપાસે,—સૂર્યમંડલે, મધ્ય બિરાજે, સૂર્ય તેજમય, ગ્રહો ઘણા પણ, કહૂં મુખ્ય અહીં, ગ્રહ એકાદશ, બુદ્ધ શુક્ર આ પૃથ્વિ ચંદ્ર સહ, મંગળ વેસ્તા, જુનો સાતમો, પાલસ સીરિઝ, બૃહસ્પતી તે ચાર ચંદ્ર સહ, સાત ચંદ્રસહ શની તો શોભે, હરશલ નામે ગ્રહ જે આઘો છ ચંદ્ર સાથે, પ્રદક્ષિણા શુભ, કરે સૂર્યની, અનેક અચલિત, પાર વનાના, સૂર્ય સરીખા, તારા મ્હોટા, દીઠા તેના, બાંધ્યા રૂડા, ગણ સત્તાવિશ—અશ્વિનિ ભરણી, તથા કૃત્તિકા, રોહિણિ મૃગસર, આરદ્રા ને, પુનરવસુ પુષ, અશ્લેષા વળિ, ભલી મઘા તો, પૂર્વા ઉત્તરા, હસ્ત તેરમૂં, ચિત્રા ચૌદે,

સ્વાતિ વિશાખા, અનુરાધા ને, જ્યેષ્ટા રૂડું, કહૂં મૂળ પછિ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ ધનિષ્ટા, શતતારકા, પૂર્વા ઉત્તરા ભાદ્રપદા ને, રેવતિ છેલ્લે, નક્ષત્રો એ, અનુક્રમે સહુ, પડે દૃષ્ટિએ, ઠામ ઠામમાં, બાર રાશિ તે, મેષ વૃષભ ને, મિથુન કર્ક સિંહ, કન્યા તુલા, વૃશ્ચિક ધન ને, મકર કુંભ મિન, ધ્રુવનો તારો, અચળજ અળગો, ખૂબી ભરેલા, શોભે સારો, વ્હાણવટી ને, જોષીઓને, ઘણા કામનો, ચમત્કાર બહુ, ધૂમકેતુના, અસંખ્યાત છે, અતી ભયાનક, ગતી તેમની, થાય દિવસ ને, રાત્ર ઋતૂઓ, ભરતિ ઓટ વળિ, ગ્રહણ ચંદ્ર ને, સૂર્યતણા સહુ, રાહુકેતુને, નામે થાયે, એ સર્વે તો, આકર્ષણ ને, ગમનથકી છે, પરસ્પરે બહુ, શું શું વર્ણૂં; નંગ જડિત શુભ, છાજ અનૂપમ, પોલી સઘળી, ઘડી ઘડીના, ચિત્ર વિચિત્રજ, બને નવા રંગ, વાદળકેરા, ઇંદ્રધનુષ ને; વીજ ચમક વળિ, ગર ગડાટ ધુમ, ઈત્યાદિ કૃતી, રમ્ય મનોહર, વળી ભયાનક, પ્રૌઢપણે તે, દરસાવે છે, ગુપ્ત શક્તિને, છે જે કર્ત્તા, સર્વેશ્વર હરિ, સર્વ શક્તિમાન, સર્વ જાણતો, અંતર જામી, બહુ બહુ નામી, અવિચળ ધામી, ઘટ ઘટ વ્યાપક, આપ અલેપજ, નિરંજન ને, નિરાકાર ઓમ્, તથાપિ જ્ઞાને ભાસે ભાસે, શું ભક્ત કવી યશ ગાશે ગાશે. ૧.

ઇશ્વરની અદ્ભુત કૃતિ વિષે—ચૌદબ્રહ્માંડ.

અદ્ભૂત ચૌદ બ્રહ્માંડે, નીતીમય જોત અખંડે, કરે બંડ ખંડ બહુ દંડે, હરે ઝટ ભક્ત પિડ પંડે, મનવાંછિત દેવા

મંડે, સચ્ચિદાનંદ રૂપ હરિ વંદે વંદે; વંદે, શીતલ ચંદે, આનંદ કંદે, મુક્તાનંદે, કીર્ત્તિ વૃંદે, શું ગાઉ છંદે;—એક અજર અજ, અમર અમળ ઝળ, ઝળ ઝળ ઉજવળ, અચળ અકળ કળ, અરૂપ સરૂપ રમ, અનાદિ અનુપમ, અગમ નિગમ ગમ, અગાધ ગુણ ઘન, જન તન મન ધન સુખ તણું કારણ, ખળખળ મારણ, ભગત ઉધારણ, સતત નારાયણ, બ્રહ્મ પરાયણ, જગત કરણ તું, નાટક રમણં, તાપોસમનં, વેદે મનનં, જનનં મરણં, ભવભય હરણં, ધરણી ધરણં, તારણ તરણં, અભરાભરણં, અંમૃત ઝરણં, પ્રભુ તવ ચરણં, અશરણ શરણં, જય જગજિવંન વિજયાનંદે, સચ્ચિદાનંદરૂપ હરિ વંદે વંદે. ૧.

ઈશ્વરપ્રાર્થના.

(ગઝલ—સરારારે અરે બુલબુલ એ ચાલ.)

ખલકના રે ખુદા ખાવંદ, ખમા કર ખો બુરી તું બુલંદ. ખલ૦ ૧. જુવાનીનો તપ્યો આફતાબ, ન પીધો તૂજ ઇશ્કે શરાબ. ખલ૦ ૨. ખોયૂં ખૂબ આ આદમિયત આબ, છે લીધો સંધેથીજ સરાપ. ખલ૦ ૩. દુશ્મન મંડ્યાજ કરવા કવાબ, કરી દે મેહેર પુરા મેહેતાબ. ખલ૦ ૪. જુવાની રંગ રમ્યો તે ખાબ, કરૂં અફસોસ ન રાખ્યો દાબ. ખલ૦ ૫. પઢ્યો નહીં નીતિની કીતાબ, મળે સાનો કો નેક ખતાબ. ખલ૦ ૬. કસ્યાં બદી કામ ન થાએ

હી સાબ, મળ્યો ન ફકીર મુલ્લાં નવાબ. ખલ૦ ૭. ભરી વીવેકની ફુલ છાબ, પછી પૂજૂં હું તુજ અલકાબ. ખલ૦ ૮ કરૂં જો હૂં નર્મ રોજ સવાબ, ખરે ખુદ રાખે હજુર જનાબ. ખલ૦ ૯.

ઈશ્વરપ્રાર્થના.

(ગઝલ— એ ક્યા ઇશ્ક આશ્ત ઊઠાને લગા એ ચાલ.)

ઓ કાં ચંડિ મુજપર તું રૂઠી રહી, કારે સિદ્ધિ દેખીરા ત્રૂઠી રહી—ટેક. મારી ચારમેરે દેહેશાત ફરે, અગન રૂવે રૂવેજ ઊઠી રહી. ઓ કાં૦ ૧. દીલોજાન સંગે ગયો જાન હો, ખરે ભૂંડી આ દેહ જૂઠી રહી. ઓ કાં૦ ૨. હું ભટકૂં દીવાનીજ ફીકી પડી, ન લાજે ભરી બાંધિ મૂઠી રહી. ઓ કાં૦ ૩. રસિક નર્મ સંજીવી પોથી ગઈ, પડી ભૂઠી હીણુ દૈવી પૂઠી રહી. ઓ કાં૦ ૪.

ઈશ્વરપ્રાર્થના.

(ગઝલ—માલુમ ન થા મુજકુંયાર.)

ખાવંદ ન થા બહુ કફા તું, રે હવે પસ્તાઈ. રે હવે પસ્તાઈ સાહેબ રે હવે જોની ખુદા, રે હવે માફી ખુદા, રે હવે પસ્તાઈ ખાવંદ. ટેક. હું તો કેતી હતી રોજે બદી

નહિં કરૂં કો દી; ગઝબ તે શો કર્યો મેં ભુંડી કેવીરે લલચાઈ—ખાવં૦ ૧. ચાલી બીતી બીતી રોજે, રખે કંઈ આળો ચોંટે; તે હૂં આ મોહ જાળે પડી, સેજમાં ભુરકાઈ—ખાવંદ૦ ૨. અબળા સામું તું જોઈ ગુન્હાની માફી દેને; નર્મદા ખૂબ સાચે રડી, પાસ લે લઈ સાંઈ—ખાવંદ૦ ૩.

ઈશ્વર પ્રાર્થના.*

(ભુજંગી વૃત્ત.)

અહો જાગતા દેવ તું સ્વામિ સાચા,
ભિડે હામ ગાવા ક્યમે બાલવાચા;
કૃપાકારિ ન્યારી અપારી રસાળી,
લિલા લાહિ ડાહી સહૂ કીર્તિ વાળી ૧.
બહૂ તારિ શક્તી વસે ઠામ ઠામે,
દયાની કૃતી તો દિસે કામ કામે;
ગુણો ભારિ ભેદો વિચારો હજારો,
નથી જાણતા માનવી મૂઢ આરો ૨.
શશી સૂર્ય તારા ગ્રહો ધૂમકેતૂ,
મહાભારતી કામ છે સાથ હેતૂ;
હવા પ્હાડ ને નીર નાના વિધીનાં,
સહૂ જીવ દીસે અનેકી મતીના ૩.

---

*આ પ્રાર્થના ઈસવી સન ૧૮૫૭ ની ૪ થી અકટોબરે, સંવત ૧૯૧૩ ના આશો વદ ૧ વાર રવેઉને દીને મામાદેવીમધ્યે વાંચવામાં આવી હતી.

ધણા ભક્ત તો જાણવે તારિ છાની,
ગયા હારિ ને શક્તિને મોટિ માની;
સહૂ પામરે પાળવી તારિ શિક્ષા,
ભણી ભક્તિનીતીજ દેવી પરીક્ષા ૪.
જગન્નાથ તૂં સિંધુ છે નીતિ કેરો,
કરે નાદ જેવો વળી રાગ ભેરો;
ભયંકાર ગંભીર આશ્ચર્યકારી,
કૃતી શોભતી સારતી સૂખ ભારી ૫.
સહૂ સારમાં સાર છે તારું નામ,
જગાએ જગાએ જપૂં આઠ જામ;
શિખો આપતી સાદિ ગંભીર રૂપે,
ખુબી ખાસિ ભાળી લહૂછૂં અનૂપે ૬.
બહૂ દુઃખની વેળમાં કોઈ નાહીં,
સગાં ઈષ્ટ તો મંદને જોય આહીં;
ભરોંસે રહી બ્રહ્મને દીન ગાળૂં,
દિલાસો ખરો જીવને તૂં કૃપાળૂ ૭.
ઘણૂં શૂં કહૂં તુજને જગતરાયા,
કહે થોડું જાણે ઘણૂં તૂં અમાયા;
બહૂ નીતિ ભકતીતણૂં જ્ઞાન આલ;
ભવીપાશથી છોડવી પાસ પાળ ૮.

(પદ—રાગ કાફી.)

કૃપાધના સંકટ જાણીને આવ—ટેક. ભક્ત તારા ગુણ ગાએ સદાએ, ધ્યાન ધરી જગરાવ. કૃપા૦ ૧. બંડખો-

રોએ ત્રાસ પમાડી, કીધો સુખ અટકાવ. કૃપા૦ ૨. ભકતને કાજે દુરિજન દંડ્યા, જુગ જુગ સાધી દાવ. કૃપા૦ ૩. શેષ વેદ થાક્યા, ગાઈ તૂંનેરે, પામરનો શો ટકાવ. કૃપા૦ ૪.

(૫૬.)

સમરથ દેવા દયા બહુ તારી, પ્રભૂ તૂં આવને વારે હ-મારી—ટેક. જગતના સ્વામી અંતરજામી, કીરત નામી ને ન્યારી; સંકટ સમયમાં સાહ્ય કરે તૂં, દીલે દયા અતિ ધારી. પ્રભૂ૦ ૧. અભિમાની પાપી દુષ્ટ હરામી, બહુ તેં વિદાર્યા ભારી; ભક્ત ને રંકનું પાલણ તારણ, કીધૂં તેં વ્હાલ વધારી. પ્રભૂ૦ ૨. હમે પાપી છૈએ શરણ તુજ દેવ, ધર કર ગયા હવે હારી; સુખકર રાજ અવીચળ કર તૂં, સ્થિરતા સુમતિ દઈ સારી. પ્રભૂ૦ ૩. દુષ્ટ અમર્યાદ બંડખોરોની, વેલી ઉતારી ખુમારી; જયજયકાર ઇંગ્રેજી ધ-જાનો, નાદ ભણવ જઈએ વારી. પ્રભૂ૦ ૪.

(દોહરા.)

ઇંગ્રેજી જહાં રાજ છે, જૂલુમ ના દેખાય;
ઉદ્યમ ઠામોઠામ બહુ, ધરણી ધમધમ થાય ૧.
અનેક ધનવંતા ગરિબ, સમન્યાયે તોળાય;
વરૂ ને બંકરી બે જણાં, પાસ પાસ જોવાય ૨.
ઘણું ધન વ્હેંચાતૂં ફરે, વિદ્યા નિતિનૂં માન;
રાંક નેન રાયે ડરે, પરસ્પરે સુખતાન ૩.
દેશબઢતિને કારણે, નિત્ય સાધનો થાય;
પ્રજા સરવ સુખથી રહે, હેતૂ એ જોવાય ૪.

ઇંગ્રેજી જહાં રાજ ત્હાં, સરે સંપ સુખ જોય;
ભાઈબંધની પ્રીતડી, રાય રાંકમાં હોય ૫.

અહા દયાળૂ રાજને, સંકટ આ શી પેર;
સંકટ મોટૂં જાણિને, હરિ વળ વારે વ્હેલ　૧.
વિનતિ હમારી માનિને, સાહ્ય થજે જગબાપ;
રાજ્યનું રક્ષણ કર સદા, દંડ દુષ્ટને આપ　૨.
બંડદગાને દાબિને, શાંતિ દેશમોઝાર;
દીન દયાળૂ નાથ કર, સંપ રહે સહુ સાર　૩.

(ચોપાઈ.)

જે ભગત કિરપા હરિ જોય, તેને કંઈ નહિં ઊણું હોય;
મસ્તક તુજ ખોળે કિરતાર, કર સુખ સંકટને નીવાર　૧.

(ઓવી.)

સર્વજ્ઞ એવો પ્રભુ એક, ભક્તને આપેછે સુખ;
તેમ રાજા પ્રજા પાળક, નથી એ સરખો અવર.　૧.
રાજા મોટો નીતીમાન, કોઈ નહીં એના સમાન;
માટે ઈશ દેઈ કાન, જય જય કરો સર્વદા.　૨.

(દોહરા.)

ભક્તીઅર્થે એકઠા, થયા સર્વ આ ઠામ;
સંકટ વિઘ્ન ન કોઇને, ભજિયે જગપતિ નામ. ૧.
ઉતપન કરતા સૃષ્ટિનો, પાળક નાશ કરંત;
સમરથ દેવા સાહ્ય થા, કલ્પતરૂ તું ફળંત.　૨.

(ભુજંગી વૃત્ત.)

દયાસાગરા માનિ લેરે હમારી,
વિનંતી બહૂ સ્વલ્પ જે ભાવ વાળી;
તજી રીસ ભક્તોનિ સંભાળ લેને,
કરે માત જે રીતથી બાળકોને. ૧.
ખળો નાશ કર્તા અને સાધુ પાળા,
મિઠી દૃષ્ટિથી બાળકો જો તું વ્હાલાં;
બહુ હેતથી શર્ણ આવ્યા હમોરે,
સહૂ રીતના આલજે રક્ષણોરે. ૨.

(ગીતિ વૃત્ત.)

આ રાજાને સર્વે, માને રાજા બિજા બહૂ નામી;
કીર્તી દેશ વિદેશો, ગાજી રહિછે ઘણીજ રુડિ રામી. ૧.
શૂર દયા તે કરવે, શોભે ગૂણે બહૂ કરણ રાજા;
રાજા ધિર ગંભીરો, જય જય કર હરિ વધાવિયે લાજા. ૨
ભક્તનિ સંકટ વેળા, ભક્ત તરફનો સદાય તૂં દેવા;
વ્હેલો આવનિ આંહીં, સ્ત્રી બાળક સહુ ઉગારિ રે દેવા. ૩
રાજ્ય રહે રાણીનું, સદૈવ કેહ બાળ ને તરુણ વૃદ્ધ;
વર માગેછે એવો, પ્રારથના કરિ હરી તણી સિદ્ધ. ૪
હે પ્રભુ દીન દયાળૂ, આ રાજાને ઘણા યશો હોય;
દીન વિનંતી માને, સંકટ નાવે ફરી કદી કોય. ૫.

(લલિત વૃત્ત.)

હિણ પુરૂષ તે હેતુ ના લહે,
મુરખ ઝૂમમાં રૂડું ના સહે;
સુધરવૂં નહીં તેમને ગમે,
અવરને વળી મારથી દમે. ૧.
સલુક સંપ ને સ્થીરતા ભલી,
લુણહરામિને હુલ્લડે પળી;
દિન દયાળ તૂં પુણ્યનૂં પણ,
સહુ કુયત્ન તે ઝટ્ટ તૂં હણ. ૨.
ફરિથિ સ્વસ્થતા ન્હેલિ આણરે,
સરવ જંનના દુઃખ જાણરે;
વિઘન સર્વને હાંકિદે દુર,
રયત લોકને ઝંપતા કર. ૩
કરમ રૂડું જે સૂધરાઇનૂં,
કર તું પાછું રે જારિ ચાલતૂં;
દગલબાજને શાસનો કરી,
વિજય દે તું ઇંગ્રેજને ફરી. ૪
નરમ પ્રાર્થના દીલમાં ધરી,
જલદિ આવિને સાહ્ય થા હરી;
ગજવ ચો દિશે આજ રાજની,
જય જયો જયંકારની ધ્વની. ૫

ઈશ્વરના ઉપકારમા તેનું સ્તવન.*

(સોરઠા.)

જય જય જય જગદીશ, વીશ વશા સંપૂર્ણ અહ ;
બહુજ પડાવી ચીશ, રીશ તજાવી દુષ્ટની ૧.
જગતનાથ હરિ રામ, નામજ સાચૂં તાહરૂં;
જપિયે આઠે જામ, કામ કરીયે પાર સહૂ ૨.
નિષ્કલંક સજિ ભક્તિ, શક્તિ ગાઈ તે સાંભળી;
કીધા તેં પ્રભુ મુક્ત, બંડખોરના ત્રાસથી ૩.

(પદ—રાગ સોરઠ.)

રે જગદેવા, સાહમૂં જોયૂં—ટેક. કાજ કરંતો સમરથ વાલી; તુજ સમોવડ નોતો. રે જ૦ ૧. જીવ્યાની આશા મેહલી સહૂયે, કાળ તે તાકી જોતો. રે જ૦ ૨. બાવરાં બનીને ભટકી કેહેતાં, ઉપાયો કોઈ ગોતો. રે જ૦ ૩. ગોતતાં ગોત્યૂં ભજનજ જેણે, કાળને કાહડ્યો રોતો. રે જ૦ ૪.

(લલિત વૃત્ત.)

અસુર ત્રાસથી તૂં મુકાવવા,
વિનતિ સાંભળી રંક પાળવા;

---

*આ સ્તવન મામાદેવીમાં વાંચવાસારૂ રાજમાન્ય રાજશ્રી જગન્નાથ શંકરશેઠની વિનંતી ઉપરથી બનાવવામાં આવ્યું હતું તે તા૦ ૨૮ જુલાઈ સને ૧૮૫૯ ને દીને ત્રણ કલાકે મામાદેવીમાં દવે લાલશંકર પુરૂષોત્તમે વાંચ્યું હતું.

જલદિ આસરો શણિને દિધો,
પછિ સુરૈયતે સંપને પિધો ૧.
સકળ કામમાં ચિત્ત નોહતૂં,
રુધિર લોકનૂં તો બળી જતૂં;
કલકલાણ તો ખૂન રે થતૂં,
ભિતરમાં નહીં બ્હાર દોડતૂં ૨.
ગરિબ સામું રે જોયું દેવ તેં,
મરણથી સહૂ મૂકવ્યાજ તેં;
ઘણિજ મોંઘવારી હતી અરે,
ફરિથિ સોંઘવારી કરી ખરે ૩.
સરવ કાર્ય જે સૂધરાઇનૂં,
શિરૂ થયૂં ખરૂં રૂડિ રીતનૂં;
સકળ વિઘ્ન જે દેશને નડે,
હણિ કરી કિધૂં કોઈ ના લડે ૪.
બહુ બની હતી બાવરી વળી,
રૈયત બાપડી સદ્‌ગુણી ભલી;
(તોપણ) શરિર સાધ્યતા આપિ કોઈયે,
ધનતણી ઘણી જેનિ જોઇયે ૫.
વિનતિ તાહરી જે હમે કિધી,
બહુ અનાથની ઝીલિ તેં લિધી;
અહરનીશ રે માગતા વર,
તરત આપતો તેં કરચો કર ૬.
જય કર્યો રુડો ઇંગ્લિશો તણો,
નહિં વળાયરે પાડ તે ઘણો;

ગર્જવિ હાક તે રાણિની ખરી,
ફરિથિ ચો દિશે ધન્યરે હરી ૭.

(ગીતિ વૃત્ત.)

હે પ્રભુ શું ગુણ ગાવા, ઉદાર મનથી ઘણી ગરજ સારી;
રાણીનો જય કીધો, ચોળી નાંખી સહજ અરિ કસારી. ૧.
દિનહિનના પ્રતિપાળૂ, સ્થિરતા સઘળે ફરીથકિ પસારી;
બળતામાં તેં પાઈ, હમને શીતળ સુધા ગળી સારી. ૨.
બંડકરૂ મદમાતા, તાતા જેના સ્વભાવ તો ભારી;
મારિ કસ્યા ચકચૂરા, હમે અનાથો થયાજ આભારી. ૩.
માન્ય વિનંતિ કરી તેં, ભૂલ્યો નહિં પણ તું રાખિ સંભારી;
ઠોકયા કટાક્ષ લઠ્ઠે, લઠ્ઠા જઠ્ઠા હતા બહુ સભારી. ૪.
થઇ હરિ પ્રસાદ શકતી, રાણીદળબળતણી સુસહચારી;
થકવિ હરાવિ નસાડી, બંડકરૂને છુંદયા દુરાચારી. ૫.
લૂણહરામી બંડો, કીધાથી જે થયા ખરે ખર તે;
સંહાર્યા હરિ દુષ્ટો, કીધી હમપર દયા ખરેખર તેં. ૬.
રાણી વિજયી કીધો, સુખસાતા તે પ્રજા-સરવ જનમાં;
પાડ ન કાં તોળીયે, ભજનમનનનાં ગજાસર વજનમાં. ૭.

(ભુજંગી વૃત્ત.)

હરે હે હરે હે હરે હે હરે રે,
સહૂ લોક કેતા અનાથો ખરે રે;
પ્રભૂ કેમ થાશે હવે રે અરે રે,
હમે શર્ણ છૈયે તુને રે હરે રે. ૧.

સુણી પ્રાર્થના દાઝ તેં જાણિને રે,
ઝિંતાડી દયાળૂ રૂડી રાણિનેરે;
કિધાં કાજ તેની સ્તુતી ગાઇયે રે,
પ્રભૂ ઊપકારો ઘણા માંનિયેરે. ૨.
હિરણ્યાક્ષ શંખાસુરો કંસ માર્યા,
હરામી મધૂકૈટભોને પછાડયા;
વળી ચંડ મુંડો અને કુંભકર્ણ,
શિશૂપાળ ચાણૂર જે નીચ વર્ણ. ૩.
બહૂ ભકત અક્રૂર ને અંબરીષ,
ગયોરે તું પ્રલ્હાદ વ્હારેજ ઈશ;
સુદામા અને દ્રૌપદી સામું જોયૂં,
પછી દુષ્ટ દુર્યોધને પોત ખોયૂં. ૪.
કરે ભકતનાં કાર્ય તૂં ઊલટે રે,
કૃપાસિંધુ લેશે નહીં તૂં લટે રે;
વિના તૂં નહીં શત્રુ સંખ્યા ઘટે રે,
વિના તૂં નહીં દીલ દુઃખો મટે રે. ૫.

(દોહરા.)

જય જય જય તૂં બ્રહ્મ ઓ, જગના રે વિશ્રામ;
સહુ સમરથ સરવજ્ઞ છે, ભયભંજન તુજ નામ. ૧.
હવે એટલૂં માગિયે, ખરા ભાવથી જાણ;
નિર્વિઘ્ને રાણી કરે, રાજ રૂડું નિર્વાણ. ૨.

ચરાની આણ ફરે ઘણી, જ્યારે રૈયત રાજિ;
તેની અક્ષય કીર્તિ સહુ, રહે સર્વથા ગાજિ. ૩.
દેશાતણી સંપત વધે, વધે પ્રજામાં નૂર;
ધમ ધમ ઉદ્યમ તો કરે, કરે કર્મ સહુ શૂર. ૪.
વિદ્યા હુન્નર તો વધે, વધે નીતિનાં જ્ઞાન;
સતસુખ શોધો સહુ કરે, કરે બ્રહ્મનાં ગાન. ૫.

ઈશ્વર સ્તુતિ.*

(ગીતિ વૃત્ત.)

આહા વિશ્વજનક હરિ, અરિને માર્યા કર્યાજ સરતા તે;
જોવે અનાથ આંખે, કાંકે પણ ના કરી કસર તાતે. ૧.
તારૂં કામજ એ જે, દુષ્ટ હણીને ઉગારવા રંક;
વંકાયા વણ કાંઈ, વ્હારે આવ્યો પ્રભૂ તું નિઃશંક. ૨.
તત્પર હરી નિરંતર, દિન આર્જવ તે કર્યા અહહ માન્ય;
જ્યારે જાતે આવ્યો, લાભો થાશે હવે અસામાન્ય. ૩.
ગજબ થયો જે મોટો, જિવમાલોનો ઘણો ઘણો નાશ;
વધતો જાતજ તેરે, અટકાવ્યો તેં ખરેજ અવિનાશ. ૪.

---

* આ સ્તુતિ ડાકટર ભાઉ દાજીના ઘરમાં વાંચવાસારૂ બનાવવામાં આવી હતી તાંહાં એ તથા મામાદેવીમાં વાંચવાસારૂ બનાવેલું સ્તવન વાંચી સંભળાવ્યામાં આવ્યાં હતાં.

રંકભણી તેં જોયૂં, અનાથજનની લિધી સુસંભાળ;
એ ઉપકાર જ મોટો, હણ્યો હરીયે ભુંડોજ દુષ્કાળ. ૫.
થાતી દેશ ખરાબી, તેથી તેં હરિ ઉગારિ રે લીધા;
ઇંગલિશ જય હોવાથી, સ્થિરતાનદિજળ હમે રુડાં પીધાં. ૬
બંડ દગા છળ દાબી, સંકટકટક જ કર્યૂં સકળ ચૂર;
સૂધારાને નડતાં, વિઘ્નો સઘળાં કર્યાં વળી દૂર. ૭.
એ સઘળાંનેસારૂ તારો મોટો હમપર ઉપકાર;
વિનતિ હવે છે એકે, દેશ બઢતિ તે કરવિ જરુર ધાર. ૮.

(ચામર વૃત્ત.)

સર્વની વિનંતિ દીન સૂણ ભક્તવત્સલ,
ભૂલિ રે ગયાજ વાટ દેખતા નથી ફળ;
કામમાંથિ લાવિ વેળ સારું જો પ્રભૂ પળ,
દેશમાંહિ ફેરવાવ રે સુસંપની હળ. ૧.
બુદ્ધિ દે તું રાણિને દયાથિ રાજ કે કરે,
જેથિ રૈયતો સહૂ સુરાજભક્તિ આદરે;
એક મેકનીં વધેજ પ્રીતિ તે પરસ્પરે,
ઉદ્યમો વધે અને સ્વદેશકોશને ભરે ૨.
હુંનરો હજારના સુલાભ દેશિયો જમે,
દુર્ગુણી કુવાટમાંહિ લેશ કોઇ ના ભમે;
સિદ્ધ ને રસાયની પદાર્થ અર્થમાં લિયે,
કાવ્યશાસ્ત્રના રસો ઘણીજ હાંસથી પિયે ૩.
નીતિ ને સ્વધર્મ પક્ષ રોજ રાખિ તે રહે,
પાસ નિર્મળાં અનેક સૂખ સાધનો લહે;

બ્રહ્મ તૂજ પાસ એટલોજ માગિયે વર,
આપ તે પ્રસન્નતાયિ ઝાલિ દીનના કર ૪.

(દોહરા.)

રે બ્રહ્મ જગનાથ તૂં, રિદ્ધિસિદ્ધિના સ્વામિ,
દીન ઊપર કરતો દયા, સઘળે અંતરજામિ. ૧.
કીધેલા ઉપકાર તે, કયમ ભુલિયે જગબાપ,
પાપ તણી માફી કરી, માનવાંછિત વર આપ. ૨.
રાણી રાજ્ય કરો બહૂ, પસરો અક્ષય કીર્તિ
રાયરંકની નિત વધો, સુખદ પરસ્પર પ્રીતિ. ૩.
દ્વિવેદિ નર્મદશંકરે, કરચૂં સ્તવન આ ઠાર
શ્રોતા સહુએ બ્રહ્મનો, બોલો જયજયકાર. ૪.

ઇશ્વરના ઉપકારમાં તેનું સ્તવન.

(પદ.)

જગકર દેવા નામ રસાળ, માનીજ સેવા દીનદયાળ. ટેક. ભય મોટું જોઈ, પ્રજા તે રોઈ, શત્રુની સેના કીધી તે મોઈ. જગ૦ ૧. તું સર્વજ્ઞ એક, બીજાયો છેક, તજ્યો તેં વ્હેલ શત્રુનો ટેક. જગ૦ ૨. બગડ્યો આચાર, નોતો આધાર, ખરેખર કીધો મોટ ઉપકાર. જગ૦ ૩.

ઇશ્વરના ઉપકારમા તેવું સ્તવન.

(હરિગીત વૃત્ત.)

કુમળાં બાળક રત્ન જેવાં, ફેંકિ દીધાં ચીરિરે;
માબાપ ટકટક જોઈ રેહે, દાંત દુષ્ટે પીસિરે. ૧.
સુંદર નાજૂક નારિ રૂડી, ખુણમાં ગોંધી મૂકિરે;
તલવાર બેયોનેટથી ઓ, કતલ કીધી સૂકિરે. ૨.
ચૂરે ચૂરા અંગના કરિ, કૂવામાં તે પૂરિરે;
એ રીતે હીણ મોતથી મુઈ, શીલ શાણી શૂરિરે. ૩.
રૂધીરના નદ મોટ તેહમાં, માંસ હાડો હોડિરે;
ખૂનીયો સહૂ હાંકવામાં મોટિ માણે ગોડિરે ૪.
કૂમળી જાતી જુલુમ વેઠે, આંખ કયમ રહે જોઇરે;
કૂમળી છાતી ફાટિ જાતી, ત્રાહ્ય ત્રાહ્ય બહુ બોલીરે. ૫.
નિરપરાધી પ્રજા સઘળી, કીધી નુરમાં ઝાંખિરે;
વરસાવી બહૂ બીક તોડી કેદી બેડી નાખિરે ૬.
આજે આંહાં કાલે તાંહાં, બૂમ બધે ભારિરે;
માર ફાડ ને લૂટ નાહસ, ઘડિયે ઘડિયે જારિરે ૭.
પાકેલ ખેતર ચળકતાં ને, નગર ગંમતકારિરે;
વિશાળ સુંદર કોટ કિલ્લા, હવેલી સુઆટારિરે ૮.
એ સહૂને કરિ ભૂબરોબર, બાળિ તોડી ભાંગિરે;
સહૂ જીવને વળી જીવનગાળા, ખાતરમાં ના કાંઇરે. ૯.
નફી કોઈ કોઇનું નહીં, પુત્ર ન જોયે જીજીરે;
માબાપ રઝળે ભાંડુઓસહ, સૂત્ર* વેઠે બીજિરે. ૧૦.

---

* સૂત્ર એટલે ઘરસૂત્ર.

જુલમ જુલમ બહુ રહ્યોજ વ્યાપિ, જનો ઊંચાં જોઇરે;
કાંહાં જઇયેને કેમ જિવિયે, બોલે ડચકે રોઇરે. ૧૧.
પૂર્વે થયલા દાનવો ફરી, અવતર્યા શું આંહિરે;
નહીં વર્ણાયે ઝૂનિ કર્મો, ન મળે જોડો કાંહિરે. ૧૨.
સહુ દુષ્ટ દાનવો પાપિ ભૂંડા, કો લે તેથિ ઉગારિરે;
ઇંદ્ર રાય તે એકિલા શું, ધરે હામ વિચારિરે. ૧૩.
બ્રહ્મ વિનવ્યો પ્રજા દેવે, ઇંદ્રને થા સાહિરે;
દયાસિંધુ તૂં સૂણિ આવ્યો, વ્હેલ વ્હારે ધાઇરે. ૧૪.
બંડખોરનો નાશ કીધો, પકડી લૂલી બાંહિરે;
રંકનૂં તેં કીધું રક્ષણ, પાડ મોટો આંહિરે. ૧૫

નર્મકવિતા.

ખંડ ૨.

નીતિ સંબંધી.

ક્ષણિક્ જગત્.

(દોહરા.)

સર્વ મોહ સંસાર છે, ક્ષણુભંગુર વણસાડ;
માણસ નિત્ય ઠગાય ને, પાપજ કરે અનાડ. ૧
હરખ હાસ દુખ આંસુ તે, ખોટાં ચળકે વેહ;
સાચ વસ્તુ નહિં અહિં કંઈ, સાચ હરીનો નેહ. ૨
કીર્ત્તીની કલગીતણી, તેજી જૂઠી થાય;
વાદળ રંગો સાંજરે, જલદી જલદી જાય. ૩
પ્રીતી આશા રૂપના. ખરે જ ખિલતા મોર;
ભૂખર વાયૂ મોતનો, તેનૂં મોટૂં જોર. ૪
ભવના ભવ દરિયા વિષે, તોફાનો બહુ થાય;
તેમાં પામર પ્રાણિયા, ઘસડાતા સહુ જાય. ૫.
દુખિયારી મૂસાફરી, ઘોરંધારી રાત;
અહિંથી તહિં મોજાં વતી, ખાય પછાડી જાત. ૬
બુદ્ધિ કીર્ણ રળિઆમણો, તર્કતણો ચળકાટ;
તેજ કંઈ દરસાવતાં, ભૂલિ પડેલી વાટ. ૭

બ્રહ્મ નીતિ ને ધર્મ તે, શાંત ધીર નિરધાર;
નહિં કોઈ પણ તે વગર, સ્થિર ગંભિર જન ધાર. ૮
માટે બાવર માનવી, સત્સંગે તૂં રંમ;
નિશદિન તેની લેહમાં, પાડ જીવની ગંમ. ૯

(મિશ્ર.)

માણસનું માપ.

ધન મોટી મિલકત્તની, કરે બડાઈ જેહ;
નહિ સમજ સુખિ કંઈ કહીં, દારુણ દુખિયો તેહ. ૧
કંચનની રેતીસહિત, મોટી નદિયો વેહ;
તેને વાડે ખેતરે કંચન વરસે મેહ. ૨
પશ્ચિમની લક્ષ્મી સહૂ, તેપર ત્રૂઠી હોય;
જમીન જર ને જોરુથી, જુવાન તે જો સોય. ૩
છતે એવિ સમૃદ્ધિયો, કોટી ધનની ફાલ;
મન મોટૂં નહિ જેહનું, તે તુચ્છ સઠ કંગાલ. ૪
જો ધ્રુવમંડળને અડૂં, એવો ઊંચો હોઉં;
રતનાગરને મુઠ્ઠિમાં, સહૂ સમાવી જોઉં. ૫
એમ સર્વને માપું પણ, મૂને માપે મંન;
મારી તુલના મનથકી, સર્વથિ મોટૂં મંન. ૬
પરખાયે જન મંનથી, કંજુસ વા ઊદાર;
પરખાયે જન મંનથી, સજ્જન દુર્જન ધાર. ૭

(ભાષાંતર.)

આપણો ધર્મ શો?

કરવૂં શૂં સરજી અહીં, કરવી પુણ્યે ગંમ;
સાકું કરી કરવૂં અધિક, સાકું સાકું ઉત્તમ. ૧
પૂરે ભાવે માનિને, પરમેશ્વરનો પાડ;
આવરદારૂપી સુધા, પ્યાલો મ્હોડે માંડ. ૨
સંસારી વસ્તૂતણો, કર રૂડો ઉપભોગ;
પછિ બડબડ કીધા વગર, મોતતણો સંજોગ. ૩
પુણ્ય ફૂલ શુભ તોડવાં, ઊગે જે ચોપાસ;
જ્યમ જઈયે આગળ બહૂ, પસરે ખૂબ સુવાસ. ૪.
આ ભવ કરિયે પુણ્ય તો, સ્વર્ગ મળે શુભ ધામ;
મુઆં પછી કીર્તી બહૂ, રેહ અહિં આઠે જામ. ૫
જે પરમારથ બીજ અહિં, વેર્યાં ચારે પાસ;
શતગુણફળને આપશે, રૂપ ગુણ જેના ખાસ. ૬

(ભાષાંતર.)

સ્મશાન જ્ઞાન.

નદિ દરિયો મેદાન ને, છે ગંભિર આકાશ;
દશ દિવશ ખાધા ધાયછે, શોક બ્હીકનો વાસ. ૧
મસાણ દખમૂં નામ છે, ત્રીજૂં કબરસ્તાન;
જોતાં શોકાતુર કરે, નહિં મસ્તાની તાન. ૨
ઘોર ચિતાથી ઘોર હૂં, કડુંછૂં જારે લોક;
અથાકગુણ વીચારતાં, થાકી પામૂં શોક. ૩

રાતા પીળા રંગના, ભડકા ત્હાં દેખાય;
ધૂમાડો સિંદુરસમો, ગગનભણી તે જાય. ૪
ચોપાસે જોતાં મળે, જોતાં તો આકાશ;
શિક્ષા રુડિ વળિ મૂજને, કર કર પુણ્ય પ્રકાશ. ૫
ભલા ભલા જાતા રહ્યા, જઈશૂં આપણ કાલ;
પવન લ્હેરપર આવંતો, ફૂલે ભમતો કાળ. ૬
ભરુસો નહિં ઘડિ એકનો, ઝડપે જોતાંમાહ્ય;
ઘણિ ઘણિ રીતે બાળતી, મોતતણી તો લાહ્ય. ૭
ગુલ્લાલાસમ છોરુઓ, ગાલ લાલિ તજી દેહ;
તરુણ વાટિકા થાયછે, જંગલ સરખી તેહ. ૮
સમજ સમજ મન માનવી, મોતતણૂં ભય રાખ;
કાળ વિષે કર કાળજી, થવૂં બળીને ખાખ. ૯
થશે આમ કો દી ખરૂં, મરવૂં નક્કી જાણ;
પાપ તજી કરું પુણ્ય હૂં, નહિં તો મોટી હાણ. ૧૦
શરિર મરે નહિં જીવ રે, સમજી રહું હુશિયાર;
પુણ્યથકી નહિં આપદા, ભય પાપીને ધાર. ૧૧

(મિશ્ર.)

દયા.

દયા તણો ગુણ જગતમાં, રૂડો જે દેખાય
જોર કરે નવ આવતો, ધાસ્યો ના લેવાય—૧
વરસે જેમ જમીનપર, રુમઝુમ રુમઝુમ મેઘ
ધીમે રહિ આવે દયા, પછી ભરે દિલડેઘ—૨

શુભ મહિમા બે રીતનો, દયાતણો જાહેર
લે તેને સુખ થાયછે, દે તેને પણ ઘેર—૩
મોટામાં મોટી દયા, અતિસ કિંમતી જાણ
રાજાને છાજે અધિક, તાજ કરતાં માન—૪
રાજદંડ દરસાવતો, રાજાકેરૂં જોર
પૃથ્વી ઊપરનૂં વળી, જહાં કરે તે શોર—૫
હાક દોરનૂં ચિન્હ તે, કરે ગુન્હાની ખોજ
ભય ધાસ્તી જેમાં રહે, રાજાકેરાં રોજ—૬
(એવા) રાજદંડના રાજથી, ઊપર દયા સુહાય
(કાંકે) રાજાઓના ઊરમાં, આસન તેનૂં થાય—૭
ગુણ ખુદ ઈશ્વરનો દયા, ખરે નહીં સંદેહ
વચમાં પડિ પાડે નરમ, ન્યાયનિ સખ્તી તેહ—૮
દયાથિ જારે થાયછે, દરબારોમાં એમ
શોભે અહિંનૂં રાજ તે, હોય દેવનૂં જેમ—૯
માટે ભાઈ જો વળી, ન્યાયસુ ઈછે તોય
ફક્ત ન્યાયથી કોઈનૂં, તારણ કદિ ના હોય—૧૦
ભજિયે છૈયે દેવને, દયાસારૂ નિરધાર
(અને) તેથિજ કરવા શીખિયે, દયાળુ કૃત્યો સાર—૧૧
(ભાષાંતર)

નઠારી સોબત.

જેને દેખી ના ડરૂં, સાથ રમૂં હું કેમ?
જે નિંદેછે હર ઘડી, જેમ બનેછે તેમ. ૧

જે વળિ જૂઠા સમ લવે, ભસેજ ભૂંડી ગાળ;
મારામારી બહુ કરે, ભજે ન દીનદયાળ. ૨
એવાની વાણી સુણી, ત્રાસ ઉપજેછે મંન;
ધિક્ક જિભલડી જો ભણી, ભાષા અતિ દુર્જન. ૩
લુચ્ચા વ્યસની મૂર્ખને, ઓળે ના હૂં જાઉં;
દેખૂં તો પાછો ફરૂં, રખે વળી ભોળવાઉં. ૪
સંગ નઠારો જાણવો, ઉડતો ચેપી રોગ;
સેજ વધીને ખઇ કરે, હડ હડ થાએ ભોગ. ૫
એક સપુત કુળ નીપજે, દીપાપે સહુ સાથ;
એક કપુત કુળ નીપજે, બંધાવે બહુ હાથ. ૬
એક સળો પેસે વળી, પસરી જાએ ફાલ;
મંડળ સહુ સળિજાય ને, બૂરા થાએ હાલ. ૭
પાપીની સોબતથકી, થાએ નર્કનિવાસ;
માટે પ્રભુ વર આપ તૂં, નીતિ ધર્મ ઘરવાસ. ૮
(મિશ્ર.)

આળસ અને મસ્તી ન કરવા વિષે.

આહા આ ઉદ્યમ કિયો !, ધન્ય માતની કૂખ;
ધન્ય જાત લૂહારની, શી કહું કહાણી મૂખ. ૧.
ભર ઊન્હાળે ચૈત્રમાં, ખરે બપોરે જાણ;
ભડ ભડ બળતી ભઠ્ઠિની, નજિક રેહ નિર્માણ. ૨
અથોડો ધડ થડ પડે, એરણ ઊપર સેલ;
અંગે પરસેવો મચે, પાણિતણી વ્હે રેલ. ૩

બહૂ મળસકે ઊઠતી, ઉદ્યોગી મધમાંખ;
સોળ તાસ ઉદ્યમ કરે, રાખે થિર નવ પાંખ. ૪
વન ઉપવનમાં ભમિ ભમી, ફુલ ફળ ચૂસી લેઅ;
મધ મિણ બહુ ભેગાં કરે, સફળ દિવસ તે તેહ. ૫
કેવી તે ચતુરાઈથી, બાંધેછે મધપૂડ;
કેવી સારિ સફાઈથી, મીણ પાથરે પૂડ. ૬
જ્હાં જાઊં ત્હાં દેખુંછૂં, ઉદ્યમ ઉદ્યમ જાણ!
ઊંચો હાથ થયે થકે, ધાન જાય મુખ માન. ૭
માટે ઉદ્યમ તો દિસે, આ સંસારી નૂર;
ઉદ્યમ બિન મરવૂં ભલૂં, ઉદ્યમ જયનૂં મૂળ. ૮
વિદ્યા હુન્નર કામમાં, ઉદ્યોગી હૂં થાઉં;
નહિં તો મસ્તિ ઉછાંછળી, કેરેથકી વહિજાઉં. ૯
આળસથી અપરાધ તો, દુખદાયક બહુ થાય;
શ્રમથી તન મન ધન સહૂ, સુખદાયક સોહાય. ૧૦
બાળપણે મ્હેનત કરી, કસો વળી બહુ દેહ;
ટેવ પડી ધણિ કામની, મોટપણે છે તેહ. ૧૧
ગ્રંથો વિધ વિધ વાંચું ને, કરૂં હૂં હુન્નર કામ;
દુખદાઈ ન રમૂં રમત, દિવસ ગુજારૂં આમ. ૧૨
રાત પડે ગઈ કાલનૂં, કામ વિચારૂં રોજ;
કિયાં પાપ ને પુણ્યમાં, શી મારી મેં મોજ. ૧૩
ઊઠિ પ્રભાતે કામની, યાદિ કરૂં હંમેસ;
કામ પુણ્યના કરિ બહૂ, સંતોખૂં પરમેશ. ૧૪
(મિશ્ર.)

કજિયા કંકાસ ગાળાગાળી મારામારી ન કરવા વિષે.

ભસવે કડવે કૂતરા, રોજ રાજિ અણજાણ;
કાંકે પ્રભુજીયે કર્યા, હીણ યોનિ નિર્માણ. ૧.
વાઘ વરૂ રિંછ સિંહ પણ, જન્મથિ બહુ વિકરાળ;
મારે ફાડે આરડે, કરે કાજ બેતાલ. ૨.
પણ મનુબાળક હેતથી, માન શીખ બહુ ડાહિ;
ઉપજાવિશ નહિં રે કદી, લવ તામસ તનમાંહિ. ૩.
તજી દઈ રિસ વેર ને, ભૂંડી ગાળાગાળ;
સહુ સાથે સંપે રહે, દુર કરિ મારામાર. ૪.
જીભ જમણ રસ ચાખવા, વળિ ગાવા હરિ ગૂણ;
નહીં ફટાણાં બોલવા, વિવેક વાણી સૂણ. ૫.
કર, નિજ પર રક્ષણ થવા, દાન કાજ પ્રભુ દીધ;
નહીં મારવા કોઇને, સમજ બાળકા સિદ્ધ. ૬.
કાયિક વાચિક માનસિક, કરે કર્મ તૂં સર્વ;
નીતીને નિત તેમની, કર સંગી તજિ ગર્વ. ૭.
ભાઇ બેન ભાંડૂ અવર, રમત ભિલ્લુની સંગ;
કજિયા કરવા છોડિ દઇ, વરત હરખથી અંગ. ૮.
માતપિતા બીજાં વડિલ, સગાં સ્નેહિ ગુરૂ રાજ;
અદબ ધરીને માન સહુ, તુજ સ્વારથના કાજ. ૯.
ભણવાપર પ્રીતી અધિક, રમવા કરતાં રાખ;
'બચપણ બાપ જુવાનિનો,' ભણેલ પૂરે શાખ. ૧૦.
પાયાના આધારપર, ઘર બંધાએ જાણ;
કેળવાય શિશુ તેવું તે, માણસ નિપજે માન. ૧૧.

માટે બાળક બાપુ તૂં, ઉર ધર શિખ હિતકાર;
બોલ ન સામૂં કોઇ દિન, જૂંઠૂં લેશ ન ધાર. ૧૨.
પાપ કરંતાં ડર બહૂ, જગપતિ નિત સંભાર;
દુખ હરતા સુખકાર તો, પર બ્રહ્મ કિરતાર. ૧૩.
(મિશ્ર.)

લુગડાંઘરેણાની મગરૂબી ન કરવા વિષે.

વળિ મગરૂબી કેટલી, ધરિયેરે ઓ ભાઈ?
આભૂષણ ને વસ્ત્રની, નથિ નથિ કંઈ નવાઈ. ૧.
મૂલવાન ઉમદા સહૂ, નવાં દીસતાં જેહ;
તેથી ગર્વ ન માનવો, જૂઠ ભુલાવો તેહ. ૨.
રેશમ કીડા તો દિસે, મેંઢા બહુ રઢિયાળ;
આપણથી અદકાં સરસ, ગરૂરી હેઠે ઢાળ. ૩.
મન માન્યા સણગારની, ટાપ ટીપ કરૂં ધાર;
પતંગિયાં ગૂલાબથી, જાઉં હારિ બહુ વાર. ૪.
માખી કીડા ફૂલ તો, ચડિઆતા તૂં જાણ;
બહારનિ શોભા આપણી, તે તો તુચ્છજ માન. ૫.
પણ સજું ભૂષણ અંતરે, ગુણથી જો દીપાઉં;
તો તો પછિ વળિ કોઈથી, હૂં ના ઓછો થાઉં. ૬.
જ્ઞાન ભલાઈ સત્ય ને, સદાચાર સણગાર;
એની આગળ પોઇસજ, જંતૂ છે નિરધાર. ૭.
એ આભૂષણ લૂગડાં, દૈવી જનનાં હોય;
જૂના જીર્ણ ન થાય પણ, વપરાએ બહુ સોય. ૮.

શોભાની શોભા અને, કવચ મુકાવે પાપ;
અહિં પેરૂં હંમેશ તો, મુએ હઠાવું તાપ. ૯.
મ્હાલું સ્વર્ગ સોહામણું, સજી નીતિનાં વસ્ત્ર;
પરમેશ્વરને રીઝવૂં, એલિ ભક્તિનાં શસ્ત્ર. ૧૦.

(ભાષાંતર.)

મિત્રાઈ.

જ્યમ ઓળો દિન વાધતે, ઓછો થાતો જાય;
ત્યમ મિત્રાઈ ખળ તણી, વ્હેલી કડવા ધાય. ૧.
જ્યમ ઓળો દિન ઊતરે, મોટો થાતો જાય
ત્યમ મૈત્રી સજ્જન તણી, દાડી વધતી થાય. ૨.
ખળ સજ્જન એ આઠ નવ, અંક સમાન વિચાર
બે ત્રણ ચારે ગૂણતાં, ન ઘટે નવે લગાર. ૩.
ગુણીધનીની પ્રીતમાં, પ્હેલી સૂખ કરંત
કારણ ધન બીજી વિષે, લાગે દુખની ખંત. ૪.

(મિશ્ર).

સંપ વિષે.

(ચોપાઈ.)

એકથકી બે તે તો ભલા, સાચૂં બોલે લોક સઘળા;
બે જણ એક વિચારે કરે, સેજે સારી શોભા ભરે. ૧.
સંપ કરેથી સસતૂં પડે, ધંધામાં લાભો બહુ જડે;
બે જણ સમજી જો ના લડે, તેઓને તીજો ના નડે. ૨.

બે જણ જુજવા કરે વિચાર, તો થાએ બંનેની હાર;
પાસે કંઈ રેહે ના ધાર, થાએ લોકતણો ફિટકાર. ૩.
જે છોકરાઓ સાથે ભણે, જલદી ભણતર ભીંતજ ચણે;
જલદી ધંધે લાગે કહૂં, જલદી સૂખી થયલાં લહૂં. ૪.
માત તાત ભાંડૂની સાથ, હળી મળી રેહે દિન રાત;
તેને કંઈ વીધન ના થાય, ઈશ્વર છે હંમેશા સહાય. ૫.
સંપવડે નીભે સંસાર, સંપ વડે રેહેછે ભાર;
સંપવડે સુખ અપરમપાર, સંપવડે જગમાં જેકાર. ૬.

મિત્રાચારી.

સુખ દુઃખોની વાતો બને, નહિં છાનું કંઈ કોની કને;
કોઇનું દિલ જહાં ના કોહવાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૧
જાત રંગથી જે જે ભેદ, તેથી નહિં કો કોને ખેદ;
જીવ એક ને જુજવી કાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૨
સ્વાર્થ ન બીજો પ્રીતી વના, પ્રીતી વણ છે સહુ અનમનાં;
રાત દિવસ પ્રીતીજ જમાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૩
સુખમાં દુર પણ દુખમાં પાસ, એક બિજાની પૂરે આસ;
તન મન ધનથી મદદો થાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૪
એક વિચારે થાયે કામ, મન વળગેલાં આઠે જામ;
વાએક જ્હાં નહિં ઊથાપાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૫
કરચૂં એકનૂં સહુને ગમે, કોના નહીં ભમાવ્યા ભમે;
મિત્રનું ભૂંડૂં ના સંખાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૬

ચડતો સંપેથી ભરપૂર, પડતાને ના મૂકે દૂર;
દૃષ્ટિથી સમજાયેં લાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૭
લાલચમાં લપટાએ નહી, જીવ જતે ના જૂદા સહી;
અડિ વેળાએ જાન અપાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૮
દુશ્મન દોડે ચારે પાસ, ના તોડે પ્રીતીનો પાશ;
પ્રેમરસે પણ નીતિ રખાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૯
જે મોડે ચાવેલાં પાન, કાળાં થાય ન જતે જાન;
મરણ સુધી સાચાં સોહાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૧૦
નર્મદ કેહેછે સાચે સાચ, સાચી પ્રીતીને નહિં આંચ;
સાચે ભાવે ઈશ ભજાય, મિત્રાચારી ત્હાં કેવાય. ૧૧

જ્ઞાનીની આઠ પદવી વિષે.

(ચરણાકુલક વૃત્ત.)

દુનિયાં જેણે મિથ્યા જાણી, તેને માનો પ્હેલો જ્ઞાની. ૧.
જગમાં જેની નીતી રાણી, તેને માનો બીજો જ્ઞાની. ૨.
વેહવારમાં રાખી વાણી, તેને માનો તીજો જ્ઞાની. ૩.
કુછંદ જેણે પીલ્યા ઘાણી, તેને માનો ચોથો જ્ઞાની. ૪.
પ્રપંચ જેણે બાંધ્યા તાણી, તેને માનો પાંચ્મો જ્ઞાની. ૫.
સેવે વિદ્યા ગુણિકા શાણી, તેને માનો છઠ્ઠો જ્ઞાની. ૬.
દાઝ નિજ સંસારનિ આણી, તેને માનો સાત્મો જ્ઞાની. ૭.
સત્ય કર્મનો થાએ દાણી, તેને માનો આઠ્મો જ્ઞાની. ૮.

દુખમાં ધીરજ રાખવા વિષે.

(ઝુલના વૃત્ત.)

(કનક) ઊઠતાંવારને, ધંન અર્થે બધે,
આમ ને તેમ તું દોડતો રે—
ટહાડ તડકો બહૂ સેવતો રોજ ને,
જોર તું કંમરે આણતો રે;
જેમ જંન મૂર્ખ તે, ધંનના લોભિયા,
થઈ અતીસેં ભુંડાં કર્મ બાંધે—
તેમ તેં ના કર્યૂં, નીતિ અંક્રોસથી,
ઊંચક્યાં મોટિયાં નીજ ખાંધે;
મેળવી ધંન ને, ભોગ કીધા ઘણા,
રાખિને ખૂબ તેં દાન કીધૂં—
એવું એ ધંન તે, સેજમાં ગયું અને,
રંક તેં કોડિયૂં હાથ લીધૂં—૧
(કામિની) પ્યાર પ્યારી તણી, ઝંખના હરઘડી,
રાખિ તેં પ્યારઘેલા જ મોજે—
પ્યારિ પ્યારી કહી પ્યારિની ચાકરી,
ચાકરી તેં કરી ખૂબ રોજે;
રખે ઊણૂં પડે, તેહને કોઈમાં,
સમજિને કાળજી રાખિ ભારે—
ભોગઅર્થે નહીં, પ્રેમના જોશમાં,
કામ ધંધો તજી સર્વથા રે;

જેહનેસાડુ તૂં, રોજ ગાંડો રડ્યો,
બાવરો છેક ભટક્યો બહૂ રે—
તે વળી રાંકડી, રત્ન રૂપે છતે,
છાજિ નહીં રંક તૂને કહૂં રે—૨
(કાયા) જે વડે થાય છે, હૂં અને માહરૂં,
એવિ તારી દિસે દેહ અમોલી—
જેહને જોઇયે, ધંન સૂખ પદવિ ને,
મંન મોટૂંજ વિદ્યા બહોળી;
જે વળી ઘાટમાં, રૂપ રંગે બહૂ,
બ્હારથી ફૂલપેરે જ ખીલી—
નીતિધર્મેકરી, માંહ્યથી જીવને,
અમર કરી રાખતી જે રસીલી;
તે પિડા પામિને, આધિવ્યાધીથકી,
આખરે થઈજ બીહામણી રે—
ઝટ્ટ સમસાનમાં, જાય ફૂંકાઈ ને,
ક્હાં ગ્રો તે અને તૂં ધણી રે—૩
એમ રે તૂં દુખી, એક પાસથી ખરે,
જીવની ઘાત કરવીજ ધારે—
બીજી પાસથી વળી, જીવતો પામશે,
બોલિને એવું ભૂંડૂં વિચારે—
દુર્ગુણી તે સુખી, સદ્ગુણી તે દુખી,
છે પ્રકાર એજ સંસારકેરો—
માટે હૂં તો કરૂં, રોજ લુચ્ચાઈ કે,
ઝટ્ટ થાઊં ફરી સૂખિ વ્હેલો;

એમ તું તરફડી, રાત દીન નીંદ ખોઈ,
ધન ધન માન માન ઝંખ જાયે—
કાળતણો ડંમકો, ગાજિ માથે રહ્યો,
નવ તજી તરસ તૂં શક્તિ ગાયે—૪
બહૂ ભવ દુઃખના, દરિયા દરિઆકૃત તૂં,
દિલમાં ડાહ્યો કર જીવભાઈ—
થયું થશે થાયછે, જોઈ વિચારી સહૂ,
પ્રિછવ તૂં નીજને નીતિ સાઈ;
દુર્ગુણી લોકના, દાખલા આપિને,
પાપમાં રાજિ થા ના લગારે—
માર ખાસે સહૂ, પાપિયો તહિં બહૂ,
નક્કિ છે દેવતો ન્યાયિ ભારે;
માટેઓ દુઃખિયા ના જઈ આડું ને,
ઈશ્વરેચ્છા લહી, પડ તું ધીરો—
સમજ કે બાવરા, પરીક્ષા કારણે,
થૂલું હંમણા પછી રોજ સીરો—૫
હવે તો તાહરે, ફકીરી રાખવી,
બોધ બોલૂં રૂડો માનિ લેરે—
ઘણે ફૂલતો નહીં, ઉણે ચીડતો નહીં,
જે મળે તેથિ સંતોષિ રેહ રે;
સૂખીને શીખ દે, દૂખીને દીલ દે,
નીતિ પરમાર્થમાં દેહ દેરે—
રોજના અનુભવે, બોધિને આતમા,
ગૂણ ગા દેવના, છોડિ ભેરે;

રહિ પ્રવૃત્તિમાં, રાખિ નિવૃત્તિને,
ભાવથી કૂમળું, દિલ કરીરે—
જ્ઞાન વીચારથી દુઃખને વીસરી,
નર્મદાનંદમાં રેહ ઠરી રે—૬

જુઠું ન બોલવા વિષે.

(ભુજંગી વૃત્ત.)

સહૂ માણસો બોલતાં બોલિ ખોટી,
મુખે તાળું દેજો જિભે ચાંપ મોટી.
વદો છોકરાંઓ ન જૂઠૂં જરૂર,
અસત્યે થશો પાપિ ક્રોધી કરૂર. ૧.
અરે કેવું સારૂં સહૂ નીતિ નાણે,
રૂડાં છોરુઓ વાટ ડાહીજ જાણે;
સુણી જોઈ જુઠૂં બહુ ત્રાસ પામે,
ભણે સત્ય વિશ્વાસ ને દેવ કામે. ૨.
જુઠો જે ઠર્યો લોકમાં એક વાર,
ઠગારો જુગારી અને નિંદ્ય જાર;
ભરોંસો કરે કોઇ નાહીંજ તેનો,
સદા દૂર રાખે ભુંડો સંગ જેનો. ૩.
પછી જો કદી ઓચરે સાચું તેરે,
નહીં લેશ કોઈ વળી કાન દેરે;
કરી વાંક જે એક ટાણે છુપાવે,
ગુન્હો બેવડો તે શિરે નીજ લાવે. ૪.

સજાની બ્હિકે છોકરાં છાવરો ના,
ગુન્હા પાપિ જૂઠાણને વાવરો ના,
વળી સાધવા સ્વાર્થને જૂઠિ રીતે,
ધરો કામના હામ ના નીજ ચિત્તે. ૫.
અદેખાઇના વેશમાં જૂઠ કાંઇ,
લવો લેશ ના સંગ પાડોસિ ભાઇ,
અરે મશ્કરીમાં અસત્યે ન બોલો,
રિઝવ્વા બિજાને નહીં સત્ય બોળો. ૬.
હતો ચાલતો અંતરિક્ષેજ રથ્થ
જુધીષ્ટીરનો તે પડ્યો ભૂમિપથ્થ
કહ્યૂં જે પ્રસંગે "નરો કુંજરો વા"
બની હાનિ તે ભાળિ લાગ્યોજ રોવા. ૭
સહૂ પાપમાં નાયકો જૂઠ જાણ,
થશે તેહની જંમને દ્વાર હાણ,
જુઠા બોલને બ્રહ્મ ધિક્કારિ દેછે,
હસી સત્યની વાત દીલે ધરેછે. ૮.
તજો માનવી માનિને સાચિ વાત,
જુઠાણૂં સહૂ દીલથી દીન રાત;
વિના સત્ય લો જાણિ સંધૂજ ખોટૂં;
સજો સત્ય રૂડૂં સરે કાજ મોટું. ૯

(મિશ્ર.)

માતૃસ્તુતિ.

થયો ગર્ભરૂપે જિ દાડેથિ પેટે,
ઉછેર્યો સુસંભાળથી ભારિ નેટે;
જન્મ્યાં સારું સારું રહ્યાં રાજિ રાજી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧.
થયા પાંચ જારે અભાવો થયા જી,
તિખૂં ખાટું ખારૂં ન ખાવે ગયાં જી;
કદાપી થતી રૂચિ તોએ હું ના જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨.
થયો પૂર્ણ હૂં ને પડ્યૂં માંયું હેઠાં,
તમે દુઃખ મારે લિધે મોટ વેઠ્યાં;
અરે છેક જાંહાંસુધી થાળિ વાજી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૩.
નહીં એટલેથી તમે આટપ્યાં જી,
અસંખ્યાત દુઃખો પછી તો સહ્યાં જી;
કર્યાં કાજ તે સાનમાં જે કહ્યાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૪.
ભુખે રોઉં તો થાનનૂં દૂધ પાતાં,
જમાડી પછી પ્રેમથી આપ ખાતાં;
સુવાડ્યા વિના દૂર તો ના જતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૫.
દુખે રોઉં તો મીઠડાં ગીત ગાતાં,
કિલા ભાઈ બાપૂ કહી પેટ વ્હાતાં;

વદી પ્રેમ ને ગોદ ઊછાળતાં જી,
વળાગ્યે નહીં પાડ માયાળુ માજી. ૬.
રમાડયો કરાવી બહૂ વાર ઝા ઝા,
બહૂ વાર કાડચાંજ ગૂ મૂત્ર ઝાઝાં;
ચઢાવી નહીં સૂક લેશે કદા જી,
વળાગ્યે નહીં પાડ માયાળુ માજી. ૭.
સુકામાં સુવાડી ભિંની ભાંય વેઠીં,
સુતાં ભારિ ભેંઠી પથારી ન છેઠી;
ગમી જો ન પીધી તથાપી દવાં જી,
વળાગ્યે નહીં પાડ માયાળુ માજી. ૮.
રમૂ ઝાલિને જો કને આસપાસ,
ઉછાળી ઊંચાં પ્રેમશૂરે જ હાસ !;
પ્રિતે દાંત ને હોઠ સંકોચતાં જી,
વળાગ્યે નહીં પાડ માયાળુ માજી. ૯.
પછી ઊપરા ઊપરી ઝટ્ટ ઝટ્ટ,
બહૂ બોકિથી ચૂસતાં પ્રેમઘટ્ટ;
કંઇ વ્હાલમાં ઊણું ના રાખતાં જી,
વળાગ્યે નહીં પાડ માયાળુ માજી. ૧૦
પ્રિતે ધાવતો ધાવિને મારિ માથૂં,
ઉમંગેથિ હૈડૂં તમારૂં ભરાતૂં;
સદા સ્નેહના રંગમા રોળતાં જી,
વળાગ્યે નહીં પાડ માયાળુ માજી. ૧૧.
રડયો ભારિ તો ઘોડિયે હાલ હાલ,
સુવાડી ભણ્યાં ગીત જે હાલવ્હાલ ;

તજી કામ ને હીંચકા નાંખતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૨.
સુતો પારણે નીરખી આંસુ આંણ્યાં,
નહીં સૂખડાં તો વિના પ્રેમ જાણ્યાં;
બહૂ બેસિને પાસ સંભાળતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૩
રડ્યો દુઃખ ને મેંદવાડે હું જારે,
ભયે જોયું આંખોભણી ધારિ તારે;
રડ્યાં દુઃખથી મોત વીચારતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૪.
પડૂં આખડૂં ને બગાડૂં હું ભાગૂં,
લડૂ લોક સાથે વળી મારિ ભાગૂં;
કરી માફ ને સોડ તો આપતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૫.
અરે લાત ને ટપ્પલા ટપ્પ માર્યા,
તમે વેર ને ખારના નાજ ધાર્યા;
ક્ષમાથી સહૂ વાંક સૂધારતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૬.
કદી વાગતૂં ખેલતાં ઝટ્ટ લેતાં,
ફુંકો ચુંમિ દૈ કૂમળા શબ્દ કેતાં;
જુઠી વાત ગાયાથિ ઊંઘાડતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૭.
મને અન્ન ખાવાનું પાણી પિવાનૂં,
વળી બોલવા ચાલવા પેરવાનૂં;

ઘણી મેંનતે શીખવ્યૂં વાંચતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૮.
રૂડી નીતિની વાત જાથૂ જણાવી,
પ્રભૂપ્રાર્થનારીત પ્રીતે ભણાવી,
કૂછંદો તજાવ્વા બહૂ બોધતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૯
ખરેખાત માપુત્રસંબંધ કેવો,
ખરે જાણવો પૃથ્વિ ને ઝાડ જેવો;
કૃતઘ્ની છતાં વ્હાલ તો આંણતાં જી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૦.
અરે કેમ હૂં વીસરૂં ઊપકાર,
ગણેથી નહીં આવતો કાંઈ પાર;
કૃપાવૃષ્ટિ જોઇ રહ્યોછૂંજ લાજી.
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૧.
હજી પ્રીત મોટી દિસે તેવિ તેવી,
કરૂં કાં નહીં હૂં તમારાજ જેવી;
બહૂ ધારૂંછૂં વાળવા પ્રીત ઝાઝી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૨.
થશો જી અવસ્થા થયેથી અશક્ત,
કરૂં તો ખરો ચાકરી રૂડિ સક્ત;
પ્રભુ રાખશે જો વળી દેહ સાજી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૩
પિડા પાંમશો મંદવાડેથિ ભારે,
પથારી કને રોજ બેસીશ તારે;

ન સંભાળ લેઊં કરૂં હીણુ પાજી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૪.
રહેવા સુસ્વર્ગે અરે જીવ જાશે,
તમારે વિજોગેથિ ગાલો ભિંજાશે;
પ્રિતી ના ભુલાવે પ્રભૂ રોજ તાજી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૫.
અરે નિર્મળી પ્રીત આનંદકારી,
અરે ના ભુલૂં પ્રીત માજી તમારી;
જગે રેહશે સર્વદા પ્રીત ગાજી,
વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૬.
રૂડાં છોકરાં સર્વ તે આવિ રીતે,
નિતે માનશે માતણા પાડ પ્રીતે;
થશે સંધિ વાતે સુખી રોજ સેજે,
કહ્યૂં નર્મદાશંકરે એમ હેજે. ૨૭.

પિતૃસ્તુતિ ૧૬.

હતો માતણાં પેટમાં ગર્ભ રૂપ,
ધર્યો માહરે કાજ વીવેક ભૂપ;
જરા દુઃખ ના દીધું રાખ્યાંજ રાજી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧
બહૂ કષ્ટથી માજિ જારે રિબાતાં,
દિલાસે ઉપાયે કરી સૂખસાતા;
રડ્યો સૂણવા રાખિ આતૂરતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨

કરચાં માજિંને સૂખ જે મૂજમાટે,
નથી આપવા નૂં કને તેનિ સાટે;
સુણી જન્મ મારો ફુલાઇજતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૩.
વધાઈ કહેનારને આપિ ઝટ્ટ,
પહેરાવિ સોયાણિને સાડિ સટ્ટ,
ખરો પ્રેમ પેલાંથિ દેખાડતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૪.
બહૂ હર્ષથી ઉદ્યમે જન્મ જાણે,
કરાવ્યાં ગળ્યાં લોકને ગોળ ધાંણે;
અરે ગૂણ ને રૂપ જોયા વના જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી ૫.
ઘણી રીતથી પાળિ પોષી ઉછેરચો,
વિવેકે વધૂ પ્રેમ પાશેજ ઘેરચો;
બજારે તમે બ્હાર તેડી જતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૬.
કરી કામ ને બ્હારથી ઘેર આવ્યા,
મને આપવાને રૂડૂં ખાવું લાવ્યા;
પછી પાસ પ્રેમેજ બોલાવતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૭.
ઘણૂં નીરખી નેનમાં નીર આંણી,
દઈ ઝટ્ટ બોકી લિધો પાસ તાણી;
કરી કોટિ ને ખૂબ ખીલાવતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૮

અરે બોલતો કાલું કાલું હું બાપ,
ઉમંગે તમે મારતા પ્રેમ થાપ;
વળી મંદ નીહાળિ સંભાળતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૯.
ઘણી વાર સામૂં બહૂ બોલતો જી,
ઘણાં નૂકસાનો પહોંચાડતો જી;
ક્ષમા આપિને આપ તો બોધતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૦.
અરે છાતિને મૂછના વાળ તાણ્યા,
તમે રીસ ને વેર લેશે ન આણ્યાં;
દઇ શીખ ને ખોડ ભંગાવતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૧.
ઘણૂં દ્રવ્ય ખર્ચી શિખાડયો મને જી,
ઘણી મેનતો જાતથી લૈ અને જી;
બતાવ્યાજ સંસાર રસ્તા ઘણા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૨.
ભરી મૂજમાં નીતિ તો ઠાંસિ ઠાંસી,
થયો યોગ્ય વિદ્યા વિવેકે ન રાસી;
કુડા વેમિ વીચાર સૂધારતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૩.
હતો છેક ન્હાનો ઘણી ધાંમધૂમે,
કર્યા લગ્ન મારાં બહુ પ્રેમઝૂમે;
સહૂ કામ કાજે સજી મ્હાલતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૪.

અભીમાન રાખીજ હું દીકરાનું,
લડાવ્યો કરી વ્હાલ મોટી તરાનૂં;
થઈ પ્રેમઘેલા બહૂ ધૂમતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૫.

વયે મોટ મારે પડે નાજ ભારી,
કિધાં લગ્ન વેલાં ખરે એમ ધારી;
અતી પીડ મારે લિયે સોસતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૬.

પુઠો ફેરવી ખર્ચતાં ના લગારે,
શિખાડી લગાડ્યો રૂડે રોજગારે;
પછી શૂભ પાણી શિરે મૂકતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૭.

સુધો રાહ નીતીતણો તે જણાવ્યો,
તમે બ્રહ્મનો ધર્મ હેતે ભણાવ્યો;
ઘણી વાર રે સાહ્યતા આપતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૮.

કદી ના સુણાવ્યાં કુડાં વેણ કોઈ,
ઠર્યો કાળજે રોજ પ્રેમે હું જોઈ;
કહ્યૂં મેં કંઇ તો ભણ્યા હાજી હાજી;
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૯.

કમાણું છણું ધંન ને આબરૂ હું,
શરીરે સુખી આ જુઓ રૂબરૂ હૂં;
અનૂકૂળતાના તમે તાત તાજી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૦

તમે તાત કીધા ઘણા ઉપકાર,
ગણાએ નહીં કેમકીધા અપાર;
અરે વીસરૂં તો ઠરૂં મૂર્ખ પાજી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૧.
કદાપી કર્યો હોય જો કોઈ વાંક,
પિતા માફ આપો તમારો છું રાંક;
ઘસૂં નાક કીધાં ભુલૂં જો હૂં લાજી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૨.
તજી સર્વ કામો કરૂં સેવ સારી,
ફરી ના મળે મા અને બાપ ધારી;
ખરા સ્નેહમાં બેજ માતા પિતાજી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૩.
કરે મા અને બાપ તે નાજ થાએ,
ખરે કોઈ બીજાથિ સૌ હારિ જાએ;
તમે આસરો ઝાડ ને હૂં લતા જી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૪.
થશે વૃદ્ધ કાળે અશકતી શરીરે,
વિહલા નાજ મૂકું તમોને જરી રે;
હયાતી તમારી મને રોહ છાજી,
વળાએ નહી પાડ વ્હાલા પિતાજી. ૨૫.
સદા પૂછિને કાંમ જો હૂં કરૂંજી,
નિરાંતે વિના કાળજી હૂં ફરૂંજી;
કદી કોથિ ખાંઉ નહીં રે ખતાજી,
વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૬.

રુડાં છોકરાં સર્વ તે આવિ રીતે,
નિતે માનશે તાતના પાડ પ્રીતે;
થશે સંધિ વાતે સુખી રોજ સેજે,
કહ્યૂં નર્મદાશંકરે એમ છે જે.　　૨૭.

બદનની કસરત કરવા વિષે.

રહે ને વધે રોજ આરોગ્યતા ને,
રહે ને વધે રોજ સેજોર સાને;
ધરી હામ કામો કરે જોરવાળો,
કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો.　　૧.
વધી હાડકાં માંસ ને લોહિ ઝળ્કે,
બધી આકૃતી કાંતિ તે પૂરિ ચળ્કે;
ઠરી આંખથી જોય સૌ અંગ ચાળો,
કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો.　　૨.
ભલે તંનસૂં મંન સંબંધ હોએ,
સળે એક તો બીજું તેવૂંજ જોએ;
ખરી તંનથી મંનની શક્તિ ભાળો,
કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો.　　૩.
ચડે થાક તે ઊતરી જાય વેલો,
નડે રાહ તેતો કપાયેજ સેલો;
ટળી કાયરા ને બન્યા શૂર ન્હાળો,
કરી જુક્તિએ જોર સૌ અંગ વાળો.　　૪.
ભરે વીર્ય તો સંતતી સારિ થાએ,
ખરે દોરિ તો વ્હેલિ ના તૂટિ જાએ;

નરી ચેન મારે નિરોગી સુખાળો,
કરી જુકિતયે જોર સૌ અંગ વાળો. ૫.
રુડી રીતની તાલિમો ખેલવાથી,
ઉડી જાયછે શોકતો દીલમાંથી;
રળીમાં રહ્યો જંન લાગેજ વ્હાલો,
કરી જુકિતયે જોર સૌ અંગ વાળો. ૬.
કરે જોર આબાળવૃદ્ધો તમાથી,
હરે ને ફરે રંગમાં ખેતમાથી;
ભલી વાતમાં સજ્જનો ધ્યાન આલો,
કરી જુકિતયે જોર સૌ અંગ વાળો. ૭.

લોભે દુઃખ ને સંતોષે સુખ.

(માલિની વૃત્ત)

અઘટિત રિતથી ના ઇછિવૂં લોભ સાઇ
શ્રમ નિજ વળિ થાશે જાણજે ફોક ભાઈ
અવર સવળ ધંધો સૂઝશે નાહિં કાંઇ
તન મન જળિ જાશે જાચતાં ધાઈ ધાઈ. ૧.
હરઘડિ લલુતા ને ઝંખનાથી કરેછે
કુકરમ હિણ પાપી બાવરો રોજ રેછે
સુખથિ સુવું નિરાંતે રાત દીને તજેછે
ફરજ રુડી બગાડી ગાંડી વાતો ભજેછે ૨.
ધન જશ સુખ પૂઠે દોડજે રે વિચારી
જઇશ મુરખ લોભી સેજમાં થાકિ હારી

વગર હકથિ લેવા પારકી વસ્તુ તારી
કરિશ મતિ ન નીચી ખૂંચશે તે કટારી　　૩
તુછ અળસિયું તાકે ભાંયથીરે અટારી
ઉછળિ ઉછળિ થાકે મોતની જોય સ્વારી
બહુ ન બનતિ વાતો બોલવી નાખ ઝારી
શ્રમ કર પરિણામો પામવા સાર ભારી　　૪.
તજિ કુતરસ લોભી બેસ ભૂંડા ઠરીરે
શ્રમથકિ નિપજે તે ખા તું ચેને કરીરે
જઈશ સરવ ચિંતા ચેહથી તો મરીરે
ભવ ભય હણવાને લે ભજી તું હરીરે　　૫.

રૂડો નિશાળિયો.

(ચામર વૃત્ત.)

જે નિશાળરીતકાયદે સદાય ચાલતો,
જે ગુરૂતણા સુહીતનાં વચંન પાળતો;
જે વિશેષ ભાવથી નિતે નિતીથિ આચરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે.　　૧.
જે નિશાળનો સમો કદાપિ નાજ ચૂકવે,
જે કરે ન ધાંધલો સુસાહિતોજ મૂકવે;
જે વળી રમે નહીં કુસંગમાં કદી ફરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે.　　૨.
જે ઘડા વિષે ગુરૂભણીજ ધ્યાન આલતો,
જે કુજોડિયાનિ વાતમાં ન મંન ઘાલતો;

જે ભણાવનારને શ્રમીત ભારિ ના કરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૩.
જે ધડો કઠીણ જોઇ ચીડવાઇ ના જતો,
જે ન આકળો થતોક પુસ્તકો પછાડતો;
જે ભણાવનારની ઉપેર ભાવ તો ધરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૪.
જે ન આળસૂ થઈ જુઠાં નિમીત કાડતો,
જે દિસે દુખો છતાં સુસત્યસાથ લાડતો;
જે લગાડતો ન ડાઘ કૂળજાતને અરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૫
જે ન ખીજવાય માન અન્યને મળેથકી,
જે પુછે શરીર મંન ધંન ઉદ્યમે નકી;
જે સદા સુધી વડીલ વાતને અનૂસરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૬.
જે હમેશ રીસ વેર ખાર શ્વાસ વ્હાડતો,
જે સમારસારૂ કાપતો કુવ્હેમ વાડ તો;
જે અનીતિમાં જતો પ્રભૂથકી ઘણો ડરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૭.
જે વિવેકસૃષ્ટિજ્ઞાનગ્રંથ વાંચતો રહે,
જે નિરંતરેજ અંતરે કૃપાધના લહે;
જે ધિરેથિ સાચિ સંગતે ત્રિતાપને હરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૮.
જે કુગર્વને હણી સુવર્ગમાં ફરે હરે,
દુઃખ ખર્વ જંગ જીતિ વર્ષ સૂખનાં કરે;

નિત્ય નર્મ ગીત ગાઇ મર્ણું પીડ પહેરે,
તેજ શિષ્ય જાણવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૯.

(મિશ્ર.)

કેફ ન કરવાવિષે.

(તોટક વૃત્ત.)

મધુ ચંડુલ ભાંગ અફીમથકી,
તનની ભુંડિ હાલત થાય નકી;
બહુ માંસ સુહાડકિ જાય સડી,
ધર મા કરમાં કંઇ કેફ કદી. ૧.
મગજે નુકસાન અતીસ થશે,
તુજ પાંસળિ સર્વ ખસીજ જશે;
નહિં તૂં કંહિં ઝંપિશ કોઇ ઘડી,
ધર મા કરમાં કંઇ કેફ કદી. ૨.
બહુ કેફથિ ચોરિનિ ટેવ પડે,
સઘળીજ જગેથકિ થાય હડે;
રસતે રખડે અથડાઇ પડી,
ધર મા કરમાં કંઇ કેફ કદી. ૩.
વ્યસને જગમાં બહુ લાજ ઘટે,
ગુજરાનનિ ફીકર નાજ મટે;
દુખ વાદળિ જાણવિ આવિ ચડી,
ધર મા કરમાં કંઇ કેફ કદી. ૪.
પરઘેર જવા નહિં લેશ લટે,
ચિયરે છુપવી નિજ જાત રટે;

છકિ સર્વનિસાથ પડેજ લડી,
ઘર મા કરમાં કંઇ કેફ કડી. ૫.
ઘરમાં વહુ સંતતિ રોઇ મરે,
મુરખો ઘર દાઝ ન મંન ધરે;
બળતે હિણ કેફિ મરે ફફડી,
ઘર મા કરમાં કંઇ કેફ કડી. ૬.
હિણ કેફિ મરેજ કમોતથકી,
વળિ જાણવિ મોતનિ વેલિ વકી;
ફિણ કાડિ મુખે પડતો લથડી,
ઘર મા કરમાં કંઇ કેફ કડી. ૭.
વ્યસનો કરવાં ગમશેજ ખરાં,
પણ જેરવવાં બહુ છે કપરાં;
ભરશે તન ચાંચ તને સમડી,
ઘર મા કરમાં કંઇ કેફ કડી. ૮.
દિસતા બહુ દોષ કુકેફ વિષે,
સમજી તસકો કર ઝટ્ટ રિશે;
ભુલવે અડિ વેળ રહેજ રડી,
ઘર મા કરમાં કંઇ કેફ કડી. ૯.

કેફ ન કરવો—કેફી પુરુષની સ્ત્રીનો વિલાપ.

(ગરબી.)

તેં દુખના ડામ, કંઇ પેરે દીધા રે કેફી કંથડા; કામણ કીધાં, શેણે વંઠી સુધ બુધ રે ગો ચંતડા. ટેક. ગંઠુએ

છાક મુખથી મારી, કેફની ગંધે લવારી ભારી, તેતો સાપ ઝેર જેવી ફાલી. તેં દુખ૦ ૧. ફોસલાવિ મને ભુરકી આણી, નિરલજ કીધી દેહ સૂહાણી, મેં આગળ આ રીત નવ જાણી. તેં દુખ૦ ૨. કંઠહાર હાડકાના નીહાળી, તુટિ કેડે નહી પોતડી ભાળી, મને માણસડાંમાંથી ટાળી. તેં દુખ૦ ૩. લુગડે મેલે તૂટે ફાટે, તૂં તો ચાલે પગલે રાંટે, મુજ પીટચો ભમે નરસી વાટે. તેં દુખ૦ ૪. શિરકેશબળ્યો અંગે કાળો, મોડે ફિણ પરપોટાવાળો, જેમ ફેફરૂં લાવે ભૂતાળો. તેં દુખ૦ ૫. બહુ કૂડ લવી ઘેલૂં જ હસે, તનનો બાંચો તૂટેલ દિસે, હંસા સાથે તૂં કાગ વસે. તેં દુખ૦ ૫. મને છેતરી તેં કપટી ખારે, લઈ લાંચો માબાપો મારે, છેક આયો નોતો તે વારે. તેં દુખ ૭. તારી તેં આબરૂ ગૂમાવી, મેણાં સહુ સહી મારે ચાવી, હું શાને તુજ કરમે આવી. તેં દુખ૦ ૮. ઇજ્જત તૂને વ્હેલો મરવો, નહિં ચાલ બિજો કેમે વરવો, નહિં પીહેર કહાં ભસ્તો ભરવો. તેં દુખ૦ ૯. હરિ વ્હેલો છૂટકો કર મારો, દુર્બળ પીઉથી પંથ મુજ ન્યારો, હાય લાય લાવે પીટચો ઢાંડો. તેં દુખ૦ ૧૦. કેટલાં ઉપનામ તૂને પીટે, ચોરી શીખ્યો કેફનિ ભેંટે, રાંડબાજ થયો કેમ હૂં બેઠે. તેં દુખ૦ ૧૧. લઉં છાજીયાં હસિને પ્હેલી, તૂં મરે ફોડૂં ચૂડો વ્હેલી, ઘેલચંદ્રાથી થઈછૂં ઘેલી. તેં દુખ૦ ૧૨. હાય હાય હાય તૂને નફ્ફટ, મરજે વેલો કરીને ઝટપટ, પીટચાની તો ભારી ખટખટ. તેં દુખ૦ ૧૩. સાહેલડિ સાચૂં વીચારો, પિઉ કેફી નહીં જાણો સારો, દળદરનો ના

આવે આરો. તેં દુખ૦ ૧૪. કહેછે નરમદ કેફી જાયા, સહુ જન તજજો કેફી માયા, કંથ કાચથકી કાપૂં કાયા. તેં દુખ૦ ૧૫.

રંડીબાજી ન કરવા વિષે.

(ગરબી.)

શ્રી પ્રભૂજીને આરાધીને, કરૂં આત્માને બોધ રે; સદ-ગુણ શીકશા સુણતાં સારી, નીતિતણો થાય શોધ-સમજ આતમવાલા. ૧ દેશાટન મૈત્રી પંડીતની, ગુણીકા રાજદ્વાર રે; અનેક શાસ્ત્રે માથૂં મ્હાલે, ચતુરાઈ મૂળ એક ચાર-સમજ૦ ૨ પ્રાચીન કાળે ચતૂર ગુણીકા, ગુણ સંપતે બહુ સારી રે; ચોસટ કળા ને બતરિસ લક્ષણ, સહુ સાહિતે દિપિ ભારી-સમજ૦ ૩ વિદ્યા વિશેષે આચરણ ચારૂ, કરે તે ગુણીજન સંગ રે; હસકે તસકે ધનનેસારૂ, નહીં બેશરમી રંગ-સમજ. ૪ અસ્ત્રી ચરીતર ભભકે બતાવી, રાજ નીતીને પઢાવે રે; રૂડી શીખામણ સંભળાવીને, પ-ણિયેત પ્રીત બઢાવે-સમજ. ૫ હમણાંની તો વાતજ ન્યારી, મૂરખ ને બેશરમી રે; સાપ રૂપ દોરી અંધારે, નામ નવ-સારી ભરમી-સમજ. ૬ ગૂણ કળે આચરણે તે છે, નહીં કંઈ પણ માહેર રે; ગુણીકા તાયફા રામજનીઓ, નામ જૂઠ કાએર-સમજ. ૭ તાલ તાન સુર ગાયન ભેદો, ના-ચન વીધી ભારીરે; નેન અદા ને અવયવ ચાળા, ઘુઘરિતણી ઠણકારી-સમજ. ૮ આજ વાત મૂળ ગાનનિ તેમાં, દિસે તેઓ

બહુ ઠોઠ રે; અવર હવે શું તેથી ઇછિવું, કોકતણી નહીં ગોઠ—સમજ૦ ૯. નીચું નામજ વેશ્યા અસલી, સમજીને તે ભારી રે; ગુણ કળાએ ચાતુર થઇને, થઇયો ગુણિકા પ્યારી—સમજ૦ ૧૦. હાલતણી સમજેછે ઉલટૂં, કપટ કર્મ નીચ હોરે રે; અધમ પ્રકારે પૈસો હરવા, કાળજ મૂઢનું કોરે—સમજ૦ ૧૧. ધન આપો તો પાન ખવાડી, દેહ રૈંટિયો ઊલાવે રે; રંડિ પોતાની છાકિ જમાંથી, આત્માને રીજાવે—સમજ૦ ૧૨. નીચા કૂળની નિરધન નારી, વેશ્યા દાસી થાય રે; થન થન આ આ કિંચિત સીખી, તાયફા-માંજ ગણાય—સમજ૦ ૧૩. જેમ જળ છલકે અધૂરે કુંભે, તેમ રંડિ ફૂલાય રે; માને મૂરખ તેવીને તો, મનથિ અપ-છરા થાય—સમજ૦ ૧૪. મૂરખ ફૂલાઉ શોખી જીવડા, માને મોટાઈ ભારી રે; રંડી ઘેર તો જાય પરાક્રમી, કૂડું લવે ઘણું જારી—સમજ૦ ૧૫. કેવળ છિછલ્લી રંડી લાગે, મૂઢ આત્માને પ્યારી રે; મોને ચાડે ભુત તું ભૂલ્યો, ન જોઈ ચતુરાઈ સારી—સમજ૦ ૧૬. કુલીન લાએક લાએકી પામી, નાલાએક કેમ થાય રે; અવર સહૂ વશ કરતાં જાણી, આપે કાં અંજાય—સમજ૦ ૧૭. વેશ્યા ગવાંરી મુખડાં ઊપર, કેમ ગયો તું વારી રે; મમત બડાઈ કામને જોશે, તન મન ધન ગયો હારી—સમજ૦ ૧૮. પાતરપ્રીતે મમત ધરાવે, મૂરખનો સરદાર રે; અમીર ઊમરાવ જેવૂં કરવે, નહીં આપણે દરકાર—સમજ૦ ૧૯. ખરી મેનતે ધંન ક-માઈ, આડે રસ્તે ન્હેંચે રે; મૂરખમાં મોટો થાવાને, લુગડાં ઝવેરમાં ખરચે—સમજ૦ ૨૦. લુગડાં ઝવેર કો સાથ ન

આવે, જારે મૂઢ ઈંચારેરે; નારી પ્યારી સુત જર એથી, મુક્ત નહીં તું થાશે–સમજ૦ ૨૧. વેશ્યા જાણવિ જરની જૂતી, તેજી લીલામે વેચ્યાય રે; કૃતજ્ઞતા સઢ કંઈના રાખે, સેહેજે કૃતઘ્ની થાય–સમજ૦ ૨૨. જર જોરૂ ને ત્રીજી જમિન એ, મૂળ કજિયાના ભારી રે; દ્વેશ દંશ ને મમત કુબુદ્ધિ, નાખે કાળજ સારી–સમજ૦ ૨૩. નીચી નાર તણી જે પ્રીતી, જાણજ ખોટો સટ્ટો રે; ખોટે કામે ફળ પણ ખોટૂં, નિશ્ચે બેસે બટ્ટો–સમજ૦ ૨૪. ધંન ગુમાવી ગંડિયાં બનતૂં, નહીં ચતુરનું ચેન રે; જોબન જાશે ને મુખડું મળશે, સહુને લાગીશ એન–સમજ૦ ૨૫. ડાહપણ પણ ડાંડીયા થાતૂં, નહીં નીતીનો જોગ રે; બાળક ને મૂરખ જન જે તે, આચરે જોઈ અજોગ–સમજ૦ ૨૬. વેશ્યાકેરી નોકરી કરવે, થયોછ તું કાએર રે; આધિ વ્યાધિ ઉપાધી પીડિત, રાત્ર દિવસ ઘાએલ–સમજ૦ ૨૭. વેશ્યા ને કસબણની માળા, જપે તું આઠે પોહોર રે; હરિ હર પારસને છોડી તૂં, હોરે કથિર ગવાંર–સમજ૦ ૨૮. મુક્તીકેરાં સુખ ના માની, આ દેહહેતુ વિસારે રે; સગાં સંબંધી સહુ એળિયો જાણે, સાકેર વેશ્યા ખ્યાલે–સમજ૦ ૨૯. જ્હાંલગિ જરના જતા ઝરાતૂં, પાણી પીઈ પલટાય રે; વાંકડી મૂછે ઠરે લીંબૂને, હં હં હૂં હૂં કરાય–સમજ૦ ૩૦. જોબન રંગ પતંગ ઉડે ને, ચાર દિવસની તેજી રે; કાળ સીચાણુ રહ્યોછે તાકી, વેહેલ ઝડપશે પાજી–સમજ૦ ૩૧. વેશ્યા પ્રીતી માયા તમને, આત્મવિવેકે જોની રે; બુદ્ધિતણા ઊજાસે ભાઈ, છાંડ તું વેશ્યાજોની–સમજ૦ ૩૨. જગમાં ફિટ ફિટ તેથી થાએ, નહીં

કહીં તૂને ઝંપરે; મુઆ પછી તો જમનાં શાસન, આણે ચીસ ને કંપ-સમજ૦ ૩૩. તે વેળાનો બહુ પસતાવો, પણ તે સમજણ મોટી રે; માટે આતમા વેલો ચેતે, નાખ તે પ્રીત તૂં તોડી-સમજ૦ ૩૪. કપટી કરૂર વેશ્યાની પ્રીતી, નહીં બોલીની બાંધી રે; સોગમન કરતે તે સાચી, કસમે અકેક સાંધી-સમજ૦ ૩૫. ભોગજોગે જો માલમ પડે તો, માગે યારો દાણરે; ખુની માગણી ઝેરિ દુષ્ટ તે, જિવની કરેછે હાણ-સમજ૦ ૩૬. વેશ્યા પ્રીતતો વલેણ સરખી, કાળ કાલી ને કપટી રે; ગુણીજન કેરી સંગતથી પણ, છળવામાં નવ લપટી-સમજ૦ ૩૭. કોએલાને દુધથી ધોવો, નહિં નહિં ઉજળો થાય રે; તદવત જાણ તું વેશ્યા નારી, નેહેસજ તેની કાય-સમજ૦ ૩૮. ગાંઠથકી બહુ ગરથ ગુમાવી, દેહને પરવશ કરવી રે; સમજી પાવૂં દૂધ સાપને, ધુળ લઈ માથે ભરવી-સમજ૦ ૩૯. નીજ દેહ ને કુટુંબતણો તૂં, સ્વારથ નાહીં બૂજે રે; આગળ જે રવડશે તેની, લેશ ફિકર ના સૂઝે-સમજ૦ ૪૦. પગરણ ટાણે વાહવા ઉડેછે, જરની જો હોય હામ રે; તે જારે રંડિ છીનવી લેશે, મોહો થાશે તુજ શ્યામ-સમજ૦ ૪૧. બાપનું નામ રૂડૂં રાખવાસારૂ, કરજ કાડીશ વ્હીલે મોહે રે; તે તુંથી પાછૂં ન અપાએ, તે ટાણે થાય પોહે-૪૨. જૂઠો જુગારી વેશ્યાલંપટ, બેમર્યાદ બહુ હોય રે; અહીં ને તહીં સઘળેથી હડહડ, કાયા ભીંતર રોય-સમજ૦ ૪૩. રોગતણી તો વાત ન કરવી, બીજા ઘણા ગેરફાયદા રે; થોડું ભણાવે ઘણું સમજે તું, જાણે નીતી કાયદા-સમજ૦ ૪૪. અમૂલિક દેહનું કલ્યાણ ઇછે,

વેશ્યાઘેર ન જાયરે; આડો મારગ વ્હેલો છોડી, વીવેક રાહી થાય–સમજ૦ ૪૫. આત્મા તું માની પાળે નીતી, નહીં કો દી નીરાસરે; નર્મદશંકર સાચૂં કેહે, પ્રભુ કાપે ભવ પાશ–સમજ૦ ૪૬.

નીતીની સાડી.

(ગરબી.)

પેરની પેરની પેરની રે, બેની નીતીની સાડી પેરની. ટેક. ખરા કસબ ને ખરા કસબની; ભાતો ખિલી અખ્ખેરની રે, બેની. પેરની. ૧. સાડીની શોભા સાચી ટકે છે; જુઠી આ લૂગડાં જવેરની રે, બેની. પેરની. ૨. સાડી રૂડી ઘટ હીરે ઘણે છે; ભારે વજનમાં શેરની રે, બેની. પેરની. ૩. સાડીની થંડક સુધા સરીખી; નહીંજ લાહ્ય કંઇ ઝેરની રે, બેની. પેરની. ૪. સાડી શિતળથી આંખો મિચાએ; કહૂં શી વાત હૂં લ્હેરની રે, બેની. પેરની. ૫. સાડી તે સારૂં નરસૂં સુઝાડે; વિના તે વાત અંધેરની રે, બેની. પેરની. ૬. એ સાડીનૂં મૂલ ન થાએ; પેરે ખસે વાત વેરની રે, બેની. પેરની. ૭. નીતીની સાડી આપે વરોને; પેહરી પાલવ ખંખેરની રે, બેની. પેરની. ૮.

શોકમાં ઘેલાઈ ન કરવાવિષે.

(રાજિઓ.)

ઘેલો તજી શોક વિવેક સાજરે, જીવડા ગાનીરે તૂં બ્રહ્મને ટેક. જીવડે ભારી કૂટણાં ગજાવ્યાંરે; હાય લાડા રા-

જવી મલાવ્યાંરે, છોડી મરજાદા તે સંસારની; પાછું મુએલૂં નહીં દેખાયરે, અતી સહી પીડ મરી જાયરે. ઘેલો૦ ૧. જીવડે એનૂં પ્રીતમું ઢેઢળ્યુંરે; તેં અચેતું જોઈ સીસ કૂટચુંરે, કૂટ્યું તે કરમ બોલ્યો પોકથી; રોકે આંસૂ લાળ લીંટ જાઝરે, મળો થશે પ્રેતતણાં ખાજરે. ઘેલો૦ ૨. મુકસે નીસાસા ઘણા સૂએલરે; ઓ તે જમના મારથી પીડાયરે, વ્હાલા માં તું થઈશ તેનો વેરીરે; ભૂંડા ન તૂં આરડી કૂટાવરે, ઘાને દિલાસો દઈ રૂઝાવરે. ઘેલો૦ ૩. રોકે અતી રોગ ઘરો ઘાલેરે; તંન મંન નાંહી તુજ તાબેરે, ફરે હિણો બાવરો સંસારમાં; કુટુંબની તો દાઝ નહીં ધારેરે, પરદેશી હસેછે ઘણી વારેરે. ઘેલો૦ ૪. શાસ્ત્ર ને પૂરાણ નાપાડેરે; અરે રૂડી બુદ્ધિ મંન વિચારેરે, જાયા તે જવાના જરૂર છે; બ્રહ્મકેરી આગ્ના નહીં તોડરે, રોક ઘેલાઈ પાપ નહીં જોડરે. ઘેલો૦ ૫. વંટોળજેવો છૂટતો અચેતરે; ઊતપાત ભારી નાશકારીરે, કાળ તાણે સાંધી તીર જીવરે; બાળતરૂણવૃદ્ધને કવેળરે, તમા નહીં ઝાલસે તે વ્હેલરે. ઘેલો૦ ૬ ફુટે સડાસડ તડીત વાંસરે; ઓગ્મે વને ભારી ભયો લાગેરે, રગ્મે દેહે બાંબુ ધુસી મારસે; ઝટ છુટે કાળકળી ગાંઠરે, ધટધટે પેસેછે સટ સાંઠરે ઘેલો૦ ૭. ધરતા નામ નાશને આધીનરે; મુઆં તેને રોઈ હવે શું કરે, કો દી તારે જાવુંછે જરૂરરે; મરવૂં તેને જાણ નીજ હક્કરે, સુખ દુખ સમાન માન તક્કરે. ઘેલો૦ ૮. સંજોગ નદી નાવનો જે થાયરે; જોતિ ભેગાં આપણે દિન ચારરે, માયાકેરી પ્રીત નહીં નિત્યરે; સ્વારથે સગી રડે સહુ સંગરે, કારજ કરી

તાર મણીગર બંગરે. ઘેલો૦ ૯. સમરથ સારા દેવ ને દાનવરે; એ ગયા ઋષી રાવણ રાયરે, શી ગણતી પામર આપણ પ્રાણિઆ; દેહ દુરલભ માનવીની રૂડીરે, સંત શોધિ વાત છોડ કૂડીરે. ઘેલો૦ ૧૦. ન કહે ભવભોગ ન ભોગવાયરે; રોઈ કુઠી પછાડી મા ખાયરે, મિથ્યા માન શોક ને વીલાપરે; કામ કર તું જામ આઠ પુણ્યરે; નર્મ નકી બ્રહ્મધામ જાયરે. ઘેલો૦ ૧૧.

પરમાર્થવિષે શિક્ષા.

(પ્રભાતિયું.)

આ જગતની રચનાકેરો, નારાયણ નિમ ભારે રે; એક બિજાને આસરે રહીછે, વસતુ સરવ સંસારે રે; આ જ૦ ૧. ઝાડ જનાવર અવર જીવો, એક બિજાને આધારે રે; અમિરિ તવંગિરિ ઘેલિ ગરીબાઈ, માંહો માંહ્ય અનુસારે રે; આ જ૦ ૨. સમરથ શેઠ દિનદાજ ન લાવે, મંગળામુખ્ખિ સ્વિકારે રે; વડિલ ભાઈ છોટાને ન પાળે તો, પ્રભુ બ્રહ્મ કેમ ઠારે રે. આ૦ ૩. આ નરદેહ ધરીને પ્રાણી, પરમારથ ન જાણે રે; કહે નરમદ ખની બળદીયો, જીવતર ભાર તું તાણે રે; આજ૦ ૪.

નીતિ એટલે શું?

(પદ.)

નાણો નીતી સહુ સારીરે, માનવિ પ્યારા. ટેક. નીતી તે રૂડી રીતી, રીતી સર્વે નહીં નીતી, નીતીથી ભક્તિ ગીતીરે·

માનવિ૦ ૧. નીતીથી માણસ છઇયે, પશૂથી નહીંતર જઇયે, માટે નીતી મન ધરીયેરે. માનવિ૦ ૨. નીતીથી કજિયા જાયે, સર્વેને સારૂં થાયે, બ્હીકો કો દી ન સાયેરે. માનવિ૦ ૩. નીતીથી દયા વ્હાલ, વિવેક વાણી ભાળ, પરનું તે શિવનિર્માલેરે. માનવિ૦ ૪. નીતીથી પરોપકાર, વેહવારે ધીર ધાર, ઇંદ્રીની જીત સારરે. માનવી૦ ૫. નીતીથી ભક્તિ સોયે, બાકી નહિં ભક્તિ હોયે, નીતીથી ધર્મ જોયેરે. માનવિ૦ ૬. નીતીથી ધૂના નાસે, લોકો સહુ સંપી થાસે, નારાયણ બ્રહ્મ ભાસેરે. માનવિ૦ ૭. નીતીથી નુર બહુ સારૂં, ઘણૂં શું કહું વારૂ, નીતી મુક્તીનું બારૂંરે. માનવિ૦ ૮. સાચી દુનિઆને સાચી, જૂઠી સહુને નહીં સાચી, સાચી તે સાચી સાચીરે. માનવિ૦ ૯. માટે નીતી જે સાચી, ધરવી હૈયે બહુ રાચી, જગજીવન જાચી જાચીરે. માનવી. ૧૦.

જિવને શિક્ષા.

(૫૬.)

પામર જીવડા, સ્વરૂપ જોની વીચારી. ટેક. ગંદિ દેહની ગઉરિ જરૂર તું, છાંડિદે વીવેક ધારીરે. પામર. ૧. વાત પીત ને કફથી કાયા, ફદફદતીજ નકારી; રૂધિર માંસ ને પરૂ મળ મૂતર, ગંદવાડે ભરિ ભારીરે. પામર. ૨. અનેક રિતના રોગ સરી કરે, કાયા જરજર બ્યારી; ઘડી પલક કે પોર દિવસમાં, અચેત થવાની વારીરે. પામર. ૩. જુઠી દેહનો તજી ગર્વ જિવ, મૂકજ વાતો જારી; ત્વચ્યા ઉપરની ભુરકે ભૂંડા, એમ સમજ નર નારીરે. પામર. ૪.

જિવને શિક્ષા.

બાવર જીવડા, જો અંજન જ્ઞાન આંજી. ટેક. કામ ક્રોધ લોભે ભરમાણો, ભમે નીતીને ભાંજીરે. બાવર. ૧. છે ને નથી એવી જે માયા, ધન દારા સુત માજી; આશા તૃષ્ણા માંહે તણાણો, રોજ વિષયમાં રાજીરે. બાવર. ૨. આ સંસારે ભુરકી નાખી, બુદ્ધી તારી ગાંજી; પારકું ધન ને પારકી બૈરી, કૂડ કપટ તુજ હાજીરે. બાવર ૩. મનુષ્યદેહ ફરિ ફરિ નહિં આવે, નીતી સમજ તૂં પાજી; વિચાર કર હૂં કુણ છું એનો, દેહ ભકતીએ સાજીરે. બાવર. ૪.

જિવને શિક્ષા.

(૫૬.)

સારૂં જીવ નિજપદ જોઈ કંઈ વિચારે—ટેક. ત્રાસદાયક કીડાઓથી; રૂધીર પરૂ માંસમાંથી; હુના હુના જઠર માંથી આવ્યો બ્હાર જોરે જોરે. સારૂં જીવ નિજ પદ૦. થોડા રોજ તૂં ખરોજ રોઝ જેમ; કરી માત ને પીતાએ રેમ તેમ; થઈ મોટ પુછવા માંડ્યું બધું કેમ; ખરે જોઈ તેં આસપાસ, ભેદો ખાસ, ખાસાભાસ, ના નીરાસ, રાખી આસ, કરવા હાસ, સુખમાં વાસ, હણવા પાશ, ગોવિંદ પાસ, રેહવા દાસ, ધાર્યું સવારે વારે. સારૂં જીવ નિજ પદ૦. ૧. જુવાની મદે ફર્યો તું હાટ હાટે; વિસર્યો નીતિને સરચોજ ગેરવાટે; મોડાંની પેઠે ઠાલા તું ઠામ ચાટે; નંદવ્યું નૂરનંગ, સ્ત્રીયા સંગ, ધરિ ઉમંગ, કસી તંગ, રમ્યો રંગ,

બજ્યો ઢંગ, હિણ અપંગ, નીતી ગંગ, ધોઈ અંગ, ભજન ચંગ, ને મરદંગ, બજાવ્યાં ન વારે વારે. સારૂ જીવ૦ ૨. આવી સાઠિ રૂડી બુદ્ધિ તારિ નાઠી; લવારી ને લલૂતા વધી થઈ માઠી; રસેંદ્રીનું વધ્યું જોર લિધે કાઠી; વંઠ્યો ભારીરે, બહુ નકારી, ખુની જારી, ને જુગારી, બીજી છારી, નાખી ઝારી, સુખાકારી, મુક્તી બારી, નીતી ધારી, લીલા સારી, ગાઈ તેં ન ભારે ભારે. સારૂ જીવ નિજ પદ૦ ૩. છે સંસાર સારાસારનો સંહાર; સકરી સાર ને અસાર તું સંહાર; અહમેવ તજી સેવ અઘસંહાર; સત્ય શાલજોડી, ગર્વો તોડી, એડૂં હોડી, જિંદગિ હોડી, જાણે થોડી, મેખથિ છોડી, દેહને જોડી, ચલવૂં દોડી, નહીંજ મોડી, ઓણં ન કોડી, માણૂં ગોડી, ઉતરૂં ઉતારે તારે. સારૂ જીવ નિજ. ૪.

જિવને શિક્ષા.

નીતી તુંબી ભવ સિંધુને તરાવે. ટેક. તુફાની તૂરંગમાંથી; ભયંકાર વાયુમાંથી; ધારવાળા ખડકમાંથી ક્ષેમ તીરે લાવે લાવે; નીતી તુંબી૦ ટેક. વિટલાઇ વળી લાલચો ચોપાસે; નથી ધૈર્ય અને સત્યનું બળ પાસે; અરે રેહવું બંધાઈ જંમપાશે, પ્રભૂ પ્રેર તું ઉપાય, લાગૂં પાય, હે જગરાય, તું સમરાય, સુખડાં થાય, મનની લાય, બહુ બહુ હાય, સહૂ સમાય, પાપ પળાય, સંકટો નાવે નાવે. નીતી તુંબી૦ ૧. આશા લોભ આદિ આધિ ફિકર કોટી; કરે તાવ વ્યાધિ

શરિરતણી સોટી; બીજી અડચણો ઉપાધિ પીડ મોટી; અરે દુઃખડાં ના ગણાય, ના જણાય, પણ હણાય, અધ ખણાય, ગુણ ઘણાય, ઝટ તણાય, હરિ ભણાય, સુખ અ- ણાય, ધરૂં સત ભાવે ભાવે. નીતી તુંબી૦ ૨. ભયંકાર અંધકાર સહુ ચિકાર ; ગભરાયે નહીં બોલાય કંઈ ચકાર; બીહૂં દે- ખીને વિચિત્રરે આકાર; ખરે અફળા તો ફરૂં, અધજળ ખરૂં; પેટે ભરૂં, કાં ના મરૂં, કેમે તરૂં, થાકે ઝરૂં, લોહી નરૂં, કાંહાં ઠરૂં, રે શૂં કરૂં, જળચર ચાવે ચાવે. નીતી તુંબી૦ ૩. દયાસાગરા તું નાગરા પરબ્રહ્મ; ભ્રમો ભાંજીને શીખવ શુદ્ધ ધર્મ; સમજે મર્મ પછી બાંધુ નહીં કર્મ ; છૂં રંક હૂં નર્મદ- શંકર, હીણો કીંકર, મતિ બહુ સંકર, આવે તંમર, ફરૂં હું ધંમર, પકુંજ દંભર, રેવા અંમર, બાંધું કંમર, નટવર શંકર, નીતી ગાવે ગાવે. નીતી તુંબી ભવસિંધુને તરાવે. ૪.

નીતીના પનઘટપર જવા વિષે.

(પદ—રાગ ભેરવી.)

નીતિ પનઘટ મોએ જાનેદે મૈયા. ટેક. યા પનઘટ ગયે લોક નગરકે, ચરચા નહીં કબહૂ કરૈયા. નીતિ૦ ૧. યા પન- ઘટપર બ્હોત ભગત હૈ, હરિસોં સખીહી લગંન લગૈયા. નીતિ ૨. યા પનઘટકો નીર પીબનસોં, જન હોતહૈ ભવરોગ હરૈયા. ૩. પનઘટ લીલા દેખહી નરમદ, નિશદિન રહત બ્રહ્મ પૂજૈયા. નીતિ૦ ૪.

પનઘટપર ન જવાવિષે.

(ઠુમરી—રાગ ભેરવી.)

મૈયાં નીતી મૈં માનૂં રે; દીલસેં ઔરકુછ ના બખાનૂં. મૈયાં૦ ટેક. મેરી તરફકા ડર મત રખના, કબહુ ના પાની જાઉં; મૈયાં૦ ૧.

દુનિયામાં સમાલીને ચાલવા વિષે.

(દાદરો.)

દુનિયામાં તો ઠોકર ઘણી ખાવી રે. ટેક. માટે સાવચેતી રાખી રોજ રેહવૂં; નીતિપણ મનવચનકર્મે પાળી રે. દુનિ૦ ૧.

શોક ન કરવાવિષે.

(પદ.)

સાને સોચ સળગાવે જીવડા, ભેદ પામર નવ પાવે રે; જાણે તારૂં નરસૂં થાયે, દાજ હરીની હિત કરવે રે. ટેક. મૃતકકાજ કલપાંત કરે તું, સ્વાર્થિં સમજ સહુ દીસે રે; ઇશ્વરિધારણ સમજ્યુક કારણ; ભરાય તેપર કાં રીસે રે. સા૦ ૨. ચડતિપડતિને જગ આધિન છે, મદ રિસ કેમ તું આણે રે; દેવ દાનવ રાય રંક કરેછે, હાય કલોલ હર ટાણે રે. સા૦ ૩. સાંજ પડે ને વ્હાણૂં વાએ, ફૂલ કો ખીલે ખીડાએ રે; ઋત ઋતના ફેરફાર હોએ, સુખદુખના તેમ

જાએ રે. સા૦ ૪. દરએક ઘટઘટ નાશને જોએ, જગ આ ઘટમાળ જાણે રે; એક ભરાએ બિજો ઠલવાએ, શિખામણ ડાહી માને રે. સા૦ ૫. આવો દેએ નીમ તૂં ભાઈ, શોક શું કરવો સારો રે; કો દિન દેવો જરૂર જરૂર છે, વિચાર એવો મન ધરવો રે. સા૦ ૬. સદાય માયામઝામાં મ્હાલે, ધર્મ નિતી ન હીણો માને રે; દુખનો માર પ્રસંગે મારી, પાધરો કરે કસી તૂંને રે. સા૦ ૭. થયલી વાતે દિલાસો માને, પ્રભુ બ્રહ્મગુણ જાણે રે; આ ભવબંધન લેશ ન પીડે, નર્મદને સુખ આણેરે. સા૦ ૮.

શોક ન કરવા વિષે.

(૫૬.)

તારે કરવો શોકજ કેવો? રે ઓ પ્રાણીયા જગનો નીમજ એવો. ટેક. તારે કરવો શોકજ કેવો, વેહેલો મોડો દી દેવો, પડેછે મોટા દાનવ દેવો રે. ઓ પ્રા૦ ૧. આ જગમાં નથી કાંઈ એવું, રૂપ રંગ ફર્યાં નહીં તેવૂં, અંતે સહુને જૂઠાં થઈ રેહેવું રે. ઓ પ્રા૦ ૨. વારા ફરતૂં ચડવૂં ને પડવૂં, વારા ફરતું હસવૂં ને રડવૂં, વારા ફરતૂં ચાહાવૂં ને લડવૂં રે. ઓ પ્રા૦ ૩. શોક કીધે જો દુખ જાએ, તો તે કીધોજ સાર્થક થાએ, પણ નહિં ઉલટો રોગ ભરાએ રે. ઓ પ્રા૦ ૪. જોઇ નીમ ન સંતોષ માને, ગુણ ગાયે હરીના ન સાને, તેતો પૂરો પાપી રઝળે રાને રે. ઓ પ્રા૦ ૫. ધર ધીરજ હિંમત આશે, તેથી સૂખ દેખાશે પાસે,

જીવતાંને સુખ ફરી થાશે રે. ઓ પ્રા૦ ૬. થતું આવ્યું થવે નવ ચૂકે, ઝટ શોક તું નર્મદ મૂકે, રૂડા દી આવશે વળી ટૂંકે રે. ઓ પ્રા૦ ૭.

શોક ન કરવા વિષે.

(૫૬.)

નવ કરશો કોઈ શોક–રસિકડાં, નવ કરશો કોઈ શોક. ટેક.
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી–રસિકડાં૦૧.
પ્રેમિઅંશને રૂદન આવશે, શઠ હરખાશે મનથી–રસિ૦૨.
મર્મ ન સમજે બકે શંખ શઠ, વાંકું ભણે બહુ પણથી–રસિ૦૩.
એક પીડમાં બીજી સ્હીડથી, જળશે જીવ અગનથી–રસિ૦૪.
હતો દૂખિયો થયો સૂખિયો, સમજો છૂટયો રણથી–રસિ૦૫.
મુઓ હૂં તમે પણ વળિ મરશો, મુક્તથશો જગતમથી–રસિ૦૬.
હરિકૃપાથિ મમ લેખચિત્રથી, જીવતો છઊં હૂં દમથી–રસિ૦૭.
વીર સત્ય ને રસિક ટેકિપણું, અરી પણ ગાશે દિલથી–રસિ૦૮.
જુદાઈદુઃખ તે નથિજ જવાનું, જાએ માત્ર મરણથી–રસિ૦૯.
મરણ પ્રેમિને ઉચિત મોડું છે, દુઃખ વધેજ રૂદનથી–રસિ૦૧૦.
જગતનીમ છે જનન મરણનો, દૃઢ રેહેજો હીંમતથી–રસિ૦૧૧.
મને વીસરી રામ સમરજો, સુખિ થાશો તે લતથી–રસિ૦૧૨.

પડે તે ખમવું–બળદિયો.

ટકટક જોયાં કરવૂં–બળદિઆ ટકટક જોયાં કરવૂં, ટેક.
શક્તિ વગર ત્હેં બેસી જવાયે, ભાગિ ગયા પગ ત્હારા–બળ૦૧.
મથી ઊઠતાં વહ્લું ચાલતાં, ફસકિ જવાયે તૂંથી–બળ૦૨.

ફાટિ આંખ ને મ્હોડે ફીણ બહુ, દાંતો તો ભીડેલા–બળ૦૩.
કુવા પેટમાં હાડ જણાતાં, શી આ ત્હારી વેળા–બળ૦૪.
એવિ હાલતે ગાડું ખેંચવૂં, સરજીત તૂંને એવૂં—બળ૦૫.
ગાડિવાંન તે મરડે પૂંછડું, જે દુખ દે તે સેહેવૂં—બળ૦૬.
મારે ચાબખા ભોંકે પરાણા, મુક્કા દે બહુ પેટે–બળ૦૭.
ખેંચે નાથ ને ડાબે ગોળિઓ, મુખથી ગાળો દેતે–બળ૦૮.
વળી મંનમાં ધણિક મૂઝણો, વાચા વણ શૂં જાણૂં–બળ૦૯.
ધિક્ક મને આ દેખું તુજને, ચલણ નથી કંઈ મારૂં–બળ૦૧૦.
મોતથકી તૂં છુટિશ બાપડા, ઉપાય નહિં કો એકે–બળ૦૧૧.
તૂં જેવાને ઝટ મરણ નહિં, ઈશ્વર નિર્દય છે કે?–બળ૦૧૨.
નહિં નહિં ઈશ્વર શુભ કો કારણે, જોયે તૂંને આવો–બળ૦૧૩.
માત્ર તેહના સામુ જો તું કે, છોડે દીનદયાળો–બળ૦૧૪.
અવધ આવિ કે ઊંચું જોઇને, નાખી દીધૂં ડોકૂં–બળદિઓ,
બળદિઓ એમ મુઓ રીબાઈ. ૧૫.

જિવને શિક્ષા.

(પદ—રાગ કાફી.)

જીવ તૂં, સમજી લે નીજ ભાસ. ટેક. ગંદા ઉદરમાં રહી અકળાયો, નવમાસી ગર્ભવાસ. જીવ તૂં૦ ૧. બ્હાર આવી તેં બચપણ એળ્યૂં, જુવાનિ જુવંતી પાસ. જીવ તૂં૦ ૨. સટરપટરકરી ધન માન હોસ્યાં, વૃદ્ધપણે સાલે ફાંસ. જીવ તૂં૦ ૩. જન્મથિમાંડી મોતલગી તેં, જોયો ન જ્ઞાન પ્રકાશ. જીવ તૂં૦ ૪. પશુ પક્ષિ હીણી યોનિ પડે તૂં ફસ્યો

અણજાણ પ્રવાસ. જીવ તું૦ ૫. માનવી દેહનો હેતુ ન બૂઝયો, બંધાઈ રહ્યો ભવપાશ. જીવ તું૦ ૬. સદાચરણ સજી દાન ન દીધાં, પ્રભુ ન ભજ્યો નીચે શ્વાસ. જીવ તું૦ ૭. સમજસમજ મૂઢ હજિ તું સમજ કંઈ, નર્મની પૂરે બ્રહ્મ આશા. જીવ તું૦ ૮.

જિવને શિક્ષા.

જિવડા, મા કર તૂં વ્યભિચાર. ટેક. લપટઝપટથી પકડે પિશાચા, નાખી દે નર્કખાડ. જિવડા૦ ૧. ધંન ધાત ને ચિત ચતુરાઈ, ચૂસી લે તે ગવાંર. જિવડા૦ ૨. શોક કરીશ જારે સંધૂ જશે કો, થાય ન સંગી ધાંર. જિવડા૦ ૩. ઝટઝટ ગટગટ પી બ્રહ્મરસ તૂં, નર્મદ તજીને જાર. જિવડા૦ ૪.

જિવને શિક્ષા.

(હોરી—રાગ કાફી.)

બ્રહ્મનીતિ જાની ન માની, એસી રીતી પિછાની. ટેક. નિરલજ હોકર માન ગુમાવે, કેસી તેરી બૂધ કુબાની; મોહ ફાગકી મજા જૂઠ ખેલત, નર્કબાસકી નિશાની. બ્ર૦ ૧. કેફ કરૂર ત્રિયારસ માતો, બાનિતાન સાન કટાની; જારી કેલી પાપી તૂં છેલ ઢૂંઢત, કામિનિ છેલ છેલાની. બ્ર૦ ૨. રંડિકીસંગ જો પીયુ કુસંગી, જારસંગ સ્ત્રી મસતાની; ધિ:ક

ધિ:ક જીય જો ભંગિ અફીની, છોડ રીતી સ્વાન રાની. પ્ર૦ ૩. માનુખ દેહ તૂં પાય અમૂલી, નાહીં શીખ હીતકી માની; સાંડ ઊંટ બ્હેત જ્યોં ભાર ચંદન, બાસકી લેશ ન જાની. પ્ર૦ ૪. ઋત બસંત બસંતપુજાકી, સુબાસકી પ્ર-હ્મકી ગાની; યહ સુચેન બિસરે જો નરમદ, હોયગી તેરીરે હાની. પ્ર૦ ૫.

સત્યવિષે.

(દોહરા.)

સત્યદીપકે નાસશે, અંધારૂં અજ્ઞાન;
સાર તત્વ મળિ આવશે, જેથી સૂખ નિદાન–૧.
સત્યદીપકે સૂઝશે, સેઝે સારાસાર;
સારથકી સંપત વધે, બધે દેશ જયકાર–૨.
સત્યદીપકે મરિજશે, પતંગ રૂપી વ્હેમ;
તમ અજ્ઞાન વળી ખશે, થશે જ્ઞાનથી ક્ષેમ–૩.

(ગીતિ વૃત્ત.)

વર્તે જે કો સત્યે, પામે તે સુખ યશાદિ ઈહ લોકે;
સદ્વાણી સત્કર્મો, થશેજ એથી સુમુક્તિ પરલોકે–૧.

(છપય વૃત્ત.)

સત્ય આચરો સહૂ, સત્ય પ્રીતનૂં મૂળ છે;
સત્ય આચરો સહૂ, સત્ય સઘલે અનુકૂળ છે;

સત્ય આચરો સહૂ, સત્ય અહીં યશયુક્ત છે ;
સત્ય આચરો સહૂ, સત્ય પરલોકે મુક્ત છે ;
સત્ય વિના પરિણામ માઠા, અસત્ય કદી તારે નહીં;
સારાસાર સમજવાકાજ, બીજું શું શોધો કંહીં-૧.

(સાખી.)

વિના સત્ય જે આચરે, થાય ફિટ ફિટ તેને;
મરણસમેના દુઃખમાં, અસત્યદમે મનને-માટે સહૂ સત્યે ચાલો-૧

(ઇંદવ વૃત્ત.)

જેમ શરદ્દ ઋતુ ચંદ્ર દિસે ઉગતો રમણીય નદીતિર સાંજે,
લીટિદિગંત ધિમે રહિ કાપિ ઉપેર ચઢી ગ્રહ શોભિત ગાંજે;
તેમ હમેશ સતોગુણિ સત્યનિ કાંતિ દીપે બહુ સૂમનમાં જે,
જ્ઞાનભણી અજવાળું કરી સુઝ દાખવિ દુઃખ અચાનક ભાંજે-૧

(દુમિલા વૃત્ત.)

વળિ સત્યતણો શિત ચંદ્ર ઠરી, મનરૂપિ ખના સમ મધ્ય વિષે,
જગ જાળતણા બહુ પાશથકી, છુટકો કરવા રૂડું નેહરશે;
બધિ હૂંનિ પિડા ભવસાગરની, કિરણો શિત હીમથિ ઠારવશે,
વ્યવહાર નિતી ધરમો સહુ ચાંદરણૂં ખિલિ પૂરણ દાખવશે-૨.

(કીરીટ વૃત્ત.)

એ શુભ સત્ય પ્રકાશથકી અઘ દૂર ખસી મન સ્વચ્છ થશે સહુ,
શ્રી પ્રભુને જિવ પૂર્ણ પવિત્રજ હોઈ સમાધ લઈ ભજશે બહુ;
ભાનુતણા અતિ તેજ થકી અણજાણ પ્રભાત સમે શશિ અસ્તજ,
તેમ ધિમેજ ધિમે પછિ એકદમે હરિમાંહિ સરી સતસ્વસ્થજ-૩

લઘુહિતોપદેશ. (ભાષાંતર.)

૧. સદાચરણ ને દુરાચરણ.

(દોહરા.)

સદાચરણમાં કહાડવી, પોતાની વય રોજ;
એ માણસનો ધર્મ છે, કહું છૂં કરજે ખોજ. ૧.
જન પ્રમાણિક હોય જે, સર્વ લોકમાં માન;
પામે રૂડૂં તે બહૂ, શાણાની તે સાન. ૨.
જેમ ઇછે બીજા કને, તૂં તુજ ગમતૂં સૂખ;
રૂડી રીતે તે પ્રતી, ચાલ નિત્ય નહિં દૂઃખ. ૩.
દુરાચારિ દુર્જનતણૂં, કદિ કલ્યાણ ન થાય;
દુરાચારને ભેટવા, બુદ્ધિમાન નવ ધાય. ૪.
દુષ્ટ કર્મ કરનારની, ટકે નહીં મોટાઈ;
દુષ્ટ કર્મ કરવાથકી, અનેક દુખડાં ભાઇ. ૫.
રૂઢી રૂડી પૂર્વની, તજવી તે ન લગાર;
રૂઢી ભૂંડી પૂર્વની, તજવી જરૂર ધાર. ૬.
પાણીથી વળિ થાયછે, સ્વચ્છ નિરોગી દેહ;
વિના સુબુદ્ધી આતમા, શુદ્ધ પવિત્ર ન રેહ. ૭.
કુકર્મથી લાજે ન જે, એકાંત ન પસ્તાય;
કુકર્મ કરવા ચારમાં, લાજ મૂકિ હિણ થાય. ૮.
આપ પાપ બીજાથકી, જો કે થોડૂં હોય;
કદિ સંતોષ ન માનવો, પાપ કર્યાથી કોય. ૯.
જહાંસૂધી ક્રોધો વસે, તન નીરાગિ ન હોય;
દુરાચરણથી જીવ તો, અભય સૂખ ના જોય. ૧૦.

૨. વડીલોનું માન.

વળી વિવેકે રાખિયે, માબાપોનું માન;
ઈશ્વર વર શુભ આપશે, કરશે લોક વખાણ. ૧.
માત પિતા ગુરૂ ને ધણી, કેહ તે કરવું તર્ત;
નવ કરવો કદિ વાયદો, રમવી નહિં કહિં સર્ત. ૨.
ઉછાંછળાં છોરૂતણી, સંગત મુકવા કેહ;
વડીલ આજ્ઞા માનવી, હિતવચની છે તેહ. ૩.
દાતા વિદ્યા અંતના, ભયથી બચાવનાર;
એ ત્રંણે હિતકારિ છે, બાપ સમાન જ ધાર. ૪.
મર્યાદામાં વૃદ્ધની, આપણ રહિયે રોજ;
આગળ છોરૂ રાખશે, ભારબોજ રે તોજ. ૫.

---

૩. ઉપકાર ને અપકાર.

ગુણિ માણસનૂં કામ છે, કરવો પરઉપકાર;
દુઃખ દેવૂં તે અવરને, મોટૂં પાપજ ધાર. ૧.
ઉત્તમ પુરૂષ જ જાણવો, વિરલો જન તે હોય;
ઉપકાર અપકારિને, કરી ક્ષમાથી જોય. ૨.
શરણાગતનૂં પ્રેમથી, રક્ષણ કરવૂં રોજ;
એ સમાન નહિ પુણ્ય કંઇ, એમાં મોટી મોજ. ૩.
નિરિછપણાથી અવરનૂં, સારૂં કરિયે જેમ;
ઈશ્વર કરશે આપણૂં, સારૂં સારૂં તેમ. ૪.
પરઉપકારી કાજથી, જિવને જે સંતોષ;
વિલાસ ક્રીડાથી નહીં, ઉલટા જાયે હોશ. ૫.

---

૪. છોકરાંએ કેમ ચાલવુ ?

સોળ વર્ષ થાતાંલગી, વડિલ બુદ્ધિએ ચાલ;
નિજ બુદ્ધીથિ ન ચાલવૂં, ભૂંડા થાયે હાલ. ૧.
ઘરમાં આજ્ઞા માનવી, માતપિતા કેહ જેહ;
નિશાળમાં ગુરુજીતણી, ભણજે લગાડિ લેહ. ૨.
બાળપણે જે ચોટતી, સારી નરસી ટેવ;
મરણાંતે તે છૂટતી, માટે સદગુણ સેવ. ૩.
કુમળૂં ઝાડ નમાવતાં, તરત નમે છે જેમ;
કડણ થયે નમતૂં નથી, બુદ્ધિ મનુશની તેમ. ૪.
નિશાળની વેળા કદી, નહીં ગાળવી લેશ;
રોજ રોજ જાવૂં અને, ભણવા ગ્રંથો બેશ. ૫.
બીજા કર્ત્તાં હૂં ભણિશ, વ્હેલો મારો પાઠ;
અભિમાની મન રાખવૂં, પણ નહિં બીજો ઠાઠ. ૬.
આજ નવૂં હૂં કેટલૂં, શીખ્યો તેનો રોજ;
વિચાર કરતાં રેહવૂં, તો તો રેહે બોજ. ૭.
કંઈપિણ નવું શીખ્યા વગર, દી ન જવા દે એક;
નીતી શીખી પ્રેમથી, ધર પંડિતનો ટેક. ૮,
નિશાળ જાતાં વાટમાં, ઉછાંછળાંની સંગ;
મંન થયે રમવૂં નહીં, વ્રતમાં થાયે ભંગ. ૯.
સ્મરણ રાખતાં આવડે, બાળપણામાં સેજ;
મોટપણે વિદ્યાનુભવ, સમાધાન આણેજ. ૧૦.

૫. રીસ.

જેથી રીસ ચડે વળી, તેવાં થોડાં કામ;
માટે શાંતિ ક્ષમા સજે, જેથી રાચે રામ. ૧.
લાગે વાર ઘણીજ રે, ચડતાં જેને રીસ;
ઉત્તમ પુરુષજ જાણવો, કરે માફિ બક્ષીસ. ૨.
ભાષણ વચન વિવેકથી, મધુરૂં કીધૂં હોય;
કદિ કેથે કજિયો નહીં, માનથકી સહુ સોય. ૩.

---

૬. માફી.

માફી કરવી વાંકની, મોટ મનિશાતૂં કામ;
કોકે દીધૂં દુઃખ તો, કર તૂં સુખ તે ઠામ. ૧.
માફ કરીશૂં આપણે, બીજાઓના વાંક;
ઈશ્વર કરશે આપણા, વાંક માફ લહિ રાંક. ૨.

---

૭. નઠારી ટેવ.

દારૂ પીવો નાહં અને, કેફ ન કરવી કાંઇ;
એણે કરિને થાયછે, બહૂ ખરાબી ભાઇ. ૧.
વ્યભીચાર કરવો નહીં, નહિં રમવો જૂગાર;
જહાં રમાતો હોય ત્હાં, રોહ ઉભા ન લગાર. ૨.
જુગાર રંડીબાજિથી, ચોરીનૂં મન થાય;
ચોરીથી જિવ જાય ને, કૂળ લાજ પણ જાય. ૩.
દ્યૂતદ્રવ્યથી કોઇપણ, થયો સૂખિ નહિં લેશ;
થયા દરિદ્રી બહુ બહૂ, ખોયા જિવ હિણ વેશ. ૪.

દુર્વ્યસને પૈસો ખપ્યો, ફોગટ ગયોજ ધાર;
સત સંગતથી ખોડને, ચેવટ ધરી સુધાર. ૫.
સારા માણસમાં દિસે, જો વળિ કંઇપણ ખોડ;
તે સંઘરિશ નહિં સમજિને, અંગે ડાહપણ જોડ. ૬.

૮. ઈમાનદારીથી ચાલવું.

ચોરી તો કરવી નહીં, નહિં લેવી કંઇ લાંચ;
હિસાબ ચોખ્ખો રાખતાં, કો દી નાવે આંચ. ૧.
જાુઠાં કાટલાં ત્રાજવાં, રાખે ધૂતા હોય;
તંટા ફિતુરી વાતમાં, કદિ ના જઇ તૂં જોય. ૨.

૯. સાચું બોલવું.

સત્ય સર્વદા બોલવૂં, જાૂઠે રૂઠે ઈશ;
સત્યે તો વેહવાર છે, સત્ય કદિ ન છાંડીશ. ૧.
જાૂઠી સાક્ષી જે પુરે, જાૂઠૂં બોલે જેહ;
જાૂઠી વાત ચલાવતો, પાપી હીણો તેહ. ૨.
જાૂઠાં વચનો ઊપરે, રાખ નહીં વિશ્વાસ;
કરિશ કામ તારૂં કહી, કરતો નહીં નિરાસ. ૩.
લવે કંઈ ને કંઇ કરે, તે જો બોલે સાચ;
લોક ન માને તેહને, તે તો નરસો કાચ. ૪.
કરે ઘાત વિશ્વાસનો, કરે વચનનો ભંગ;
પાપી તે સમ નહિં બિજો, બગડ્યો જહાં મન રંગ. ૫.

૧૦. ચાડી.

નંદા ચાળા ચાડિ તે, કરવી કદી ન કોઈ
કર તું ચાડિયાસંગ ના, સદ્‌ગુણ વખાણ જોઈ. ૧.

૧૧. લોભ ને ઉદારતા.

નિજ વૈભવનો એકલો, કરશે જે ઉપભોગ;
જિવવું અસાર્થક જાણજે, લેશે ઝડપી રોગ. ૧.
લોભી દ્રવ્યાશાથકી, કને હોય તે ખોય;
પછિ પસ્તાઈ આખરે, બની બાવરો રોય. ૨.
સખિ જન ઉપર સર્વની, મમતા મોટી હોય;
માટે તેને અડચણો, ઘણીવાર નહિં જોય. ૩.
ઉડાઉપણૂં નવ રાખવૂં, યથાશક્તિ ઔદાર્ય;
રાખ સદા સતસંગ તૂં, સરશે સઘળાં કાર્ય. ૪.

૧૨. અદેખાઈ.

અદેખાઈથી આપણૂં, શરિર ઘણૂં લેવાય;
પાપ બહૂ થાયે અને, ધારયૂં ના લેવાય. ૧.
બીજાનૂં સુખ જોઈને, સાંભળિ વળી વખાણ;
દુઃખિ અદેખો થાય ને, ધારે કરવા હાણ. ૨.
બીજાનૂં દુખ જોઈને, સાંભળિ નિંદા કાન;
સુખી અદેખો થાય ને, પછિ માંડે તોફાન. ૩.
દુખ દેવાને અવરને, દુખ તે સહેજ આપ;
અદેખાઈ ગુણ હીણ ને, તે છે મોટો શાપ. ૪.

૧૩. હુંકાર ને નમ્નતા.

બહૂ નમ્રતા રાખવી, કરવો નહિં કંઇ ગર્વ;
કજિયાનૂં મુળ ગર્વ છે, ગર્વે હલકા સર્વ. ૧.
મોટો છઉં હું એમ કંઇ, મનમાં નહિં તૂં આણ;
દિસે મૂર્ખાઇ સામટી, નિજ ગુણ કરે વખાણ. ૨.
હોય બોલતો કોઇ ત્હાં, જૂક્તીથી નહિં આણ;
નીજ બડાઈ વારતા, વજન ન પડતૂં જાણ. ૩.
જે માણસ અભિમાનિ તે, બે આબરુ થઇ જાય;
માટે તજિ દે ગર્વને, સભ્ય નમ્ર તૂં થાય. ૪.

---

૧૪. દયા.

જોઇ ગરક જન દુઃખમાં, કર કરુણા હંમેશ;
રંકભણી જોઈશ તો, તુંભણિ જોય પરમેશ. ૧.
શત્રૂ ભૂખ્યો હોય તો, તેને પણ તૂં આલ;
જનાવરો જો રાખવાં, તો તો રૂડાં પાળ. ૨.

---

૧૫. મેહેનત.

સર્વ કામ મેહનતથકી, કરતા હોયે લોક;
થાય સહાય સદા હરી, ફળ નવ થાયે ફોક. ૧.
જે કરિ શકિયે આપણે, કરે ન પરબળ કોય;
'આપસમાન ન બળ કહીં, મેઘ સમાન ન તોય.' ૨.

(શાર્દૂલવિક્રિડિત વૃત્ત.)

મોઠી હોય ઇમારતો નિમ થકી, બંધાતિ નિત્યે પુરી
થયેછે મુખપાઠ તે નિમથકી, વાંચેથિ પોથી ખરી
વિદ્યા તે પણ આવડે નિમથકી, લક્ષેજ શીખેથકી
સંસારે વળિ નીતિ ઉદ્યમ થકી, મૂર્ખોનિ થાયે વકી. ૩.

(દોહરા.)

ભાગ્ય ભરૂંસો રાખ નહિ, કરજે મેનત મોટ;
ભાગ્ય લૂલું છે શ્રમવિના, ધંધે આવે ખોટ. ૪
થઇ આળસ જોરાવરૂં, ધણી થાય તનમંન;
તજિ દેઇ ઝટ તેહને, કર ઉદ્યમ સજ્જંન. ૫
સારૂં કામ કરવાતણી, ઇચ્છા જારે થાય;
તત્ક્ષણ તે કરવૂં ભલૂં, નહિ તો તક વહિ જાય. ૬
દરિદ્ર દુખનો બાપ તે, આળસ સમજી લેય;
ઉંઘ વ્હાલી કરવી નહીં, દરિદ્ર તાકી રેહ. ૭

---

૧૬. સોબત ને દોસતી.

અંતાણે મિત્રાઇનો, મશ્કરિ શત્રૂ વેલ;
મિત્ર પરિક્ષા થાયછે, સંકટ વેળા સેલ. ૧.
ભલાં માણસો મૂકિને, મૈત્રી ભૂંડિ ન શોધ;
ભલા મિત્રની સાથ રહિ, લેજ સદાય સુબોધ. ૨.
આડી વાટે ચાલતાં, તેનો નહિં કર સંગ;
કપટ કરી ગુણિ મિત્રસૂં, મૈત્રી નહિં કર ભંગ. ૩.

દુષ્ટ જંનસોબતથકી, બિગડે સાર સ્વભાવ;
ઉત્તમ લોકો કેહ તે, કરિ મૈત્રી નીભાવ. ૪.
ભૂંડાં જેને વ્યસન છે, ઉભો ન ઓળે રેહ;
દુષ્ટ બગાડે આપણે, સારી સંગત લેહ. ૫.

---

૧૭. અકલ ને ભણતર.

(સાખી. મરેઠી રીત.)

પ્રાતઃકાળે, વિદ્યાભ્યાસથિ, વિદ્યા વેલી આવે;
બાળકપણના, સારાભ્યાસો, મોટપણે સુખ લાવે. ૧.
જ્ઞાનીને વળિ, બુદ્ધિમાનને, માત્ર મૂર્ખ તે ચાવે;
વિદ્યા વગર ન, શાણપણ કંઇપણ, આખર નહિં જન પાવે. ૨.
સોના કરતાં, શાણપણ સારૂં, માટે વિદ્યા સેવો;
બુદ્ધિમાન જે, હોય છોકરો, સુખ દે બાપને કેવો.? ૩.
મૂર્ખ છોકરો, જોઇ બાપ તે, દુખી નિરંતર હોયે;
ડાહ્યા જનની, ગરજ પડેછે, મૂર્ખ ન પૂછે કોયે. ૪.
ન્હાનપણામાં, વિદ્યા આવે, તેવી ન મોટપણેરે;
માટે સમજી, બાળકપણમાં, વિદ્યા ભારિ ભણેરે. ૫.
બીજા ધનને, ચોર લઈ જાય, વિદ્યા ધનને ન બહીક;
કાળ અમસ્તો, નાખી મા દે, વિષય તો ગંદી નીક. ૬.
અંધારાથી, અજવાળૂં બહુ, સારૂં તે દેખાય;
અજ્ઞાન કર્તાં, જ્ઞાન ભલૂં તે, શ્રેષ્ઠ વળી કેવાય. ૭.
બીજૂં ધંન તે, ખરચે ખૂટે, તેમ ન વિદ્યા હોય;
તેતો જ્યમ જ્યમ, ખરચાયે ત્યમ, વધિવધિને બહુ સોય. ૮.

---

૧૮. આબરૂ.

(દોહરા.)

વધતી ધન કરતાં ઘણી, વળી પ્રતિષ્ઠા જંન;
ગઈ પ્રતિષ્ઠા ન આવશે, ફરી આવશે ધંન. ૧.
જો આબરૂ હોયે નહીં, સંતોષે નહિ મંન;
દ્રવ્ય સુવિદ્યાથી ફકત, ઝાડ વગરનૂં વંન. ૨.
ખરે આબરૂ જોઇયે, અવગુણ તજવા જાણ;
દુર્જનઓળે રમ નહીં, વાળે તે તો ઘાણ. ૩.

---

૧૯. ઉપકાર માનવો.

(હરિગીત વૃત્ત.)

બીજાના ઉપકારો સઘળા, સંભારીને વાળવા;
એ ઇચ્છા શુભ કૃતજ્ઞતા છે, સદગુણ રૂડા રાખવા. ૧.
કૃતજ્ઞતાથી વધતૂં બીજૂં મતરંજન કો ના કરે;
બીજા સદગુણ આચરવા વળિ, કઠણ દુખકારક ખરે. ૨.
વેહવારમાં માન પરસ્પર, કૃતજ્ઞતા સહુ માનવી;
જગદીશ રાખે લાજ આપણી, જરૂર તેની માનવી. ૩.
ઉપકારોના પાડો વાળે, સહાય તેને થાયછે;
ઉપકારીને કરે ઉપદ્રવ, સુખ તજિ નરકે જાયછે. ૪.

---

૨૦. સંતોશ.

(દોહરા.)

હરિએ આપ્યૂં જેટલૂં, તેથી સંતોખાય;
અસંતુષ્ટને સુખ નહીં, કોઈ રીતે થાય. ૧.

બીજાનાં જોઈ સુણી, વસ્ત્રાભૂષણ ઋદ્ધ;
માબાપો પાસે કદી, માગ નહીં કરિ હઠ્ઠ. ૨.
હોય ગજું નહિં તેમનું, ગજવૂં ખાલી હોય;
કાંથિ બચારા આપરો, સમજી ધરાઇ જોય. ૩.
જે સંતોષી નિત્યનો, તે સાચો ધનવાન;
લોભી ઇચ્છા જેહની, દરિદ્રિ તેતો માન. ૪.
હું દુખિયારો છઊં ખરે, થાએ મનમાં આમ;
વધારે દુખિયા જોઈને, સમાધાન તું પામ. ૫.

---

૨૧. ભાશણ.

(તોટક વૃત્ત.)

હસતાં હસતાં વદતો નહિંરે,
અભિમાનથકી વદતો નહિંરે;
લજવાઇ કરી વદતો નહિંરે,
વળિ સત્યપણે વદજે સહિરે. ૧.
હિતકારક મીઠુંજ નિર્ભયરે,
કરજે સુખ ભાષણ નિર્મળરે;
પરનૂં સુણિ દે સત ઉત્તરરે,
વચમાંજ ઉતાવળ ના કરરે. ૨.

---

૨૨. કરજ.

(દોહરા.)

જનસ ઉધાર ન આણવી, ચડાવવો ન હિસાબ;
કરજ કરીને ખરચતાં, ધબ્બા ખાય ધબાબ. ૧

આવકથી જાવક અધિક, કરજદારને થાય;
કરજદારને દુઃખછે, બહુ બહુ તે પસ્તાય. ૨.
ચૂકાવ્યો જો વાયદો, રસ્તે આબરુ લેય;
સાહુકાર જો માંગતો, શરમ ખીજિ શિ કેહ? ૩.

---

૨૩. ધીરજ.

વિપત્તિ મૃત્યૂ આદિ લઇ, સંકટમાં બહુવાર;
ધીરજ રાખી સહન કર, પ્રભુ કરશે નીવાર. ૨.
સંકટમાં બહુ ડગમગે, બાવરું મંન ધડક્ક;
ધીરજવાન ડગે નહીં, જેમ સમુદ્ર ખડક્ક. ૨.

---

૨૪. ભીખ.

પ્રતિષ્ઠીત જે જંન છે, તેને તો બહુ લાજ;
કરવા આળસનેલિધે, ભીખારીનૂં કાજ. ૧.
ભરે શરીરે કસ છતાં, થઇ ભીખારી પેટ;
જિવતો મૂઓ જાણવો, ઊપાડે તે વેઠ. ૨.
નિજ મેહનતથી મેળવી, જીવિશ જમિ હું અન્ન;
નિજ મેહનતથી મેળવી, થઇશ વળી સંપન્ન. ૩.
એ રીતે કરવાથકી, મારિ પ્રતિષ્ઠા છેજ;
અભીમાન એ રાખવું, ટેક ન તજવો સેજ. ૪.
ગુણ મોટાઈ ત્યાંહલગિ, જ્યાંહલગિ માંગિ ન ભીખ;
નિભે ત્યાંહલગિ જાચ્ય ના, અન્ન સદાવ્રત ધિઃક. ૫.

મનમાં નક્કી સમજવૂં, આપ સર્વ કલ્યાણ;
સાચ્ચૂં નિશ્ચય ઊપરે, ઉદ્યમ ઊપર જાણ. ૯.

---

૨૫. પઈસો.

(શાર્દૂલવિક્રિડિત વૃત્ત.)

સારાં કામથિ મેળવી ધન અને, કામો ભલે વાવર;
મોટો ધર્મ પરોપકાર કરને, ના રાખ ખોટો છર;
ખોટી રીતથિ મેળવી મમતથી, ના ખર્ચ મોટો કર,
બીજા જો ધન ભોગવે પણ વળી, છે દોષ તો તૂંપર. ૧

---

૨૬. વીચાર.

(દોહરા.)

વગરવિચારચૂં કર નહીં, કંઇપણ સાહસ કામ;
જન અવિચારી થાયછે, દુઃખી આઠે જામ. ૧.
કિયે ઉપાયેકરિ થશે, કેવાં આપણ કાજ;
વિચારથી સમજાયછે, જેથી રેહછે લાજ. ૨.
પદાર્થ સારો હોઇને, નરસો તે દેખાય;
નરસો હોઇ સારો દિસે, સમજાએ પરખાય. ૩.

---

૨૭. લુગડાં ઘરેણાં.

હલકો માણસ માનશે, મોટી શોભા નીજ;
વસ્ત્ર ઘરેણાંથી બહૂ, પણ સહુની ન પતીજ. ૧.

ગુણથી શોભિત જે થયો, તે ખરિ શોભા જાણ;
માન પ્રતિષ્ઠા પામતો, લુગડાંથી ન વખાણ. ૨.

---

૨૮. નાણું સંભાળી રાખવું.

વ્યય ઓછો કરતાં જવૂં, નિજ પેદાશ વિચાર;
સંકટવેળાકાજ ધન, કર સંગ્રે આ ઠાર. ૧.
ભાવી પ્રાપ્તી ઉપર બહુ, રાખીને વિશ્વાસ;
ખરચ ન કરવો આગમચ, થઇશ તું સહુનો દાસ. ૨.
દમડી દમડી એકઠી, થયે રુપૈયો હોય;
માટે દમડીની કરો, અવગણના ના કોય. ૩.

---

૨૯. સારી રીતે વખત ગુજારવો.

એક વખત વેળા વઠી, ફરિથિ ન આવે તેહ;
માટે કાળ ન ગાળવો, સમજી મનમાં લેય. ૧.
યોગ્ય ઉદ્યમે સમયને, કાડે જે કો રંક;
કો કાળે રાજા બને, જાણ ભાઇ નિઃશંક. ૨.
માણસ પૂડે છે ઘણાં, જરુર જરુરનાં કામ;
ફોકટ પળ ન વટાવિયે, તો ફળ આપે રામ. ૪.

---

૩૦ ગાળાગાળીનું બોલવું.

ગાળ દિયે નિંદા કરે, હલકો દીસે તેહ;
સુણતાં રીસ ચડે વળી, મુખથી ગાળ ન દેઅ. ૧.
ગાળ દિયે જો તેહને, ઉઘડો દંડ ન થાય;
સાહ્યતણા કારણથિ પણ, લાજ પ્રતિષ્ઠા જાય. ૨.

૩૧. હિતના વચનો.

(હરિગીત વૃત્ત.)

હિત કહ્યૂં સૂણે ન કંઈ તે, બેરા સરખો જાણવો;
થાય સ્વાધીન ક્રોધને તે, આંધળા સમ માનવો. ૧.
જે સારૂં બોલી ન જાણે, ગૂંગા સરખો ધારવો;
સારૂં માઠું નહીં સમજતાને, પશૂ સમજી કાડવો. ૨.
મોટો તેને જાણવો જે, નિત્ય પરઉપકારિ છે;
ધીરો તેને ધારવો જે, સંકટ નિરભે ભારિ છે. ૩.
જુવાનિ ધન આયુષ્ય પર જે, નથી ભરોંસો રાખતો;
સાવધ શાણો માનવો ને, સ્થિર મનનો સૂખી થતો. ૪.
સ્તુતિકરે કોઈ આપણી તો, ખાવી ભૂલી ના ખતા;
કાંકે લોકો સ્વાર્થસારૂ, જૂઠૂં ઝાઝૂં બોલતા. ૫.
આપણિ વાંસે કોઈ નિંદા, લડવું નહીં તે સાંભળી;
પીઠ પાછળ લોક હલકા, માઠું બોલે તે વળી. ૬.
કોઈ ગરિબને જોઈ તેનો, અનાદર કરવો નહીં;
કોઈ કાળે આપણી પણ, દશા રે તેવી સહી. ૭.
આપણિ પાસે પૈસો હોશે, સ્નેહ કરવા સહુ આવશે;
દુખની વેળા કોઈ ના રેહ, આઘા પાછા તે થશે. ૮.
સારા લોકનિ શીખામણનું, કઠણ ભાષણ છે ખરૂં,
પણ તે ભારી હીતકારી, કોસું વેર હૂં ના કરૂં. ૯.
છાંનિ વાત જે આપણી તે, વિશ્વાસે કેવી નહીં;
સાચો સ્નેહી હોય તો વળિ, વિશ્વાસે કેવી સહી. ૧૦

આવક જાવક માંડવાથી, માણસ સાવધ રેહછે;
વેહવારમાં શરમ રાખે, નુકસાની તે લેયછે. ૧૧.
લેવી ન્હાના પાસથી પણ, જુક્તીની જે વારતા;
ઘરમેળે કજીયો પતે તો, સરકારે રે ના જતા. ૧૨.
ભૂંડું બોલો ના કદીરે, મૂએલાંનૂં સર્વથા;
વેરભાવ ના રાખવો ના, ઊઘાડો છાની કથા. ૧૩.
મીઠાઈ મેવો ખાવાની રે, જીભને ટેવ ન પાડવી;
બિજાનો કજિયો માથે લેવા, બ્હાર ન હિંમત કાડવી. ૧૪.
એક કામ પૂરૂં થયેથી, હાથ બિજામાં ઘાલવો;
બેજણાની વાતમાં તો, ઝટ વિચાર ન આલવો. ૧૫.

(ચામર વૃત્ત.)

આપણે બિજાને વાત કેહતાજ હોઈયે,
ચિત્ત દેઈ સાંભળે ન, જોરથી ન કેહિયે;
પાંચ સાત કામ તે ન એકદંમ લેઈયે,
કેમકે થયૂં ન કોય પૂરૂં વેલું જોઈયે. ૧૬.

(દોહરા.)

આપણ હઈયે કામમાં, બીજો લાવે કામ;
ખોટી કરવો નહિં વળી, ઝટ કરવૂં તે ઠામ. ૧૭.
ડાહ્યાં થઇ વધવૂં નહીં, જગમાં હાંસી થાય;
આગળ આગળ બોલતાં, સેજ આબરૂ જાય. ૧૮.
જો ચૂકયા કંઈ આપણે, એમ મંન સમજાય;
કબૂલ કરવૂં તેસમે, વાદવિવાદ ન થાય. ૧૯.

ધણિ મમતાથી છોકરાં, વેલાં બગડી જાય;
કરવી મમતા એવિ કે, સદાચરણિ સહુ થાય. ૨૦
ધણી સદગુણી દુર્ગુણી, ચાકરથી સમજાય,
જેવા શેઠો હોય છે, ચાકર તેવા થાય. ૨૧.
લોક વિષે નહિ સેજમાં, ખોટિ કલ્પના આણ;
હિત વચનો સુણશે ન તે, થશે દરિદ્રી જાણ. ૨૨

(શાર્દૂલવિક્રિડિત વૃત્ત.)

જેવા ઘા સુશરીરને જિવવિષે, તેવાજ દુર્ગુણરે
રૂઝાએ પણ રાખશે કંઈ વળી, પોતાતણી ખૂણરે;
સાધ્યાં તે કરશે બહૂ હરઘડી, એવા હિણા ધારને
સારૂં, સાવધ હોઈ જો ભય થકી, હાંકે દુરાચારને. ૩૨.

---

૩૨. ઈશ્વર વિશે વચનો. (મિશ્ર)

(ભુજંગી વૃત્ત.)

સવારે અને રાત્રિયે એક ચિત્ત,
દયાળુ પ્રભૂ ઈશ સંભાર નિત્ય;
સુદાતા પદાર્થો તણો સર્વ તે છે,
બહૂ નિર્મળા ઉપકારો કરેછે. ૧.
વળી ન્યાયકર્ત્તા જગત્‌નો ધણીરે,
કરે પાપ શિક્ષાજ તેને ઘણીરે;
ભરોસો પ્રભૂ બ્રહ્મનો રાખવો રે,
સદા અશ્વ ઉદ્યોગને પાળવોરે. ૨.

સહૂસાર વસ્તૂજ ઉત્પન્ન કીધી,
અને તેહમાં સારિ શિક્ષાજ દીધી;
પ્રભૂ ઈશની બ્હીક રાખી મનેથી,
કહેલી સુઆજ્ઞાથિ રેવૂં સુખેથી. ૩.
અરે કલ્પના ભૂંડિ તે ના પવિત્ર,
ન ખાવાપિવામાં પવિત્રાઈ અત્ર;
ન નાવા ધુવામાં પવિત્રાઈ હોય,
પ્રભૂ મંનની શુદ્ધિને રોજ જોય. ૪.
સહૂ આપણૂં નિત્ય તે જોયછે રે,
શુભાશૂભ છે કર્મ ને બોલ તેરે;
વિચારી કરી કામ કોઈ કરોરે,
પિતા બ્રહ્મ તો રાચશે તે ખરોરે. ૫.
અહીં મોટ ન્હાના થઈ જાયછે રે,
પ્રભૂની સુસત્તાથકી થાયછે રે;
ક્રિયા હેતુથી જન્મ આપ્યો હરીયે,
વિચારો રૂડા રોજ કર્ત્તા રહીયે. ૬.

શ્રીમંતને પરમાર્થવિષે શિક્ષા.

(દોહરા.)

હેતે હિતની વીનતી, સુણો સાહ સહુ શેઠ;
ગરિબ જંનનિ જોઈ દશા, દાન ન જાણો વેઠ. ૧.
ન્યુસપેપર ભાષક તણી, બોલી છે ધનવીજ;
નવી ચમક ચટકે ઘણી, પછી થાય તમ રીઝ. ૨.

(લાવણી.)

બાંકે બનીયે શેઠ તવંગર એક દીલપેં દીનકાજ કરો;
લુલે અંધ અપંગી રોગી, નીરધનીકી બરદાસ્ત કરો. ૧.
બહુ જર જોરકેં સોહી જોરતેં, રંડિસંગ કબહૂ ન ફરો;
દીયા પ્રભૂને કરકે પ્રીતી તાહીતેં દીનકાજ કરો. ૨.
જિયકી સંગ ન આવે જોરુ જર, બોહત ઘોર સબ શેઠ કરો;
દીન દાન પુન બિન હૈ હાની, પાપી પંથમે નાહિં ઠરો. ૩.
ઔર પુન ફલકી જાન ન હોવે, જોંલોં દેહ યહ નાહિં ગરો;
દીન અનાથકું દિયો દાન તિન, ય્હાં જાહર આનંદ કરો. ૪.
બીન જર જોગી સવારથ ઢૂંઢત, તુમ પરમારથ પાર કરો;
ઐસી મેર જબ કીની પ્રભૂને, શિક્ષા સાર અમલ્લ કરો. ૫.
આગે તૂં હો પીછે મેં હોઉં જિકર કરી તુમ મત્ત લરો;
ધરમ કાજમે જલદી કરનાં દુઃખી જનકે દુઃખ હરો. ૬.
રંક ગરિબકે દુઃખ નિવારન બિચાર દયાકે ઊર ભરો;
દુલે દાનતેં મુકતી પાવકે તુમ બિશ્નૂ ઓછંગ સરો. ૭
યહી મતલબ સટ સમજી ભાઈ, કટકટ નરમકી માન કરો;
ઝટ ઝટ હાતોં લંબે કરકે, હિતકી કથા કહી દાન કરો. ૮.

(ઓખાહરણનો ચાલતો ઢાળ.)

સુણો સેઠ વણિક બહુ વટીઆ, હવે ઝાઝા ન થાશો હઠીઆ; અંધ પંગ નિરાશ્રિત માંદા, દીલે દાદ ધરો તજી ફાંદા. ૧. તમે ગાડી વાડી લાડી પાળી, નહીં પૂન સુકીરતી ઝાલી; લવી હા હા અને ટીપ ધારી, તે તો વાણીઆ ગતજ ભારી. ૨. નિરાશ્રિત નિબંધ સુણિ વાંચી, તમે

હૈયે દયા ઘણી સાંચી; પુરૂં વરસ થયૂં એક આખૂં, શેઠ દીલે ગરિબ દુખ જાંખૂં. ૩. પડ્યા બળવે જોક્ષ બહુ ભારે, તેના કુટુંબતણૂં સહૂ ધારે; દુખ પામતા જે પરિવારો, તેને 'રીલીફ ફંડે' ઉગારો. ૪. ઘણા પૂનતણું છે એ કામ, જેથી રેહે ઘણી વાર નામ; પણ જુઓ સ્વજાત ગરીબાઈ, લાવી ખૂણેથી વીવેક સાઈ. ૫. તમે દેખો જમ સરખો જમાઈ, વળી ખરચો કવાટે કમાઈ; છતે પૈસે ધરો બખીલાઈ, કેમ જાતા નથી લજવાઈ. ૬. તમને આપનું સારૂં ન લાગે, રૂપગૂણ જે હોએ અથાગે; બુદ્ધિવર્ધક વિનવે સારે, તે તો લાગે સહૂ ભારે મારે. ૭. સ્વનાતી હિંદૂ બુદ્ધીવાન, તે તો સમજો તમે ગાડીવાન; પરમારથે કાલાવાલા, તમે જાણો સવારથવાળા. ૮. ટાઉનહાલમાં ભૂપને જોઈ, સટોસટ્ટ કરો સહુ સોઈ; રખે માન વજનવટ જાએ, ઝટોઝટ્ટ ખીલાંડાં ખેંચાએ. ૯. એવા દીસો હીણા તમે શેઠો, જાણે ગરિબ તો દૈવની વેઠો; માટે ફંડ નિરાશ્રિત કાડો, પછી દેવની સાથે લાડો. ૧૦. હતા ખીરાજીઆ રવીવારે, બુદ્ધિવર્ધક સભામાં જારે; શેઠ કલી ભાઈ ભાઇ સાથ, વીજભૂખણ જગન્નાથ. ૧૧. "શેઠ કલી ભાઈ બુદ્ધીવાન, તમે થાઓ હવે આગેવાન; તમવીના પાર ન પામે, ન ફંડ નિરાશ્રિત જામે." ૧૨. એવી કીધી વિનંતી સભાએ, દીલ ધરજો તે વેલ બધાએ; હવે શેઠ લગાડો ન વાર, કરો ધર્મનું કામ અપાર. ૧૩. જાણો દેશી ગરીબ કુટુંબી, દુખી લોકોની તજવો તુંબી; થોડું આપીને પામો અપાર, એવૂં ફંડ નિરાશ્રિત સાર. ૧૪. થોડી સુચતાને હૈયે રાખો,

દુખ દોહેલાં કાપી નાખો; પડો બંધરે કાડતા મીરા, સહુ દેરો ગરીબ આશીરા. ૧૫.

(છપય વૃત્ત.)

ધનિ નિરધનિને આપ, એજ પુણ્ય કર હાથે,
ધનિ નિરધનિને આપ, એજ ધરમ છે સાથે;
ધનિ નિરધનીને આપ, એજ વાત મન ગોખે,
ધનિ નિરધનીને આપ, એજ તુને સંતોખે;
જાઈ નાગાં નાગૂં જવૂં, જીવ એવૂં વીમાસરે,
કૃપણતા લોભ આઘો કરી, નીરાસની પુર આસરે. ૧
પરમારથને કાજ, પ્રભુ દરસાવી લીલા,
પરમારથને કાજ, પ્રભુ આપ્યા બહૂ કીલા;
પરમારથને કાજ, જગત સહુ દીસે આંહી,
પરમારથને કાજ, પ્રભુ માણસ દેહ લાહી;
રે મન કર કર લાંબો હવે, પામર પીડા કાપજો,
એમ કરીશ પામીશ ઘણૂં, ખરા દીલે તૂં આપજો. ૨
તે સજ્જનને ધંન, ધનથી પેટ જમાડે,
તે સજ્જનને ધંન, ધનથી અંગ ઓરાડે;
તે સજ્જનને ધંન, ધનથી રોગ નસાડે,
તે સજ્જનને ધંન, ધનથી જ્ઞાન દેખાડે;
રે ધની થઈ ધન પર કાજમાં, જે વવરાયૂં તે સહી,
રે ધની થઈ ધન દાટ્યૂં અહીં, નહીં આવે કામે કહીં. ૩
નામ અમર મન જાણ, બળિ હરિચંદર રાજા,
નામ અમર મન જાણ, વિક્રમ દુખભંજી સાજા;

નામ અમર મન જાણ, ભૂપ અવર બહુ બેઠો,
નામ અમર મન જાણ, ભાવે જે ભાંજે વેઠો;
સઠ જેઠાના દુખ કાપવે, નહીં પરમારથ જાણવો,
વળિ બાપુના ઘા રૂજ્યા થકી, ખરો પરમારથ માનવો. ૪

(માલિની વૃત્ત.)

નિરધનિ જનસામૂ જોય જે રીતથીરે,
તન મન ધનથી જે પાળવે પ્રીતથીરે;
બહુ પરઉપકારે મોખરે થાયછેરે,
અનુપ સુખડું સાંચી સ્વર્ગમાં જાયછેરે. ૧

(લલિત વૃત્ત.)

વિનતિ હૂં કરૂં દેશિઓ રુડા,
ગરિબ જાતને લક્ષ દો વડા;
જરણ આંધળા પાંગળા બહુ,
ખબર રોગિની લેવિ રે સહૂ. ૧
નિકટ મિત્રનાં કારજો સરો,
પર જનો તણાં દુઃખને હરો;
દરદ મંનનાં દોહલાં કતી,
શ્રમ લઈ તમે રૂઝવો અતી. ૨
લુ વરસે ઘણી ચૈત્ર માસમાં,
નથિ અનાથને સૂખ ધૂપમાં;
તરફડી બહૂ આંગ તો ત્રુટે,
મન શરીરની લાય ના ખુટે. ૩

દિવસ મોટ વૈશાખ માસના,
પવન વાદળાં વીજ નાદના;
ગરિબ પાડતા ચીસ આકરી,
કયમ થશે હવે રક્ષણો હરી. ૪
રજનિ જેઠની બાફતી ઘણી,
સ્ત્રિ પતિને વઢે લાજને હણી;
વરસતો રુતૂ આવશે હવે,
ઘર રુએ બધૂં ભૂખને દવે. ૫
દુખ ઘણૂંજ આષાડ આવવે,
ઘર ચુએથકી છોકરાં રુવે;
શરદિ વ્યાપિને રોગિઆં બને,
કણ જુવારના ભોજને કને. ૬
પવન શ્રાવણે દુઃખવે બહૂ,
થરથરે ઘણાં ત્હાડથી સહૂ;
અવનિ એડવા ભીંજવે તનો,
પછિ ખમેછ તે જોરા તાવનો. ૭
ભાદરવે દિસે હાલ તો બુરા,
ઘર કલેશ ને કેફથી પુરા;
રઝળિ આવિને માતને દમે,
બળતિ બાપડી તે સહૂ ખમે. ૮
પરવ આશ્વિને દીપવાળિનું,
નિરધની લહે પેટબાળિનું;
ઘરનિ સ્ત્રી કહે લાવની સુવા,
વગર અન્નથી પેટમાં કુવા. ૯

ભરણ પેટનૂં હોરિ કાર્તકે,
મજુરિ એતમાં શોધતા ટકે;
ગરિબ એ રિતે દીસતા હિણા,
વગર વસ્ત્રથી રોય ફીંગણા. ૧૦
સુરૂતુ માર્ગશિર્ષ પિડા સહે,
દિવસ નેવું તો ત્હાડ તે રહે;
નથિ રજાઇ ને ગોદડાં વળી,
હર ઘડી ધ્રુજે અન્નને દળી. ૧૧
ઉલટ પોષમાં આણિને હસે,
મકર રાશિનો સૂર્ય તો થસે;
વિવિધ દાન શ્રીમંત આપસે,
ભવ તણાં દુખો આપણાં જશે. ૧૨
લગન ઘેર શ્રીમંત માઘમાં,
મરણ ક્રાંણ દીસે અપંગમાં;
અધમ ચોરિથી જાચકો ખુશી,
ન પિછશે રૂડું ભૂંડુ એ ખુશી. ૧૩
ગરમિ રોગ તો માસ ફાગણે,
શિરૂ થઈ કરી છોકરાં હણે;
સઘળિ પાસની આફતો સહી,
રડવડે બહૂ દીનતા લઈ. ૧૪
રૂદન માસ બારે અપંગનાં,
સુણિ થશો દુખી આપ મંનના;
ઘણિજ દુર્દશા તેમની દિસે,
વલણ બુદ્ધિનૂં આપજો ખિસે. ૧૫

ધ્રુજત હાડ ને નાડિ મંદના,
કયમ સહે મુગા રોગ વેદના;
સ્ત્રિ જણતી ઘણાં છોકરાં ઢળ્યાં,
ટળવળે બહૂ ટ્હાડથી કળ્યાં. ૧૬
વગર મા અને બાપ ભાંડુઓ,
જણતરો કયમે ઊછરે જુઓ;
અસર લાગશે વજ્ર છાતિમાં,
રુડિ દયા ધશે ધર્મકાજમાં. ૧૭
પિડિત લોકને રેહવા કરો,
ધન જમે બહૂ બાંધવા ધરો;
પિડિત લોકની મીટવો ભુખો,
ઇસપિતાલથી ટાળિને દુખો. ૧૮
હુનર કામના શીખવો વળી,
દિન અનાથને ભીખ દો ગળી;
કુપ તળાવ ને વાવ ચોતરા,
તજવિજો કરી બાંધજો ખરા. ૧૯
સમજણો દિસે આટલીજ કે,
દુખિ નિરાશ્રિતો પાળવા હકે;
સુઅભિમાન દેશીતણૂંજએ,
કમર બાંધિને કષ્ટ કાપિએ. ૨૦
ઉકરડો વધી ગંધ મારશે,
અતિસ કુવ્યયી નર્કમાં જશે;
સમજ હોરવાનીજ છે ઘણી.
જમતણી સજા ખાય તે ધણી. ૨૧

ધન ન આવશે સાથ આપણી,
ધિરવું ધર્મને પાપને હણી;
જગત આ વિશે માન સંચિએ,
જિવ ગયા પછી મુક્તિ પામિએ. ૨૨
જમણવારના છાંડજો કરો,
વર વહૂ તણા ઠાઠને હરો;
ગરવ હોય જો કીર્તિ આણવા,
ન દઇ ધૂર્તને દીન પાળવા. ૨૩
જડથડૅથકી વેમ બાળજો,
સુધરવે ઘણી ચોટ રાખજો;
દળદરી તણાં દુઃખડાં તજો,
ધરમ રૂપિ વર્ણાંગિને સજો. ૨૪
ગરિબ યોગ્યને ધર્મ દાન જો,
નથિ બિજી મતી તુલ્ય એનિ જો;
નરમદા કહે વીનવી તમો,
મદદ દીનને દેઇને રમો. ૨૫

કેફ.

(દોહરા.)

પ્યારા મિત્રો સાંભળો, કેફતણા જે દોષ;
છાંડી દો સહુ મનથકી, વણ જોયે બહુ જોષ. ૧.
માનવ મોટો ધર્મ જે, આપ શરિર રક્ષંણ;
કરે કેફિ નવ મૂળગૂં, કુરૂપ જોઈ દર્પણ. ૨.

બળ્યો ઝળ્યો રેહે સદા, સૂઝે નહિં કંઇ કાજ;
બાળેલા કોઠા વિષે, અફિણ દારુનાં રાજ. ૩.
જુલમી રાજા થઇ ગયા, કરી અમલ બહુ વાર;
ગાંજા દારુ અફીણના, અમલો અદકા ધાર. ૪.
કેફીને ન વજીર કો, શેહ્જોરી બહુ જાણ;
દ્વાર શરિરના રૂંધિને, ધરે લગામી તાણ. ૫.

(ચોપાઇ.)

લોહિનું ફરવૂં ચારે પાસ, થવું તેનૂં ધાતૂ ને માંસ;
મુત્ર મળોના ધર્મો સાર, થોભાવે તે કેફી યાર. ૬.

(પાયાકુલક.)

શરીર આત્મા જે કેવાએ, કો જાણે તેનૂં શૂં થાએ;
છાનો રેહ શત્રૂની છાકે, જેમ દેવ દૈતોને ધાકે. ૭.

(દોહરા.)

શરિર બગાડે કેફિ જન, અંત જ આણે પાસ;
લૌકિક પરલૌકિક વિના, કેમ બચે યમપાશ. ૮.
સગાં ઇષ્ટ તે કોણ છે, વળી પારકાં કોણ;
સમજે નહિં ખૂમારિમાં, કેફી ઘેલો ટોણ. ૯.
બૈરી છોરૂ રડિ રહી, ચિંથરે ઢાંકે જાત;
પિડિત થઇ ખાવે પિવે, મૂકે શિર નિજહાથ. ૧૦.
માન ન કંઇ સંસારમાં, ફિટ ફિટ કેફી થાય;
ભંગિ અફિણિ દારૂડિયો, તુછ નામે બોલાય. ૧૧.
ગૂણી હોય ભણેલપણ, સુણે તેનું નહિ કોઇ;
પિધલ પિધલ છાકે ભર્યો, મૂકો હાંકી ભોઇ. ૧૨.

નીચ લોક દારૂ પિયે, કામથિ આવી સાંજ;
દઇ મૂસાર કલાલને, રહે રડવડી પાજિ. ૧૩.
ધોબિ દરજિ કામાટિઓ, એ હાલે દેખાય;
કાલનિ તે કાલે થશે, આજે જિવ પીલાય. ૧૪.

(ચોપાઇ.)

અફિણી રાજ થયા છે ઘણા, નામ ધરી રજપૂતોતણાં;
નાક અડકતાં ભૂમી સાથ, ઝોકયાં કરતા જનના નાથ. ૧૫.
સુખે કસુંબા ઘોળ્યા ઝાઝ, મિઠાં કર્યાં સુખ બરફિથી રાજ;
તુટિ કટિયે બાંધી તરવાર, ધ્રુજત કરે મારે નહિં સાર. ૧૬.
દારુથિ ડૂબ્યૂં ગ્રીકનું રાજ, અફિણે વંઠયૂં રજપુત રાજ,
ગયૂં કુસંપે મોગલરાજ, હૂં પદથી શ્રીમંતનું રાજ. ૧૭.

(દોહરા)

અફિણ ગાંજા દારુઓ, સાથે લાવે હાય;
ટેવ પડી જાયે નહીં, નાણાં ઘરનાં જાય. ૧૮.
ટેવ કેફિ છોડે નહીં, ચોરી કરવા જાય;
તે પૈસો ભેગો થયે, બે વાટે વેંચાય. ૧૯.
રુસ્તમજીપીઠા તરફ, કરે જવાનૂં મંન;
ભલે ભરો રંપેન જી, છે મુજપાસે ધંન. ૨૦.
દરજી ઘોળે રાવળે, ફૂંકે અન્ય ચલંમ;
ઉંચિ ન્યાત વાયૂ કરે, પીને ભાંગ કરંમ. ૨૧.
વધતે પૈસે રાંડસૂં, જાય દકુક વિકરાળ;
એ રીતે ખૂમારિમાં, ભુખે મરે ચંડાળ. ૨૨.

ઘરમાણુસ ભૂખે મરે, ભૂખે નવ રેહવાય;
પડે દુકાળ ન હરિ કરે, પૂજ્ય માંસ મિન ખાય. ૨૩.
ભૂખ્યો તે શું કરે નહીં, કરે પાપ બહુ ભાત;
વ્યાઇ મીનિવત આચરે, પદરે નીચી વાત. ૨૪.
કેફિ હોય વેશ્યાગૃહે, વેશ્યા ઘર નિજધામ,
જાર કરી સ્ત્રીઓ સહૂ, જમે રમે આરામ. ૨૫.

(ચોપાઇ.)

એ સહુ પાપનું કારણ તે, અરે રામ છૂટે કયમ તે;
અહીં ભોગવે દુઃખ અપાર; ત્હાં પણ ખાશે મોટો માર. ૨૬.

(હરિગીત વૃત્ત.)

ઇંચિ ન્યાત અભિમાનિ ભારી, હોય છે દુર્હાલમાં;
સમજિ તેણે ખોડ હણવા, ઢંગ જોવા સાનમાં. ૨૭.
શોખમાં ફૂલાઇ જઈ તે, અફિણ ખાયે મોજમાં;
ગમે ન વહુને પતિત પતિને, સૂતો જોવો સોડમાં. ૨૮.

(દોહરા)

આગ્રહ કરે સૂધારવા, ઘર બૈરી નાજૂક;
આપ ટેવ છોડે નહીં, ધણિની મોટી ચૂક. ૨૯.
વામી બહુ સેવક થઈ, મદ્ય વાપરે જંન;
ભરૂંસો કરિયે તેમનો, ખોવાં તન મન ધંન. ૩૦.
થાય મંન પીવા તણૂં, સેવે અંબા માત;
નાણા ધૂતે જોરથી, કપટ ભરી તે જાત. ૩૧.

(છપ્પય વૃત્ત.)

કર કેફોનો ત્યાગ, કેફો શરીર બગાડે,
કર કેફોનો ત્યાગ, કેફો મન બહૂ બાળે;
કર કેફોનો ત્યાગ, કેફો માન ગૂમાવે,
કર કેફોનો ત્યાગ, કેફો જાનજ હણાવે;
કેફોથી હેરાન બહૂ, ટહાડ તાપ ને સેવવા,
કેફો તો કાળા નાગવત, દૂધ પાઈ ઊછેરવા. ૩૨.

(દોહરો.)

વડોદરા શેહેરમાં, બ્રાહ્મણ ભંગી જંત,
મોટિ કોઠિ ભાંગે ભરે, બીજા હોરે અંત. ૩૩.

(ચોપાઇ.)

વણોતર પેડીના બહૂ, નામે શોખી જિવડા સહૂ;
બપોર વીતે બ્રાહ્મણ ઘેર, લીલાં પાણી પીએ ઝેર. ૩૪.
તે બ્રાહ્મણ ગૂજારો કરે, ભાંગ પાઇ સોદાને ખરે;
પીનારા દે બીસાં જોઇ, ધમકાવે બહુ બ્રાહ્મણ ભોઇ. ૩૫.
બોલ ન બોલ ન જાણે કોઇ, થઇચું ફજેત સગાંને જોઇ;
એમ કહીને કાઢે દામ, તે બ્રાહ્મણનૂં થાએ કામ. ૩૬.
ભાંગ પિઇને ચઉટે જાય, અફિણ તણી લેવા તે લાય;
શરીરતણૂં ના રેહે ભાન, એવા વ્યસની એદી જાણ. ૩૭.
અફિણ રૂ બરફી ને પાન, લઇ સાથે બોલાવે જાન;
રૂડા વાડામાં મળિ જેહ, ગપાં ગોષ્ટિયો કરતા તેહ. ૩૮.
અફિણ ચુરો મૂકે રૂ માંહ્ય, પાણીથી ભીંજાવે તાંહ્ય;
લાલ કસુંબા નિકળે જેમ, વધે ખુશી મિત્રોને તેમ. ૩૯.

(પાયાકુલક.)

સાંજ પડીકે ચઉટે બેસી, પરનિંદા તે કરતા નેશી;
ત્હાંથી તે કાર્ખાનું શોધી, કર્મ કરેજ સુબુદ્ધિવિરોધી. ૪૦.

(ચોપાઈ.)

એ રીતે પૂરા ચકચૂર, નેન કહીદે ઝટ ઝટ નૂર;
પાઘ મુકે ભ્રગુટીની ધાર, થઇ બાંકા છળતા બહુ નાર. ૪૧.
એ રીતે સમજે તે સુખી, દિવસ ગાળતા સાચે દુખી;
નહિ જાણે કિયો માનવ ધર્મ, નહિ જાણે કિયો દૈવી મર્મ. ૪૨.

(સોરઠો.)

શંકર સ્વામીનાથ, એક સમે પરવાસમાં;
લિધા શિષ્ય સહુ સાથ, તપાસ તો કરવા થકે. ૪૩.

(ચોપાઈ.)

પીઠામાંથી લીધો મદ્ય, પીધો સહુ જોતાં અનહદ્ય;
અચરજ પામ્યા શિષ્યો ઘણું, કીધૂં મન ત્હાં પીવાતણૂં. ૪૪.
વળી ગયા જહાં સિસું ઉકળાય, ભરિ ખોબો ઠાંસી મકલાય;
નાથ કહે શિષ્યોને જોઇ, કરો તમે પીવાની સોઇ. ૪૫.
ક્ષમા ક્ષમા કરજોજી સ્વામ, બહુ અપરાધ કર્યો આ ઠામ;
હમે સર્વ લલચાયા ઘણા, પણ તમરિક્ષામાં શી મણાં.? ૪૬.

(દોહરા.)

એણી પેરે સમજજો, કૂડા કેફી જંન;
દઈ દાખલો વૃદ્ધનો, ના સેવો દુર્જંન. ૪૭.
મનુષ્યના ગુણ માંહ્યથી, ઊપાડો સદ્‌ગૂણ;
છાંડી દુખદાયક ઘણા, હોયે જે દુર્ગૂણ. ૪૮.

(ચંચલા વૃત્ત.)

એક વાર નાટકે હું સાંચર્યો બહૂ રુચીથિ,
ઊપજ્યો ઘણોજ મોહ સૂત્રધારની છટાથિ;
સૂણિ અંકિપાત્ર યોગ્ય હર્ષ તો વધ્યો અધીક,
જોઇશે ભજેછ કેમ કેકૂ વેરા આજ ઠીક. ૪૯.

(શંખનારી વૃત્ત.)

રુડી ભાંગ આવી,
બકી જોશ લાવી;
છઊં નારિ સાચી,
કહી એમ નાચી. ૫૦.
છરી પેટ રાખી,
ભલી ટેકિ ભાખી;
ઘણી હૂં નઘોરી,
કરૂં સૌ કજોરી. ૫૧.
રુપે નારિ રેહૂં,
અરી ગૂણ લેહૂં;
થઈ કાલિ ભારી,
કરૂં વાઇ જારી. ૫૨.
વરૂં ગોળવેરે,
પિડૂં સ્વપ્ન ઝેરે;
દિપૂં ખાંડ ખાધે,
ગળે સોસ વાધે. ૫૩.

કરી મંદ ગર્મી,
કરૂં મોહ મર્મી;
વિના પાંખ ઊડું,
સહૂનેજ કૂડું. ૫૪.

(વિમોહા વૃત્ત.)

સર્પ શૂં ડોલશે,
ભાંગ ખા ધૂણશે;
જીવ તો ભંમશે,
દેહ વા તોળશે. ૫૫.

(મલ્લિકા વૃત્ત.)

પ્રેતની પઠેમ ખાઇ,
તાવ લાવું ધાઇ ધાઇ;
કામકાજની હું રીપુ,
દેહમાં વિકાર સીંપુ. ૫૬.

(સોરઠા.)

ફુલાઈશ નહિં જીજિ, ખોલ્યાં માજમ પાક તે;
તૂંથકિ બમણાં માજિ, યશો હમારા જાણની. ૫૭.
મસાલો ખળમાં વાટિ, ભાંગ ઘિમાં બહુ કાલવી;
ઉલટો ગૂણજ લાવિ, ગરમી કરિયે સામટી. ૫૮.
પાકનું મૂલજ નાંહિ, ખપે કસ્તુરી ભાવમાં;
હોય હાર બહુ તાંહિ, ઝડપે ટાંકી પરમિયા. ૫૯.

(ચોપાઈ.)

ગડાકુ બોલ્યો ડાહે મૂખ, શાપ દઊં પ્રત્યક્ષે દૂખ;
બળુંછ ચલમ અંગારે જેમ, જળો દેહ વ્યસનીની તેમ. ૬૦.

(પાયાકુલક.)

આવી ત્હાં તંબાકૂ સાદી, ઘાત પાણિ કરૂં હું શાહજાદી;
પગ તોડાવૂં સૂએ તારે, જારે જિવ પીલાયે ભારે. ૬૧.
જનમાં લાજ રાખવું ન લેશે, ઉભો કરૂં કંઈ કારજ મીષે;
ખૂણો શોધાવૂં તે પાસે, આખ આખ થુંકવા જાહાં જાશે. ૬૨.

(દોહરા.)

મોહ વાસ મારે સદા, દાંતો પોલા થાય;
સુઘડ ટળી ફૂવડ બને, એજ મૂજ મહિમાય. ૬૩.
પાંચ મિનિટની જાગૃતી, ફકત ફાયદો એજ;
ઘણૂં તો સાવધ કરૂં, હોય વાઇનો પેજ. ૬૪.
ભૃગુશિષ્યણિ* વળતી વદી, મારી જાળ અપાર;
ભીતરમાં મ્હાલૂં ઘણી, કરૂં તીરના માર. ૬૫.

(છપ્પય વૃત્ત.)

વિચારનો વેપાર, બિગડેછે બહૂ જોરો;
મગજે કચરો થાય, નાક ગંધાતૂં થાસે;
કદિ ના હોયે ટેવ, છીંકથી થાકી મરસે,
જે સુંઘશે મુજ વીખ, નસકોરાંજ ફૂલવસે;
કપડાં બગાડશે તે બહૂ, મલીનતા દેહે ઘણી,
વિકાર મંન પેસાડશે જે, કરશે ભકતી મુજતણી. ૬૬.

---

* તપખીર.

(ચોપાઈ.)

સૂર ફૂર કરતો દેખાય, તેનો કોઠો ભઠ્ઠી થાય;
બહુ ખાવા ખૂડ્યા જલમાંહ, તસ્યા હુલવવા જારે દાહ. ૬૭.
ડોળા ફાટા તામસિ ક્રૂર, હૈયે જેને ચાઠું જરૂર;
ભૈયાજીઓ ખરા ભગત્ત, પીયે જે દશ ચલમ અગત્ત. ૬૮.
વ્યવહારાંધજ ક્રોધી જાણ, નીતીનીતો વાળે ઘાણ;
કુમતી પુંછડી પકડે ધાર, કેમ તરે વૈતરણી પાર. ૬૯.
વદે અફીણ કસુંબા લાલ, શું કહિયે કીધેલા હાલ;
પુછી જુઓ રજપૂતી સાથ, પછી ઝાલજો હમને બાથ. ૭૦.

(કવિત.)

રૂપ કૃષ્ણ સ્વાદ કટૂ લેવાને સ્વભાવ ખાટો,
આવજો હમારી પાસ કહિયે ખરે ખરૂં;
દેહે રોગ મને રોગ પ્રાપ્ત કરી લેવાસારૂ,
ઝાઝું ધ્યાન હમારૂંજ ધરજો નરેનરૂં;
વેળાએ ન મળિયે રે તારે હાલ બૂરા ઘણા,
શરિર પીડિત જિવ તો કરે મરૂં મરૂં;
આંખે અંધ પૂરા થઇ દીલમાં કપટ ભરી,
ધરદાઝ જાણી નહીંજ કરો અરૂં પરૂં. ૭૧.

(દોહરા.)

ઝુલતો ઝુલતો આવિને, પટ ઝટ કાઢી દેય;
કૂડ નેણ તે બહુ કરે, અબળા ક્યમ ખમિ લેય. ૭૨.
ગરમીથી બળતો રહે, હોઇ કેફને સાધ્ય;
ડોળા મીચી ડોલતો, કરે કાજ અસાધ્ય. ૭૩.

નીજ વાસ ભૂલી જઈ, સુવે પારકી જાગ;
મરી જાવ સહુ ભાંડુઓ, બોલે કુમતિ અભાગ. ૭૪.
એ છંદોથી દુર્દશા, આવે વેલી જાણ;
ખાવા પીવા ના મળે, રેહ અથડાતો પ્હાણ. ૭૫.

સાહસ દેસાઈ.

(દોહરા.)

દયાસિંધુ જગનાથ મુજ મૂઢ મતીનેં કાપ;
સુઝ સારી દરસાવ ને, વાણીરસને આપ. ૧.
મત્સર નદિ તીરે વસે, મંન કરીને ગામ;
રેહતો દેસાઈ તહાં, સાહસ જેનું નામ. ૨.
દોષ ઘણા સાહસથકી, થયા વળી બહુ પેર;
તે સર્વે સમઝી કરી, શીખામણ લો ઘેર. ૩.
સાહસ જેવાં કામથી, જન્મ થાયછે ફોક;
સુળ સાલે હૈયા વિષે, મૂકાવે તે પોક. ૪.
વિનતી મારી એટલી, માની લેજો લોક;
સાહસ જેવૂં ના કરો, કો દી નાવે શોક. ૫.
સાહસને વળિ બંધુ તે, ધીર નામનો જાણ;
પણ તેની સંગતથકી, થયો વીર કહું ભાણ. ૬.
સાહસ મતિથિ ન ચાલતો, સાચે રાહે જાય;
દેશ લાભમાં સત્યથી, શત્રૂ પૂઠે ધાય. ૭.
સ્ત્રી પણ તેની સાધવી, વર વહુ શૂભ બનાવ;
સાકર દુધમાં જ્હાં મળે, નહીં કોઈની રાવ. ૮.

ભાવે જ્હાં વર વહુ મળે, કોઈ ખાય નહિં ભાવ;
ભાવથકી લાભો લિયે, સુખના ઝાઝા લાવ. ૯.
એક સમે ધીરો ગયો, શત્રુગામમોઝાર;
કરી પરાક્રમ આકરૂં, મૃત્યૂ પામ્યો સાર. ૧૦.
કામરૂ ગામ ગરાસિયો, કામસંગ કેવાય;
જુલમ જુલમ તે ગામમાં, પાપ ઘણેરાં થાય. ૧૧.
લેવા લ્હેણૂં કામરૂ, ગયો ધીર એકવાર;
ચરચા જોઈ કામની, મન ઉપન્યો બહુ ખાર. ૧૨.
કામસંગ કાળૂં કરે, સર્વ ગામમાં કામ;
કામકાજમાં ચિત્ત નહિં, નહિં નીતી નહિં રામ. ૧૩.
ઠામ ઠામ રતિ કામ છે, નહિં કંઇ વિદ્યાભ્યાસ;
બાપ રળ્યૂં બહુ વાવરે, નહિં રળવાની આસ. ૧૪.
જખાપ તો દેએ નહીં, દેણદારની દાર;
ઘરમાં રમતી જાડું તે, અભિમાની તે ઠાર. ૧૫.
દેણદાર જે બ્હાર તે, કરતો રંડીબાજિ;
પરાક્રમી પરઘેર પણ, ઘરમાં ઢોઓ પાજિ. ૧૬.
ઘર ઢંગો જોતાં નરસ, લાવે નહિ કંઇ વેર;
હૂં ત્યાં તે અહિં હોયરે, નહીં રીસ વહુવેર. ૧૭.
દેવાં દેવા વાયદા, દેવોના સમ ખાય;
નહિં રળવાની રીત જ્હાં, ત્યાં અધરમ બહુ થાય. ૧૮.
ધીરમંનમાં રિસ વસી, થયો આકળો જાણ;
નક્કિ કરચૂં ખુનિ મારવા, છેક કાડવા ઘાણ. ૧૯.
કામસંગ પાસેં ગયો, રૂપાળા દેસાઇ;
કરજ અપાવો માહરૂં, બોલ્યા ધીરાભાઇ. ૨૦.

કામસંગ રતિસંગ બહુ, માતો મ્હાલે રંગ;
અફિણ કસુંબા ઝૂમમાં, સુધ બુધનો ભંગ. ૨૧.
કામસંગ કહે ધીરને, જા જા અહિંથી પાપ;
ધીરો કેહ સુધ રાખ કંઇ, ચિતમાં કંઇ સત થાપ. ૨૨.
તો પણ ના માને ભુંડો, કામ પાપ સરદાર;
ક્રોધ કરીને ઊઠિયો, કસ્યા તીરના માર. ૨૩.
કપટ મોહ મદ ધીરનો, પકડે જોરે તોટ;
બહુ તીણાં કહું શસ્ત્રથી, કામ મારતો ચોટ. ૨૪.
એ ખુબ જબરા મારથી, કંઇ ન ધીરને થાય;
સ્થીર મંન છે જેહનું, ગૂણ હરીના ગાય. ૨૫.
ભણે નીતિની વારતા, બ્રહ્મ નામ મહિમાય;
ઉપદેશો વિદ્યાતણા, કીધા વિધ વિધ ત્હાંય. ૨૬.
એક વર્ષ તો વહિ ગયૂં, કોઇ ખાય નહિ હાર;
પણ અંદરથી ધીરના, થાતા જયજયકાર. ૨૭.
કામ ઘણો નબળો થયો, જોર ગયૂં વિખરાઇ;
થઇ તાબે તે બોલિયો, ધીર દાસ હૂં ભાઇ. ૨૮.
ઓચીતૂં એવે સમે, થયૂં ધીરનૂં મોત;
બંધ થયો સૂબોધ પણ, કામેં ખોયૂં પોત. ૨૯.
ધીરકાળને સાંભળી, મંન ગામ દલગીર;
ઘેર ઘેર શોકો થયા, ધીરકાળ તો તીર. ૩૦.
પ્રિય પતિ મૃત્યૂ સાંભળી, થઈ ગાભરી નાર;
પ્રાણનાથ પિયુ આવતી, બોલી બહુ તે વાર. ૩૧.
શોક ઘણો કરતી અને, મનમાં બહુ મૂંઝાય;
(પણ) છાતી માથાં કૂટવા, ગાંડી તે નવ થાય. ૩૨.

ખોળે રમતા પુત્રને, નીહાળી તે જોય;
બેટા બેઠું આપણું, ઘર કહિ ડગડગ રોય. ૩૩.
સાહસ બોલ્યો ભાભિ રે, નહીં લગાડો વાર;
ઝટ ઝટ ઝટ ઊઠો વળી, સતિ થાવા તૈયાર. ૩૪.
વર વિરહે તે ગદગદિત, બોલી અબળા નાર;
ક્ષમા કરો ઓ જેઠજી, દીલે દુઃખ અપાર. ૩૫.
નથીજ આજ્ઞા સ્વામિની, સતિ થાવાની લેશ;
નિજ હત્યાનો દોષ છે, બોલ્યા રૂડે વેશ. ૩૬.
માટે હૂં નહિં બળું અરે, માનો શાણા જેઠ;
રઝળી રડિ મરસે વળી, મારૂં વાલૂં પેટ. ૩૭.
સાહસ કપટે બોલિને, સમઝાવે બહુ પેર;
(પણ) ધીરથકી ભણિ ભારજા, તેમાં નહિ કંઇ ફેર. ૩૮.
ધીર માનિતો સર્વનો, તેની રૂડી નાર;
હઠ લઇને બેઠી બહૂ, ઈશ્વરનો આધાર. ૩૯.
લોક વળૂં જોઈ કરી, સાહસ બેઠો ચૂપ;
પણ મનમાં કીનો ઘણો, રાખ્યો તેણે ગૂપ. ૪૦.
ધીરપત્નિ ડાહી ખરી, દીલાસો દિલ દીધ;
પુત્ર પાળતી પ્રેમથી, ઘર સંભાળી લીધ. ૪૧.
વિરહ તીર વાગ્યૂં હતૂં, તેથી પીડ અપાર;
હૈયાશોકે નાર તે, નબળી થઇ બહુ ધાર. ૪૨.
ગ્રેહ બળતૂં વધતૂં ગયૂં, સાહસ રૂઠયો જેમ;
ચિંતાતુર થઇ બાપડી, નહીં કોઈનો પ્રેમ. ૪૩.
હસકે તસકે જેઠ તે, મેણાં મારે રોજ;
નિંદે ભાભી ભતરિજો, નહિં શાણાનો બોજ. ૪૪

સર્વે તરફની વેદના, પણ ન જણાવે બ્હાર;
આખર વિધવા બાપડી, પડી ખઇમોંઝાર. ૪૫.
હરી ભરૂંસો રાખતી, નીતી પાળે રોજ;
હરીથકી સહુ સૂખ છે, દુખમાં માણે મોજ. ૪૬.
વર્ષ પાંચ ગુજરી ગયાં, પછિ તો તે ગભરાઇ;
મોતે તેડૂં મોકલ્યૂં, ચલ ચલ વેલી બાઇ. ૪૭.
સાત વર્ષનો છોકરો, લીધો ખોળામાંહ્ય;
ગદગદિત કંઠે ભણી, શીખામણ તે તાંહ્ય. ૪૮.
એ હાલતમાં કંઠ તો, રૂંધાયો બહુ ધાર;
આંખ મિંચાઈ તે સમે, શબ થઇ રહિ તે નાર. ૪૯.
શ્રીફળ નામે દીકરો, ટક ટક જોતો જેહ;
ચીસ દારમી પાડિને, જી જી બોલ્યો તેહ. ૫૦.
ઓ મા જી જી બોલની, કેમ થઇ ગઇ આમ;
આંખો તેં કાં મીચિ બા, ઉઠની કરની કામ. ૫૧.
ધણિ ઢંઢોળી પણ નહીં, જાગી તેની માત;
પછિ રડતો રડતો ગયો, માઠી તેની વાત. ૫૨.
શ્રીફળ જઇ સાહસકને, બોલ્યો તેપ્રતિ એમ;
મા તો કંઇ વદતી નથી, બેઠી નિરબળ કેમ.? ૫૩.
ધમકાવી હાંકી અને, બોલ્યો નરસાં વેણ;
હાહૂકાકે સાહસે, ભર્યાં વેરથી નેણ. ૫૪.
પણ પછિ જોવા ચાલિયો, લોકલાજથી જાણ;
ભાભી મુઇ દીઠી ખરી, મનમાં મગન માન. ૫૫.
ક્રિયા સર્વ કરતો અને, મુકતો પોકે પોક;
બ્હારથકી પાળે ઘણો, ભોજાઈનો શોક. ૫૬.

શ્રીફળની બરદાસ્તની, કરવા માંડી ખોજ;
સરવ તરફથી ચેનમાં, રાખે તેને રોજ. ૫૭.
કરે જતન સાહસ ઘણું, જસનો લાવો લેઅ;
પણ અંદરથી ખૂનિ તે, વિપરિત કરતો તેહ. ૫૮.
એક સમે વીચારતો, સાહસ ભૂંડો પાપ;
ઘડૂં ઘાટ શ્રીફળતણો, લઊં વારસો આપ. ૫૯.
ભાદરવે ઘન ગાજતો, રાતંધારી કીલ;
વીજતણા ચમકાર તે, ધ્રૂજાવે દૃઢ દીલ. ૬૦.
મધ રાતે ઊઠી ગયો, ભતરીજાની પાસ;
ઉઠ ઉઠ બેટા બાપુ તૂં, જોવા જૈયે રાસ. ૬૧.
તેલ કસુંબા દૂધનૂં, ખૂબ કરાવ્યૂં પાન;
ગાલે બોકી દીધિ ને, ખવરાવ્યાં વળિ પાન. ૬૨.
જમણી કેડે છોકરો, ડાબી કેડેં શસ્ત્ર;
એમ તબેલે તે ગયો, પેરી સાદાં વસ્ત્ર. ૬૩.
બંને બેઠા ઘોડિયે, ચાલ્યા વગડામાંહ્ય;
ગાઉ ઉપર વડ થડ તળે, ઉતર્યા બેજણ તાંહ્ય. ૬૪.
અં અં કરતો અદમુઓ, સૂવાડ્યો શ્રીફળ;
વળતી કાઢી કાળિ તે, કરતી ઝટ ઝળળળ. ૬૫.
દૂપટ્ટે મુખ ઢાંકિઉં, કાપી ગરદન પ્હેલ;
અંગ અંગ જૂદાં કર્યાં, ખૂનીને સહુ સેલ. ૬૬.
નાક કાન ને આંખના, ચૂરે ચૂરા કીધ;
મોટાં હાડ શરીરને, તેણે વેરી દીધ. ૬૭.
મેઘ જળે ધોયાં વળી, ખુની દેહ ને શસ્ત્ર;
ફાડી ફેંકી ચોતરફ, દીધાં સઘળાં વસ્ત્ર. ૬૮.

કરી કરમ પાછી વળી, હીણી સાહસદેહ.
ઘોડીપર થૈ સ્વાર ને, ઘેર આવી ઝટ તેહ. ૬૯.
ઘેર આવી સૂતો ખરો, આંખે ઊંઘ ન હોય;
જાણીતો જાગે નહીં, ઘોરે બમણૂં કોય. ૭૦.
પ્રાત સમે સાહસતણી, રૂડી ધર્મી નાર;
અળગી હૂતી જે વળી, આવી તે તે ઠાર. ૭૧.
પતી જગાડ્યો પ્રેમથી, પૂછે ભોળી નાર;
શ્રીફળ બેટો કહાં ગયો, હૈં બોલ્યો ગૂમાર. ૭૨.
બની બાવરો શોધતો, ધમકાવે બહુ પેર;
છૈયાં વ્હાલાં ચાકરો, ધમ ધમ કીધૂં ઘેર. ૭૩.
મ્હેલ્લા ચકલાના મળ્યા, થયો ગામ હોકાર;
શ્રીફળ ગેબ થયો ક્યમે, પૂછપાછ નહિં પાર. ૭૪.
નવ લાગ્યૂં એંધાણ કંઈ, તારે વિપરિત વાત;
કીધી ખૂની સાહસે, કરવા બીજી ઘાત. ૭૫.
ચાકર ચંચળ એક પર, તેણે મૂકયૂં આળ;
શ્રીફળ પુત્ર તું લાવરે, નહિં મૂકૂં તુજ ખ્યાલ. ૭૬.
સાહસ બોલ્યૂં સાંભળી, ઉલટ્યા સઘળા લોક;
ચાકરને ખુબ મારિયો, મારઠોકનો થોક. ૭૭.
આખર શોધ કરી ઘણી, પણ લાગી નહિં ભાળ;
ચાકર મસ્તક છેદિયૂં, દઇને દસ વિસ ગાળ. ૭૮.
ગામ વિષે કલપાંતનો, નવ આંવે કંઇ પાર;
નસંતાન ગયું ધીરનૂં, ત્રાહ્ય ત્રાહ્ય જન ધાર. ૭૯.
ઘેર ઘેર શોકો થયા, હાય હાય શો કેર;
નર નારી બાળક ભણે, હાય હાયરે વેર. ૮૦.

છાતી ધબ ધબ ચાલતી, દડ દડ આંસૂ જાય;
અહ અહ બોલે મૂખડૂં, ગાત્ર શિથલ સહુ થાય. ૮૧.
કામ કાજ તો બંધ ને, સહૂ બાવરાં જોય;
ગામ વિષે હડતાલ ને, હસ્તૂં નહિરે કોય. ૮૨.
તડકા પીળા લાગતા, શોક શોક સહુ ઠામ;
ઝાડ જનાવર તો દિસે, શોકાતુર ઓ રામ. ૮૩.
મંદ ઉદાસી દીસતાં, નહીં અંગમાં જોર;
પળે પળે તે હબકતાં, શોક તણો બહુ શોર. ૮૪.
આ ટાણે તે ગામમાં, શોકનારિનૂં રૂપ;
સર્વે નિરખ્યૂં ભારિ ને, બેઠા તજિ મદ ચૂપ. ૮૫.
સહુ લોકો શોકો કરે, શ્રીફળને બહુ રોય;
સાહસપત્ની સાધવી, તેને મૂર્છા હોય. ૮૬.
તે કાકી શ્રીફળ પ્રતી, રાખી અદકો પ્રેમ;
પેટપુત્રસમ પાળતી, રાચે ઈશ્વર જેમ. ૮૭.
થઇ નિરાશ તે બાપડી, મનમાં દુઃખી જાણ;
બાળક રોતાં રાખિયાં, નિજ મનમાં મોકાણ. ૮૮.
સાહસડો ખૂની કરે, આક્રંદ બહુ પેર;
શ્રીફળનૂં નહિં કર્મનૂં, જેથી બાળક ઠેર. ૮૯.
કૂટી માથાં છાતી બહુ, દેખાડે તે શોક;
મૂકે પોક પછાડિ શિરા, પાડે આંસૂં થોક. ૯૦.
કંઈ સમાવી શોક ને, વિધ વિધ ક્રીયા કીધ;
શ્રાદ્ધ શુદ્ધ થઇ બહુ કર્યાં, દાન ગરિબને દીધ. ૯૧.
તેર દિવસ તો વહિ ગયા, ધીરવારસો લીધ;
ધન ઘર ચાકર સર્વ તે, નીજ કબજમાં કીધ. ૯૨.

પણ મનમાં સાહસ ખુની, દુઃખી અપરમપાર;
ઘાણ વાળિ કરિ હાણ ને, તે સુળ સાલે યાર. ૯૩.
કામ કાજ બહુ ભાતનાં, સાહસ કરતો તોય;
ચિત્ત ન લાગે કોઇમાં, પસ્તાઈ તે રોય. ૯૪.
ડગલે ડગલે જગ જગે, કામ કામમાં ધાર;
પળે પળે તે નિરખતો, શ્રીફળનો આકાર. ૯૫.
ઊંઘે નહિં રાતે કંઈ, ઝબ ઝબકીને જોય;
શ્રીફળમૃત્યુ અકાળ તે, કાકા કરતું હોય. ૯૬
વર્ષી વાળ્યૂં તેહનું, કરી શ્રાદ્ધ જે દિન્ન;
સાણૂં રાતે લાધિયું, તેથી તે અતિ ખિન્ન. ૯૭.
તે દાડો તે રાત પણ, ચંદ ઝગારે જાય;
સાણે ગાજે ઘોર ઘન, વીજ ચમક બહુ થાય. ૯૮.
પ્યાલૂં પાયૂં ઝેરનું, કેડે જેને લીધ;
ઘોડી ઊપર બેસિને, એડી જબ્બર દીધ. ૯૯.
વડ હેઠે સૂવાડિને, કાપ્યું કુમળૂં શીશ;
તે સહુ કર્મો વસ્તુઓ, શિશુની હળવી ચીસ. ૧૦૦.
એ સઘળૂં સાણે જુએ, નહીં ભૂલ સાક્ષાત;
ભાષણ ક્રોધી સાંભળે, સાલે તેને ઘાત. ૧૦૧.
ઘોડી બોલી શેઠ હિણ, ભોળી હૂં ભરમાઇ;
પાપી સાધન સાક્ષિ થઇ, ચાંપૂં તૂંને આંહિ. ૧૦૨.
વડ બોલ્યો ચંડાળરે, શૂં મેં ગૂન્હો કીધ;
ભ્રષ્ટ તેં કીધો કહી, થડમાં વીટી લીધ. ૧૦૩.
ચાકર બોલ્યો મૂઢ હે, ખડગે કાપૂં શીર;
વડે ટાંગું હૂં પ્રેમથી, ભોકૂં આ સહુ તીર. ૧૦૪.

જમદૂતો શસ્ત્રે ભસ્યા, દાંત પીસિ રિસ ભેર;
નીજ ભયાંનક રૂપથી, બિવડાવે બહુ પેર. ૧૦૫.
ભાઈ ભોજાઈ વળી, તે પણ ખૂણે દીઠ;
તે તો બોલ્યાં ધિઃક છે, દગો દીધ તેં પીઠ. ૧૦૬.
સર્વે જોઈને બીકથી, નીચે જોયે જેમ;
કાકા ઠિક કર્યું બોલતો, બાળક દીઠો તેમ. ૧૦૭.
ચીસ આકરી પાડિને, પડ્યો ચતો તે પાટ;
શ્રીફળ બેટા ખૂનિ હૂં, મુઓ પછાડ્યો ખાટ. ૧૦૮.
વળિ પાછો જાગ્યો કંઈ, જુએ તો ચોપાસ;
ઘોડિ પગે બંધાયલો, ઘસડાએ નીરાસ. ૧૦૯.
તે ઘોડી વડ થડકને, લઈ ગઈ તે વાર;
પગ ઉંચકીને છાતી પર, મૂક્યો તેણે ધાર. ૧૧૦.
મસ્તક ચાકર છેદતો, જોએ તે જે વાર;
ચીસ પાડિને તે મુઓ, લેવાયો રે ખાર. ૧૧૧.
એ રીતે સાહસ મુઓ, ભૂંડૂ મૃત્યૂ કેહ;
કિધાં કરમ તે ભોગવ્યાં, ભોગવસે હજિ તેહ. ૧૧૨.
આ ભવ પામ્યો દુઃખ ને, નરકે ખાસે નર્ક;
શિક્ષા બીજિ બિહામણી, ભોગવશે અધગર્ક. ૧૧૩.
અકસ્માત મરવૂં ભલૂં, સાહસ રીબાયોજ;
ચાર પાસ ભય પામતો, જોતો જમની ફોજ. ૧૧૪.
સાહસ પાપી જીવનો, ઘડ્યો પ્રભૂએ ઘાટ;
પડે ખણે જે ફ્હેસ઼ તે, ભૂલે જન સત વાટ. ૧૧૫.
વગર વિચારચૂં આદરે, ખોટી લતમાં હોય;
નિજ પર હાની જે કરે, પાછળથી તે રોય. ૧૧૬.

લોભ વિષે લેવાઇને, સૂખ હોરવાકાજ;
ઘડે ઘાટ અઘટિત સહૂ, તેમાં ખોયે લાજ. ૧૧૭.
આ ઊપર ખુબ મનન સહુ, કરસે જે સજ્જંન;
ધીર થઈ વીચારસે, સાચી બુદ્ધી મંન. ૧૧૮.
કામ ક્રોધ ને લોભ મદ, મોહ મત્સર તજિ દેઅ;
ક્ષમા દયા ઔદાર્ય ને, સદગુણ સહુ સજિ લેઅ. ૧૧૯.
સન અઢાર અઠ્ઠાવને, નોવેંબર પચ્ચીસ;
પૂરી કીધી વારતા, જય જય જય જગદીશ. ૧૨૦.
ઋગ્વેદી દ્વીવેદિ ને, નરમદશંકર નામ;
કરી કવીતા વર્ષ ત્રણ, જય બ્રહ્મ સત નામ. ૧૨૧.
સન અઢાર પંચાવને, સપ્તમ્બર આખરે;
રુચી કરી કવિતાભણી, ભણી કરી નહિ છરે. ૧૨૨.
વડનગરો નાગર છઊં, સર્વ કવીનો દાસ;
વિરસ વિકટ મુજ કવન છે, ગ્રીષ્મતણૂં તે ઘાસ. ૧૨૩.
સૂરત જન્મભૂમિ પણ, છૂં મુંબઇમાં હાલ;
વ્યગ્ર ચિત્તથી કાવ્ય કિધ, તેથી તે બેહાલ. ૧૨૪.
માટે સહુ જન કરિ ખમા, લેજો કંઇ પણ સાર;
પણ હમણા તો બ્રહ્મનો, બોલો જેજેકાર. ૧૨૫.

વચન પાળવાવિષે.

(પદ—રાગ કહારવો.)

હરિ બેવચની નહિ થાઊંજી; નહિ થાઊંજી નહિ થાઊં-
જી-હરિ બેવચની૰ ટેક. ભગતીથી ગાવા ગૂણ ઘણાં તુજ,

બ્હીકે નહિં ભૂલીજાઊંજી—હરિ૦ ૧. ધાર્યું સૂખ તે કદી ન મળે ને, દુખ પડે તોયે ગાઊંજી—હરિ૦ ૨. વચનજ આપ્યું નીતિ પાળવે, ભક્તરેવા તે નિત સાઊંજી—હરિ૦ ૩. કહુંછું નર્મદા ગરવી નથી પણ, પણ મુકતાં મરીજાઊંજી—હરિ૦ ૪.

તજવીજથી સંકટમાંથી નિકળીઆવવા વિષે.

(દોહરા.)

મહારેલની તાણમાં, ગયો તણાઈ છેક;
તરતાં પૂરૂં ન આવડે, તારે શો રહે ટેક—૧.
પ્હેલુંજ તરતાં શીખતાં, સમજ્યો શીખ્યો સર્વ;
હામ ભિડી બહુ દૂર તૂં, ગયો ધરી મન ગર્વ—૨.
જતામાંજ થાકી ગયો, આવ્વાની શી વાત;
આવ્વૂં છે અઘરૂં ઘણૂં, થઈ અંધારી રાત—૩.
હાર કાપિ આવ્વૂં ઘણૂં, સાચવિ વંમળ રેળ;
થાકેલેજ શરીરથી, અઘરૂં છે નથિ ટોળ—૪.
ગભરાયો દીસે ઘણો, ડુબવા ઊપર જાણ;
જો મુજ કહ્યું માને નહીં, નક્કી થાશે હાણ—૫.
જોઈ હૂં ડુબતો તને, તૂં જે તે રીબાય;
કહૂં સાનમાં દૂરથી, રામબાણ ઉપાય—૬.
ઉપાય જે હૂં બોલું છૂં, તે અનુભવના જાણ;
સૂખી થાવૂં હોય તો, દેજે આદરમાન—૭.
ધીરો થઇજા સામટો, ખા ખા બહુ ખામોશ;
મનમાં અજવાળૂં કરી, ઓછો કર તુજ જોશ—૮.

છેક હારની સન્મુખે, આવૂવૂં છોડી દેઅ
અડકતરાતો થઇ જઈ, ખૂબજ ન્હાતો રેહ—૯.
વળિ હૈડાંનો હાર જે, લટકી ઝુંચવી દેઅ;
ફરી ચોવડો પીઠસૂં, રમતો રાખી રેહ—૧૦.
એમ કરે સુખ ઓછૂં નહિં, ઉલટૂં વધતૂં થાય;
વળિ ઈશ્વરની મ્હેરથી, કાંઠે તથી અવાય—૧૧.

વાયવ્ય પ્રાંતમાં પડેલા દુકાળસંબંધી મુંબઈના લોકને વિનંતિ.

(દોહરા.)

ધરમ ધુરંધર સકલ જન, ભિડભંજન શ્રીમાન;
કલકલતાં મરનારને, આપો જીવતદાન. ૧.
ઉત્તર પશ્ચિમ મુલખપર, રૂઠ્યું છે અસમાન;
જુલમ જુલમ વરસી રહ્યો, આપો જીવતદાન. ૨.
તીસ લાખ ભૂખે મરે, સુવું શૂં સુણિને કાન;
ધિઃક થવૂં સઠ જિવ છતે, આપો જીવતદાન. ૩.
બાપો વેંચે છોકરાં, ના દેખાયે નાન;
માણસનાંસ ખપે ઘણૂં, આપો જીવતદાન. ૪.
થાયે નાસાનાસ ને, જાયે જનના જાન;
દીનહીનને જોઈને, આપો જીવતદાન. ૫.
અબળા બાળક ટળવળે, કપાય તે બેભાન;
દયાળુ સરવે સેઠિયા, આપો જીવતદાન. ૬.
અંગ્રેજો નહિં જાત પણ, દે દખણા મુકિ માન;
દેશ જાત છે આપણાં, આપો જીવતદાન. ૭.

ભરતામાં ભરતો રખે, એમ કહે ભગવાન;
અરજુન દેજે પિડિતને, આપો જીવતદાન. ૮.
રીબાતાં ખાતાં કરો, દાન ન દયા સમાન;
ચડતિ પડતિ સહુની ખરી, આપો જીવતદાન. ૯.
ઈશ્વર તમતણિ આ સમે, સમજો ચતુર સુજાન;
કુસી જુવે ઉદારતા, આપો જીવતદાન. ૧૦.
જાત જાત ને દેશનૂં, ધરમી શુભ અભિમાન;
રાખો તો ઉમંગથી, આપો જીવતદાન. ૧૧.
ઉગારવા મરતાં ભુખે, કરો રંક સનમાન;
આવી આજ સભા વિશે, આપો જીવતદાન. ૧૨.
નર્મદશંકર ફરિ કહે, અરજી ધરવી કાન;
લેખણ નવ અચકાવવી, આપો જીવતદાન. ૧૩.*

---

*આ અરજી ડાકટર ભાઉ દાજીની વિનંતિ ઉપરથી તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૬૧ એ બનાવી આપવામાં આવી હતી.

ગ્રંથ ૧ લો.—સમાપ્ત.